# ગોમતી તારાં નિર્મળ નીર

( આતંકવાદ ઉપર સૌપ્રથમ નવલકથા )

લેખક :

હર્ષદ જોષી 'ઉપહાર'

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

Book's name in English :
*TARASYA CHAHERA*
*By*
*HARSHAD JOSHI 'HPHAR'*

© નિલેશ જોષી
મુ. વ્યાસ વાસણા,
તા. કપડવંજ, જી. ખેડા

બીજી આવૃત્તિ - ૨૦૦૭
પ્રત - ૧૦૦૦
મૂલ્ય રૂ. ૬૫-૦૦

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

(સર્વ હક્ક લેખકને સ્વાધીન)

# અર્પણ



**ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ**

**ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ**

# બે બોલ

'પાવાના સૂર' કાવ્ય સંગ્રહ અને જય વહાણવટી પુસ્તકના સર્જન બાદ મેં ટુંકી વાર્તાઓ લખવાનું ચાલુ હતું ત્યાં ભાઈશ્રી ગીરીશ જોષીએ અને 'સંયોગ'ના તંત્રીશ્રી અનિલ ભટ્ટની સદ્‌ભાવનાથી પ્રેરાઈ મેં આ ધારાવાહીક નવલકથા હપ્તાવાર આપવાનું યોગ્ય ગણ્યું.

આ દિવલોમાં ખેડા જિલ્લા યુવા કોંગ્રેસની પ્રવૃત્તિમાં સક્રિય હોવાથી સ્વ. રાજીવ ગાંધીએ પોરબંદરના કાર્યક્રમની ગૃપ મિટીંગમાં અને દેશપ્રેમ ઉપર લખવાનું સૂચન કર્યું તે સ્વીકાર્યું.

આતંકવાદ ભ્રષ્ટાચાર દેશના આંતરિક દુશ્મનો સામે લડતાં લડતાં અચાનક એક સવારે સ્વ. રાજીવ ગાંધીના અવસાનના દુઃખદ સમાચાર સાંભળી પછી હૈયું રડી ઉઠ્યું. આવાશ્રી સ્વ. રાજીવજીનું વ્યક્તિત્વ મને આકર્ષિ ગયું.

પરિણામે આ નવલકથામાં મયૂરનું પાત્ર સર્જાઈ ગયું અને આતંકવાદીઓની સામે લડતાં લડતાં મયુરની હત્યાનું પ્રકરણ પુરું થયું. મારી આંતરઅવસ્થાની સાથે વાસ્તવિક જીવનમાં નવલકથા પૂર્ણ થઈ.

આ નવલકથાની બીજી આવૃત્તિ પ્રકાશિત કરી વાચક સમક્ષ મુકનાર એમ. એમ. સાહિત્ય પ્રકાશનના શ્રી યાકુબભાઈ તેમજ શ્રી મણીભાઈ (કાસોર), મારા રાજકીય મિત્રો, સાહિત્ય મિત્રો તેમજ મારી હાઈસ્કૂલના સ્ટાફના મિત્રોનો હું આભારી છું. હું મારા વાચકોના પત્રોને અચૂક ઉત્તર આપું છું.

શ્રી અરવિંદો પૂ. માતાજીનો
આભારી છું.

**હર્ષદ જોષી 'ઉપહાર'**
**વ્યાસવાસણા, તા. કપડવંજ**

# ૧

વૈશાખી પુનમની મધ્યરાત્રી ગોમતીનાં શાંત નિર્મળ નીરમાં ચાંદની વરસાવી રહી હતી. હજારોનો માનવ મહેરામણ રણછોડજી મંદિરની ચોપાસના રસ્તાઓ પર હિલ્લોળા લઈ રહ્યો હતો. અસંખ્ય ભક્તવૃન્દોના ભાવભર્યા ભજનો સંગીતના તાલબદ્ધ સુરો સાથે અહલેક જગાવી રહ્યા હતાં. ભાવાવેખમાં કોઈ નાચતાં કુદતા ગુલાલ ઉછળતા ભજનની હેવીઓ વરસાવી રહ્યા હતા. અસંખ્ય યુવાન - યુવતીઓ યૌવનના પુરમાં તરબોરે તારા મંત્રક રચી રહ્યાં હતાં. કોઈ કોઈ એક બીજાને ધક્કે ચઢાવી આહવાન આપી ચાલી જતા હતાં. સાવ અજાણી આંખો અજાણ્યાં હૈયાં મળી જતાં અન્યોન્યમાં ઓતપ્રોત થવા.... ચાલ્યા જતાં હતાં. માનવ મહેરામણથી દુર એક માત્ર ઈશારે... એકાંતની શોધમાં....... સહવાસની શોધમાં કોઈ જાણે કેમ ? છુપાતી હશે એ યૌવનની પ્યાસ .... ? જન્મતી હશે સ્નેહની સરવાણી..... સંતોષાતી હશે એ વાસનાની વંદપરનો હવિ રામ જાણે ? શું થતું હશે અજાણ્યા.... તરસી આંખોનું સ્નેહના સરકતાં ટપ ટપ આંસુનું ?

મંદિર બહાર શાંત ધવલ વર્ષોના સાક્ષી સામા ઉભા હિરબાઈ ટાવરમાં બારના ટકોરા સંભળાઈ રહ્યા છે. નીચે રચાયેલ શહીદ સ્મારક પર પટેલ વિડિયોની તાજી ફિલ્મ 'યુધ્ધ'નું જાહેરાત બોર્ડ લટકી રહ્યું





છે. બાજુમાં ઉભેલી સોડાની લારીએ બાટલીઓ ફૂટવાનો અવાજ આવી રહ્યો છે. ત્યાં એક અજાણ્યો એક યુવક સીગારેટની ધ્રુમશેર છોડતો દુર દુર કોઈની રાહ જોતો નિશ્વાસ નાખતો ચિંતિત ઉભો છે. તેણે લાઈટ બ્લ્યું વિમલની સફારી પહેરી છે. ગળામાં રેશમી મફલર જૂઈ ફુલોને શોભાવી રહ્યું છે. વારે વારે વાંકળીયા વાળોમાં બન્ને હાથના આંગળા પ્રસારતો સીગારેટને મધ્યમાં અને અંગુઠાથી પકડીને ફુંકતો... જોરથી કસ ખેંચતો.... ક્યારેક મંદિર તરફની ખીચો ખીચ માનવમેદની તરફ તો વળી ક્યારેક કંકુ દરવાજા તરફ તો વળી ક્યારેક બસ સ્ટેન્ડ તરફથી આવતા રસ્તા તરફ ચકળવકળ જોઈ રહ્યો છે. થોડી થોડી વારે એક્સનના વાઈટ બુટમાંનો પંજો ઉંચકીને પછાડી રહ્યો છે. યુવાનને તાકીને જોઈ રહેલો સોડાવાળો બોલી ઉઠ્યો સાહેબ..... સોડા આપું ?

ઓકે.... લાવ... જીરૂ નાખજે, મીઠું કમ... સમજ્યો ?

હા..... સાહેબ.....

અને તે યુવાન એકી શ્વાસે સોડા પી રહ્યો છે ત્યાં હિરબાઈ ટાવરની સામેથી આવતી નાજુક નમણી.... વાંકળીયા બફ વાળવાળી ગોરી ગોરી યુવતી તરફ અસંખ્ય લોકોની નજર મંડાઈ રહી છે. યુવતી આવીને યુવાનના જુઈભર્યા રેશમી દુપટ્ટાને ખેંચી બોલી ઉઠી....

હાય.... મયુર.... ખરા છો તમે, કયાં કયાં શોધી વળી તમને. કયાં ગાયત્રી મંદિર, કયાં સત્યનારાયણ મંદિર.... લક્ષ્મીજી મંદિર, બાપરે.... આટલી બધી પબ્લીકમાં ગોમતીઘાટેથી અહિં આવતાં આવતાં મારો દમ નીકળી ગયો... ધક્કા ખાઈ ખાઈને... ભૂખ્યા વરૂ

જેવી તાક્યા કરતી ટગર ટગર નજરોથી હોસ ઉડી ગયા, મારા.... સાલ્લા....

ખેર માધવી... તુ કયાં સાલ્લી ઓછી છે. અને મયુરે માધવીના ગોરા ગાલ પર હળવી ટપલી મારતાં ખડખડાટ હસી પડ્યો ને કહેવા લાગ્યો, હોય ! મેળો છે ને ? મેળો એટલે મુક્તતા. મુક્ત સહવાસ.... કેમ.... ખરું ને..... ?

માધવીની નજર સોડાવાળ તરફ પડી.... ચોરીછુપીથી નજર મળી જતાં તે જંખવાઈ ગયો... ને તેના હોઠ પર આછું હાસ્ય... પ્રસરી ગયું. તેણે કહ્યું.

"ખરૂં છે હાં... કયાં કોઈ છે. ન જા... ન પહેચાન... દીલ દોલતની મહેફીલ જામે છે સાહેબ અહીં... આ તો પંખીનો માળો છે, મેળો આજે મળે અને કાલે વિખરાય જાય... ઉડી જાય... પોતપોતાને દેશ જાય. મયુર સોડાવાળા સામું જોઈને મરક મરક હસતાં કહી રહ્યો... કાકા પંખીડા લઈ જાય મઝાના ખાટા મીઠાં સંભારણા, મીલનની યાદ.... વિરહનાં આંસુ....

ચાલ.... ! મયુર... તું પાછો કયાં.... ? માધવી મયુરનો હાથ પકડીને ચાલવા લાગી. મયુર પાછુ વળીને સોડાવાળા કાકા સામે હાથ ઉંચો કરીને "આવજો" કહેવા લાગ્યો.

મયુર અને માધવી ગાયકવાડ હવેલી તરફ આગળ વધવા લાગ્યા. હિરાબાઈ ટાવરથી મંદિરનો માર્ગ વટાવવા કોશિષ કરી પરંતુ વ્યર્થ. કોઈ જ ઉપાય નહોતો સુઝતો. થોડા આગળ વધે ને પાછો





ટોળાનો એક ધક્કો આવે ને પાછાં આવી જાય. સોડાવાળાએ બુમ મારી. એ ભાઈ ! પાસે પગથિયા પર થઈને ગંગાબાઈની વાડીવાળા સ્થળેથી બરાબર ગાયકવાડ હવેલી તરફ જતાં રહેશો.

મયુરે હસતાં હસતાં સોડાવાળા તરફ જોઈને કહ્યું... અરે... તને શી ખબર ? અમારે ગાયકવાડની હવેલી તરફ જવું છે ?

સોડાવાળો થોડો ઝંખવાણો પડીને મૂંઝાવા લાગ્યો. માધવીએ શંકાથી ભ્રમર ઉંચી કરી તેની હળપચી તંગ થઈ...,

ત્યાં સોડાવાળાએ કહ્યું, તમે માધવી મહેતા ને... ટી.વી. સીરીયલ સમર્પણમાં તમેજ હતાં ને ? ઓહ ! બાપરે....

'સમર્પણ' શબ્દ સાંભળતાં માધવીના હોઠ પર હાસ્યની લકીર ખેંચાઈ ગઈ. આંખોમાં સ્નેહની ઝલક પ્રસરી ગઈ, તેણે કહ્યું હા ..! પણ તમે...

કેમ નહિં... હું આજથી દશ વર્ષ પહેલાં જનકરાય મહેતાને ત્યાં રસોઈયો હતો....

તમે ખુબ નાના હતાં. બકુડાં ૭-૮ વર્ષના, મને ન ઓળખ્યો ? હું... જગો, તમારી સેન્ડવીચ... ટમેટા સુપ....

ઓહ ! જગ્ગુકાકા !... હાય તમે ! .... માધવીની આંખમાં નિર્દોષતાનો સાગર છલકાઈ ગયો. જાણે... નાનીઅમથી.... માધવી જગ્ગુકાકાનો હાથ પકડી શ્રદ્ધાસદનના બગીચામાં ફુલ છાબ લઈને ગુલાબના ફૂલો વીણવા જતી હતી. તેની છાબમાં જયપુરના મઝાના ઉછરેલા લાલ-પીળા સફેદ... મોટા મોટા ગુલાબના ફુલ જગ્ગુકાકા

વીણી વીણીને મુકતા હતા. માધવી ફુલ વીણવા ડાળખી નમાવીને જેવું ફુલ તોડવા જતી ત્યાં ગુલાબનો કાંટો વાગતાં ચીસ પાડી ઉઠતી. જગ્ગુકાકાથી કહેવાઈ જતું ઓહ !.... અને તેમના હોઠ પર માધવીના સ્નેહના બુચકાર પ્રસરી ઉઠતા.

માધવીની નજરો સમક્ષ.... જુઈ મોગરાના ફુલહાર અને મધ્યે મધ્યે ગુલાબના ફુલોની ગોઠવણી... તરવરી ઉઠી હતી. જગ્ગુકાકાએ જ તેને મોગરાની વીણી બનાવતા શીખવ્યુ હતુ... માધવીનો વીણીનો મોહ... આજે પણ તેવો જ હતો. બફવાળમા પણ... શોભી રહેલી વીણી પર સહજતાથી માધવીનો હાથ પ્રસરી ગયો... ને મયુરની અને જગ્ગુની નજર વીણી પર ગઈ... જગ્ગુકાકાથી કહેવાઈ ગયુ.





# ૨

''માધવી એ.... વીણી પરથી તને મેં ઓળખી કાઢી.... કેવી મઝાની વીણી ગુંથી છે તેં....

અરે !.... બંગલાના પ્રવેશદ્વાર પર મેં ઉછરેલી ગુલાબની પંક્તિઓમાં ફુલ ખીલતાં.... અને મ્હેંદીની હરોળથી દીપી ઉઠતી માધવી.... છે કે પછી રામ...રામ.

માધવીએ કહ્યું.... કાકા ! બધું જ તેવું છે. મેં મ્હેંદી પર મઝાની વેલી ચઢાવી છે તેને રંગબેરંગી ફુલો આવે છે. ને એટલું સરસ લાગે છે કે.... તમે આવો તો ખબર પડે....

મયુરની સુચક નજર માધવી પર પડતાં માધવીએ મયુરને કહ્યું... ઓહ ! આઈ એમ સોરી જો... આ છે જગ્ગુકાકા... મારા ઓનલી.... હી ઈઝ  માય અંકલ મયુર.... જગ્ગુકાકા....

અને માધવીએ જગ્ગુકાકાને ઓળખ આપતાં કહ્યું.... કાકા આ છે મારા ક્લાસ ફૅલો મયુર ચટોપાધ્યાય કાકા તમારાથી કંઈ છુપાવાનું હોય... કોણ જાણે કેમ હું અને મયુર એવા મિત્રો છીએ. સ્હેજ પણ છુટા પડી શકતા નથી.

પપ્પાને મેં મયુર સાથે ડાકોર જવાની રજા માગીને,... પપ્પાએ ... આપી દીધી.

જગ્ગુકાકાએ હળવેથી હસતાં કહ્યું 'માધવી તું કોણ છે ? ખબર.... જનકરાય મહેતા... ગુજરાતના પ્રખ્યાત મિલ માલિકની પુત્રી સમજી.... ?

માધવીએ એક સુસકારી હોઠ પર આંગળી મુકતાં કહ્યું બસ બસ... સ્ટોપ ઈટ નોનસેન્સ કોમેન્ટને મયુર માધવીના ચહેરા પર પ્રસરી રહેલી તંગ રેખાઓને અવલોકન કરતો કહેવા લાગ્યો.

"માધવી ચાલ આપણે જઈશું. બન્ને ચાલવા લાગ્યા." "માધવીએ હળવેથી જગ્ગુને કહ્યું "કાકા... કામ હોય તો જરૂર આવજો ને તેણે પર્સમાંથી એક કાર્ડ જગ્ગુના હાથમાં મુકી દીધું. કાર્ડ તરફ ત્રાંસી નજરે દુર ઉભેલો એક યુવાન નજર નાખી રહ્યો હતો. તેણે વાંચ્યું "માધવી મહેતા IAS પત્રકાર UNF આશ્રમ રોડ, અમદાવાદ.

ગંગાબાઈની વાડી તુલા પાસેથી ડંકનાથ મહાદેવની પાસેથી ગોમતીજીના પગથીયા પાસેથી મહા મુશ્કેલીએ ભીડમાં ધીમે ધીમે માધવી અને મયુર એકબીજાનો હાથ પકડીને આગળ વધી રહ્યાં હતાં. ઉંચા ઓટલા પર બેઠેલો વાંસડી વગાડતો અંધ યુવાનને મધુરી છેડી હતી.

"અમે રે... સુકુ રૂનું પુમડું અને અત્તર રંગીલ રસધાર, બોલી દો અમ તારે તારને કરીદો અમને માલા માલ.. અમે રે સુકુ રૂનું પુમડું." માધવી અને મયુરના કર્ણોપર સ્પર્શી રહેલી મઝાની તર્જ હૃદય સાંસરી ઉતરી ગઈ. માધવીએ મયુરના હાથને સ્હેજ દબાવ્યો. મયુરની



આંખો માધવીની આંખોને મળી અને જાણે કંઈક પામવા એકબીજાની ઉંડાઈને માપી રહી..... માધવીની નજર થોડી ક્ષણો પછી નીચી ઢળી ગઈ. મયુરની નજર ગોમતીજીના પાણીમાં સરકતી બોટ પર પડી. તેણે માધવીને કહ્યું "માધવી કેટલી મજાની બોટ છે."

'હા, માધવીના ચહેરા પર શરમના સેરડા ઉપશી રહ્યા હતા.

મયુરે માધવીની હથળી સ્હેજ દાબતાં અને પાસે ખેંચતા કહ્યું, આપણે બોટીંગ કરવા જઈશું ?

કેમ નહિ...? તું ઈચ્છે ત્યાં જઈશું આપણે ? માધવીએ હસતાં કહ્યું.

માધવી અને મયુર.... રણછોડરાય ચરણ પસાર કરીને ગાયકવાડ હવેલીના ઓવારા સુધી આવી પહોંચ્યા. ત્યાંથી તે તરફ વળીને મયુરે અને માધવીએ હવેલીમાં પ્રવેશ કર્યો. મેનેજર ઓફીસમાં પહોંચીને માધવીએ રૂમની માંગણી કરી.... મેનેજરે કહ્યું, આ તો સરકારી અધિકારીઓ માટે જ છે....

ઓહ !... આઈ એમ સોરી. 'માધવીએ તુરત જ પોતાનું ઓળખપત્ર આપ્યું. ઓળખપત્ર વાંચતાં જ મેનેજરે ઉભા થઈને કહ્યું "માફ કરજો..... હું તમોને ન ઓળખી શક્યો."

માધવીએ કહ્યું, પ્લીસ ઈટસ અ સીક્રેટ મેટર.....નો વન નો હુ એમ આઈ. અન્ડર સ્ટેન્ડ, ઓકે.... મેડમ......

મેક આઈ એમ નોટ મેડમ. આઈ એમ મીસ માધવી હી ઈઝ માય ફ્રોમોઅર્સ નોટડાઉન ઈન યોર રજીસ્ટર.....

હાંફળાં ફાંફળાં મેનેજર.... રજીસ્ટર કાઢીને નોંધ લખી. તેણે રૂમ નં. ૭ સ્પેશ્યલની ચાવી આપી. ... માધવીએ રજીસ્ટરમાં સહી કરીને મેનેજરની પાછળ રૂમ પાસે ગયા. મેનેજરને આમ જાતે જ ચાવી લઈને જતા જોઈને હવેલીના હવાલદાર અને પ્યુન તેમની પાછળ પાછળ આવવા લાગ્યા.

મેનેજરે કહ્યું, રામુ.... આ આપણા ખાસ....





# 3

મહેમાન છે. બરાબર ધ્યાન આપજે અને સાંભળ આજે હું અહિંજ રહેવાનો છું. મેનેજર સુખરામ સેવકે પોતાનો પ્રભાવ પાથરતા સ્વરમાં ગાયકવાડ હવેલીના પ્યુનને કહ્યું. પુનઃ માધવી તરફ ફરતાં મલકાતા ચહેરે કહી રહ્યો, માધવીબેન ! જુઓ આ ડાકોર છે. નોકરને બરાબરના સમજાવીએ તો પાછા રાત્રે રવાના થઈ જાય છે ખાડા તરફ. ગઈકાલની જ વાત છે. સાલ્લો ક્યાંકથી ઢીંચીને આવ્યો હતો..... તે તો મારો રણછોડજી જાણે આખી રાત આ ઓટલા ઉપર અમળાયા કર્યો. સવારે હું આવ્યો ત્યારે આખો ઓટલો ઉલ્ટી કરી કરીને ખરડી મુક્યો હતો. પુરી દશ ડોલથી ઓટલો સાફ કરાવ્યો ત્યારે.....

‘‘અફવાળાને પોલીસમાં પકડાવવા હતા ને’’ માધવીએ તીખા શ્વરે આક્રોશ રજુ કર્યો. સુખરામ ખડખડાટ હસવા લાગ્યો. તેના મુખમાં ડાબા ગલફોળામાં દબાવી રાખેલું પાન હોઠ પર આવીને ફર્શ પર ફેંકાઈ ગયું. માધવી નીકળતા પાનને જોઈને તરત જ દૂર ખસી ગઈ. પરંતુ હોઠ પરથી રંગ છંટણાનો સ્પર્શ માધવીના ચહેરા પર કે પગ પર થઈ જ ગયો હતો. સુખરામના નીચેના જડબાના પડી ગયેલા વચ્ચેના દાંતને કારણે પાન રસના લાલ રેલા ચહેરા પર પથરાઈ રહ્યા હતા. એક ક્ષણ માટે માધવીને સુખરામનો ચહેરો જોઈને સુગ જન્મી ગઈ. તે મોં મચકોડીને ક્રોધથી બબડી ઉઠી,

"ઓય ! ઓય... ભાન છે. ભેંસ વાગોળતી હોય તેમ પાન ચાવે છે, મારી સાડી બગાડી... માધવી સાડી અને ચહેરાને સાફ કરતી.... બબડતી આગળ નીકળી ગઈ. સુખારામ માધવીને કગરતો કહી રહ્યો હતો....

ઓહ આઈ..... એમ.... સોરી. માધવીબેન શું કરૂં સાલ્લું એવી ટેવ પડી ગઈ છે છુટતી જ નથી.... મારી પત્ની મને રોજ વઢે છે. માફ કરજો. હાં બહેન તમે ચિંતા ના કરતા. માધવીના અણગમાને દુર કરતા પાછી ગઈકાલની રામાયણ કહેવા જતો હતો ત્યાં જ માધવીએ ઉંચા મનથી તંગ ચહેરે વેધક આંખથી ઠારી દીધો... "જા અહીંથી ચહેરો સાફ કરીને આવ અને અમારી રૂમની ચાવી લાવ" માધવીએ કડક શબ્દોમાં કહ્યું.

"ઓહ ! બહેનજી ચાવી... તે ખીસ્સા ફંફોળવા લાગ્યો. એ લગભગ દોડતો સુખરામ તેના ટેબલની બાજુમાં લગાવેલ રૂમ નંબર સાથેના ચાવીના સ્થાનેથી રૂમની ચાવી લઈ આવી રહ્યો હતો. માધવી ગાયકવાડ હવેલીના દાદરનાં પગથિયાં ચઢી રહી હતી. તેની આગળ ગયેલો મયુર પુરા થતા દાદરની પાસે જ દિવાલમાંથી ખુલ્લી બારીમાંથી ગોમતીના નીરમાં દોડતી સ્ટીમલોંચ જોઈ રહ્યોહતો. પાછળ આવી રહેલો સુખરામ માધવીને કહી રહ્યો હતો. "જુઓ સીસ્ટર આ ડાકોર છે. ખુબ યાત્રાળુઓ આવે છે. દર્શન કરીને ખુબ મઝા માણે છે. રણછોડજી મંદિરમાં રાજભોગની પ્રસાદી લેનાર યાત્રાળુઓ પોતાની જાતને ધન્ય ધન્ય ગણે કે આજકાલ શું ભાવ વધી ગયા છે. એક લાડુ... લો પુરા પાંચ રૂપિયા અધ ધ...ધ... અને રાજભોગની થાળીની તો





વાત જ ના થાય. મારા જેવા સામાન્ય માણસનું કામ નહિં. પુરા સાતસો જેવા થાય... આતો ઠીક અહિં નોકરી કરીએ તે મારી બેન બે-ત્રણ દહાડે તમારા જેવા કોક સારા માણસ જમાડે મધ્યમ વર્ગના કુટુંબ...... કે યુગલો બ્રાંડ કે સગડીભોગની પ્રસાદી લઈને સંતોષ માણે છે.... અહિં ધર્નુ માસની ખીસડીનું ખુબ મહત્વ છે... જુઓ બેન તમારે જરૂર પડે તો મને કહેજો, બધી જ વ્યવસ્થા કરી દઈશ". જમવાનો શોખીન સુખરામ..... દીલની વાત કરતો.... ચહેરો રૂમાલથી લુછતો જાણે ખીસડીનો તાજો સ્વાદ માણ્યો હોય તેમ હોઠ પર જીભ ફેલાવતો મયુરની પાસે આવી ઉભો..... અને મયુરને કહેવા લાગ્યો.... "સાહેબ તમે કેમ કંઈ બોલતા નથી." મયુર સુખરામ તરફ જોયા વગર જ દુર દેખાતા દત્તાત્રય મંદિર તરફના ગોમતીજીના આરા તરફ જતી લોંચને જોતો કહી રહ્યો.... "સુખરામ...... તમે રૂમ ખોલો અમારે બોટીંગ કરવા જવું છે.... આ શું બકવાશ કરો છો ?" સુખરામ મયુરના પહાડી ધોધ જેવા ડરામણા ધીમા અવાજથી જ કંપવા લાગ્યો. તેને મયુર સાથે વાત કરવાની જીગર ના રહી. તેને માધવી સરળ લાગતી હતી. તે રૂમ નં. ૭ ને ખોલતો કહી રહ્યો.... "બેન તમે કેટલાં ભલાં છો. કાગડો દહીંથરું લઈ ગયો." મયુરની આંખ ખુલ્લી બારીમાંથી રેલાતી ચાંદની..... અને ગોમતીના નીરમાં પથરાતી ચાંદનીના પ્રભાવથી ભાવવિભોર બની ગઈ હતી. તેમ છતાં તેના કર્ણ પર અથડાયેલા સુખરામ શબ્દોથી મર્માળ હાસ્ય તેના હોઠ પર આવી ગયું. તેનો ચહેરો સ્હેજ ખેંચાઈ ગયો. 'માધવી....!' ઉદ્‌ગાર ધીમો નીકળી ગયો. ધીમા અવાજને સાંભળી ગયેલી માધવી

રૂમમાં પ્રવેશતાં મયુરને કહી રહી..... "હેં શું કહ્યુ ?"

મયુર..... માધવીના અવાજથી સાવચેત થઈને કહી રહ્યો હતો.... "કંઈ નહીં." અને તે રૂમ નં. ૭ પાસે આવી પહોંચ્યો. તેણે જોયું તો રૂમના બારણા ઉપર સુંદર પેઈન્ટીંગથી "રૂમ ન. ૭" લખાણ હતું. તેની નીચે V.I.P.શબ્દો લખાયેલા હતા. મયુરે બારણાની બાજુમાં રહેલા કોલબેલને દબાવ્યો.... મઝાના સંગીતની સૂરથી રૂમ ભરાઈ ગયો. રૂમમાં બે સુંદર લાકડાના દિવાન પાસ પાસમાં ગોઠવાયેલા હતા. માધવી દિવાન પાસે આવીને ઊભી હતી. દિવાન ઉપર બીછાવેલા ડનલોપના ગાદલા ઉપર બીછાવેલી આકર્ષક ગુલાબના ફુલોની ડીઝાઈનવાળી ચાદર સુંદર લાગતી હતી. પૂર્વ દિવાલ પર પૂરા કદનો ખુબ મોટો આયનો પથરાઈ ગયો હતો. મયુરની નજર આયના તરફ પડી..... તેમાં પુરો રૂમ દેખાઈ રહ્યો હતો. ઉપર તરફનું જાજરૂ અને બાથરૂમ પાસ પાસમાં હતું. દિવાનના એક છેડે સોનચંપાના ફુલો ભર્યા કવરવાળું ઓશિકું ખુબ સુંદર લાગતું હતું. ઈશાન ખૂણામાં એક ટેબલ પર ફુલદાની હતી. મયુરને મનમાં સહેજ શંકા જન્મી. આ ફુલદાની ત્યાં કેમ ? કેમ દિવાન પાસેના રાઉન્ડ ટેબલ પર નહિં. દિવાનથી ત્રણ - ચાર ફુટ દુર એક તરફ એક ટેબલ પર ફોન હતો. રાઉન્ડ ટેબલની એક તરફ ત્રણ ખુરશી ગોઠવાયેલી હતી. એક ખુરશી ત્રાંસી હતી. રૂમનું પુરું ફર્નિચર સીસમના લાકડાનું બનેલુ હતું ખુબ સુંદર નકશીકામ તેની ઉપર થયેલું હતું. ખૂબ વેધક ગતિભરી નજરથી માધવી અને મયુર રૂમનું અવલોકન કરતા સહજ રીતે ઊભાં હતાં..... પાછળ ઊભેલા સુખરામને મરક મરક હસતો માધવીએ આયનામાંથી





જોયો. સુખરામ કહી રહ્યો હતો. "સાહેબ આ આપનો રૂમ. તમો ચાહો તેટલા દિવસ રહી શકો છો. છે ને મોર્ડન ? આ કલર ટી.વી. ગયા વર્ષે જ લાવ્યો હતો " ડ્રેસીંગ ટેબલ પાસે ગોઠવાયેલા ટી.વી.ને બતાવતાં કહ્યું. આ રૂમને પહેલાં પીળો રંગ હતો. મેં ગયે મહિને જ લાઈટગ્રીન ઓઈલ પેઈન્ટ કલર કરાવ્યો. હું જાઉ ત્યારે વાચાળ સુખરામ કેમ ઝડપથી જવા માગતો હતો ? તે મયુરના મનમા વિજળી ગતી જેમ પ્રસરી ગયો. મયુર સ્હેજ માધવી તરફ ફરતા બોલ્યો, ના સુખરામજી તમારા જેવા માણસ મને ખુબ ગમે. બેસો ને થોડી વાતો કરીએ. સુખરામ આમ અચાનક મયુરના કહેવાથી સ્હેજ ડગી ગયો અને ચહેરા પર ફુલામ હાસ્ય લાવતો કહી રહ્યા, સાહેબ જરૂર પડે બોલાવજો. આપની તહેનાતમાં હું છું જ. આ જૂઓ એક કોલબેલ મેં દિવાલ પર ગોઠવ્યો છે. અને બીજો કોલબેલ આ ડાયનીંગ ટેબલ ઉપર યાત્રાળુઓને આપ જેવાને બે જગ્યાએ જ પ્યુનની જરૂર પડે ને ? જમતા જમતા કે પછી સુતા પહેલા અને જુઓ ટી.વી.ની પાસે રીમોટ કન્ટ્રોલ પણ છે ઈચ્છો ત્યારે ચાલુ કરો અને ઈચ્છો ત્યારે બંધ કરો.

માધવી એક ક્ષણ માટે સુખરામને જોઈ જ રહી. કેમકે એના પત્રકારત્વના વ્યવસાયમાં સુખરામ જેવો ચબરાક માણસ મળ્યો ન હતો. તો બીજી તરફ ખુબ ઝીણવટથી રૂમનું નિરીક્ષણ કર્યું હોવા છતાં દિવાન ઉપર અને ડાયનિંગ ટેબલ પરનો કોલબેલ તેની નજરમાં ન્હોતો આવ્યો. જ્યારે તેણે સુખરામ પરથી નજર હટાવી મયુર તરફ નજર કરી તો મયુરની નજર એને ચુપ રહેવા સુચવી રહી હતી. માધવીએ

થોડી જ મિનિટોમાં પરિચયમાં આવેલા સુખરામનો સ્વભાવ જાણી લીધો હતો. પણ મનોમન તે એ પણ જાણતી હતી કે સુખરામ જેવા સામાન્ય માણસો પણ તેને ઘણું કહી જાય છે. તેણે ધીમા મીઠા સ્વરે સુખરામને કહ્યું, ‘‘સુખરામજી આભાર.... તમે જઈ શકો છો જરૂર પડે બોલાવીશું....’’

મયુર તે સમયે ખુરશીમાં બેઠો બેઠો રૂમની દિવાલો અને ફર્સનું અવલોકન કરતો હતો. લાઈટ ગ્રીન કલરમાં ચળકતી દિવાલો વચ્ચેનું આછા બ્લયુ રંગી ટાઈલ્સવાળું ફર્શ ખુબ આકર્ષક લાગતું હતું. તેણે વિલ્સનું પાકીટ ઉપરના ખીસ્સામાંથી કાઢ્યું અને હોઠ પર વિલ્સ દબાવી ગ્યાસ લાઈટરથી સળગાવી ધ્રુમશેરની એક ગતી સર્જાઈ ત્યાંજ માધવીની નજર આયનામાંથી તેની તરફ જોતાં મયુરની ઈશ્કી નજરને પામી ગઈ. તે હળવેથી દબાતી મરકાતી તેની પાસે આવી અને તેની વિલ્સને ખુંચવી લેતાં બોલી ઊઠી, તમે પુરૂષો જંપતા જ નથી. કોઈને કોઈ કુટેવોથી ભરેલા જ હોય છે.





# ૪

વારે વારે ધૂમાડો કાઢવાની ટેવ પડી ગઈ. તમોને જા.... મને કંટાળો આવે છે. માધવીએ ગુસ્સે થઈને વિલ્સને ટેબલ પર પડેલી ટ્રેમાં હોલવતાં કહ્યું.

મયુરે માધવીના હાથને પકડી પાડ્યો અને તેને પંપાળતો કહી રહેયો... ‘‘માધવી... જરા એક વાર.....’’

માધવી.... છંછેડાઈ ગઈ. તેણે ઝાટકાથી હાથ છોડાવા કોશિશ કરી પણ વ્યર્થ ગઈ. માધવીએ હાથને સ્હેજ જોરથી દબાવ્યો. માધવી ફર્શ પર બેસી ગઈ અને ચિલ્લાઈ ઉઠી ‘‘જાવ ને આમ શું કરે છે ? હું તારી સાથે નહિ બોલું....’’ માધવીનો ચહેરો સ્હેજ રડમશ બની ગયો હતો. મયુર હસતાં હસતાં ખુરશીમાંથી ઉભો થઈ ગયો અને નીચે બેઠેલી માધવીના ચહેરાને બે હાથથી પકડી તેની બીજ ચંદ્ર જેવી ચળકતી સાવ કોમળ કોમળ હડપચી ઉપર ચુંબન કરવા જાય છે. ત્યાં જ બહાર દરવાજામાં ઝડપી પગલે આવતા સુખરામે બૂમ મારી .....‘‘સાહેબ’’ સુખરામ ખડખડાટ હસી રહ્યો હતો. મયુર સ્હેજ શરમાઈ ગયો. માધવીએ ભોંઠપ અનુભવી અને ત્વરીત ઉભી થઈને પીઠ ફેરવી લીધી. સુખરાત હસતાં હસતાં કહી રહ્યો હતો... કંઈ નહીં, કંઈ નહીં એતો એવું જ ચાલે. જરા આ બારણું બંધ કર્યું હોય તો.....

મયુર પણ હસતાં હસતાં કહી રહ્યો હતો. મેં એટલે જ નથી બંધ કર્યું. બારણું બંધ કરવાનો પરવાનો નથી લીધો. સમજ્યા... જરા બે કપ ચા મોકલાવજો.... પછી અમે નીકળીએ બોટીંગ કરવા....

મધ્યરાત્રી પસાર થઈ રહી હતી. ગોમતીનાં નિર્મળ નીરમાં ચાંદની ચમકી રહી હતી. દુર ચાંદનીના પ્રકાશમાં બોટ સરકતી આકર્ષક લાગતી હતી.માધવી અને મયુર મધ્યરાત્રીએ રણછોડજી મંદિરની પાસેની મહા મુશ્કેલીથી ભીડમા નીકળવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. મંદિરના મુખ્ય દરવાજા પાસે તેઓ આવી પહોંચ્યા હતા. આજ રાત્રે રણછોડજીનાં દર્શન થવાનાં હતાં તેથી અસંખ્ય ભજનીકોની રમ્યભાવ હેલી ફેલાઈ રહી હતી. મયુરે માધવીના હાથની આંટી મારી ગોમતીના સામેના કિનારા તરફના પગથિયાં ચઢી રહ્યા હતા. સામે જ ગંગાબાઈના તુલા પાસે એક કેબીનમાં પ્રૌઢ પુરૂષ ખુરશીમાં બેઠેલો હતો. માધવી કેબીન પાસે પહોંચી ત્યાં તેણે એક બોટ બુક કરાવી માધવી સામુ જોતાં વ્યવસ્થાપકે કહ્યુ "જુઓ આ બોટ હમણાં આવશે તેમાં તમે બેસી જલવીહાર કરી શકશો.

ખુબ સફેદ બોટ કિનારા પાસે આવી ઉભી. માધવી અને મયુર બોટમાં ગોઠવાયા. શીતળ પવન માધવીના પાલવને સ્પર્શતો હતો. ઉડતા પાલવે બંધાયેલી પ્રિત જાણે પાસે જ બેઠેલા મયુરને સ્પર્શતી હોય તેમ પાલવ તેના ચહેરાને ઢાંકી દેતો હતો. યુવતીના કાનની જે આકારની બુટ્ટીના હીરાનો રંગબેરંગી પ્રકાશ તેની કોમળ ઉજળી સુડોળ હડપચીને ચમકાવી રહ્યો હતો. રેશમી ગાલ ઉપર મઝાના મેઘધનુષ્યના સપ્તરંગો સળવળી ઉઠ્યા હતા.

અચાનક પવનનો સુસવાટો આવતાં એક તરફ નમી જતાં બોટ



પૂરપાટ દોડવા લાગી. પાસમાં બેઠેલી માધવી મયુરના અંગ તરફ ધકેલાઈ ગઈ. માધવી મયુરના બાહુને પકડીને વળગી પડતાં બોલી ઉઠી "હાય મયુર જરા ધીમેથી હાંકને પવન કેટલો ઠંડો લાગે છે."

મયુર માધવીને નિહાળતો કહી રહ્યો હતો પણ તું કયાં શીતળ છે ? માધવીએ મયુરના ખભા ઉપર પોતાનો હાથ મુક્યો અને શાંત નીરને જોતાં સ્હેજ દબાવ્યો.

મયુરે માધવીને પોતાના બાહુમાં ખેંચતાં કહ્યું 'માધવી' ચાંદની શીતળ છે પણ તારી ઉષ્મા કેવી દાહક છે. તેણે માધવીના ગાલ પર એક હળવી ટપલી મારી. માધવી લજામણીના છોડ જેમ શરમાઈ ઉઠી. તેણે થોડી ક્ષણોમાં અનુભવ કર્યો કે મયુર તેને કેટલો ચાહે છે કોલેજ જીવનમાં સાવ સાદો... ભોળો લાગતો મયુર પ્રત્યે કેટલુ અજનબી આકર્ષણ હતું. તે દિવસોમાં જયારે મયુર સતત બે દિવસ કોલેજ ન આવ્યો ત્યારે તે કેવી વિહવળ બની ઉઠી હતી. અને ત્રીજા દિવસની સવારે તેની આંખો મયુરને શોધતી કેટલી તડપતી હતી. જયારે મયુર ન દેખાયો ત્યારે તેના હૃદયમાંથી એક ભયાનક આહે તેની આંખમાં આંસુ લાવી દીધા હતાં અને તેને જયારે મયુરના મિત્ર દુશ્યન્ત પાસેથી ખબર પડી કે મયુરને ટાયફોડ થયો છે. જો તેને આજે કાબુમાં ના આવે તો ન્યુમોનિયા પણ થઈ જાય. માધવી બેબાકળી બની ને દુશ્યન્તને વિનંતી કરી રહી હતી, દુશ્યન્ત તું મારી સાથે આવીશ... અમદાવાદના રીલીફ રોડ ઉપરનો રસ્તો પસાર કરતી રીક્ષામાં દુશ્યન્તને કેટ કેટલુંય મયુરની હાલત વિશે પૂછી નાંખ્યુ હતું. મયુરને કયારે ટાયફોડની શરુઆત થઈ ? તેની તેં કેમ કાળજી ના રાખી ? મને તેં કેમ વાત ના કરી ? કેવી રીતે તેને દાખલ કર્યો ? તેના માટે નાણાંની શું વ્યવસ્થા

કરી ? એકદમ પ્રશ્નોની ઝડી વરસાવતી માધવીને શુન્યમનસ્ક જેમ દંગ બની જોઈ જ રહ્યો. સીવીલ હોસ્પીટલના મયુરને દાખલ કરેલા રૂમમાં પ્રવેશતાં માધવીની ગતી અને ઉત્કટતા ખુબ વધી ગઈ હતી. માધવી બીમાર મયુરની પાસે પહોંચી ગઈ અને તેના વાળમાં હાથ પ્રસારતાં કોઈ અધિકાર તેનો મયુર પાસે હોય તેમ કહી રહી. ''મયુર.... ! કેમ....'' તેના મુખમાંથી તુટક નીકળતા શબ્દો આગળ ન્હોતા નીકળી શક્યા અને શબ્દોનું સ્થાન માત્ર તેની આંખમાંથી નીકળતા ગરમા ગરમ આંસુની ધારે લઈ લીધું હતું.





## ૫

ત્યારે મયુરના રૂમમાં હાજર મયુરના માતા કંચનગૌરી છક થઈ ગયાં હતાં... તેઓ વિચારતાં થઈ ગયાં.

''આ છોકરી કોણ ?

''કેવું રૂપ છે તેનું, કેવો પ્રેમ છે તેનો મયુર પ્રત્યે અને કેવી ભવ્ય અભિપ્સા તેની આંખોમાંથી નીકળી રહી હતી આંસુ મારફતે. તેથી જ તો કંચનગૌરી ઉભા થઈને માધવીના આંસુ લુછતા વ્હાલથી બરડામાં હાથ ફેરવતાં કહી રહ્યાં હતાં 'બેટા... તુ ચિંતા ના કરતી, તેને હવે સારુ છે. તારૂ નામ શું ?

''માધવી.....'' દુશ્યન્તે આંસુ લૂછતી માધવી તરફ તાકતાં કહ્યું. અમે મયુરના કોલેજ મિત્રો છીએ. સાથે ભણીએ છીએ. કેટલીક મિનિટો સુધી ચુપ રહેલી માધવીને અપલક પોતા સામે જોયા કરતી જોઈને મયુર બોલી ઉઠ્યો. ''માધવી !'' ''ઉંહ'' ''શું જુએ છે ? આમ... કેમ મને નથી જોયો ?'' ''મયુર ! હું તને ચાહું છું.

''હા, માધવી.... મને યાદ છે એ દિવસો...'' મા... પણ કહેતી હતી.... મયુર બેટા.... મયુર..... મારા પછી.... તારા જીવનમાં બીજું કોઈ હોય તો તે માધવી જ હોઈ શકે.... જો જે તું

ક્યારેય તેને છોડતો ના .... ''

"હા મયુર... પણ તું કયાં ? અને હું કયાં ? '' "માધવી... હું એક... પેટ ભરવા માટે નોકરી કરતો... માણસ...''

"ના મયુર, તું હિન્દુસ્તાનના સી.આઈ.ડી. ડીપાર્ટમેન્ટમાં આસીસ્ટન્ટ જનરલ.... હેડ ઓફ આઉ ડીપાર્ટમેન્ટ અને હું એક મામુલી....''

જા....જા...ગાંડી...માધવી.... તને શું થયું છે. તને સંકોચ હોય તો હું નોકરી છોડી દઉં. તારું સુખ એ મારૂ જીવન છે.... મયુરે માધવીના ઉડતા વાળને સજાવતાં કહ્યું.... તેણે માધવીના પાલવને ખસેડતાં માધવીના હાથને પોતાના હાથમાં પકડીને તેને પંપાળતાં કહી રહ્યો. "માધવી હું જાણું છું.... માધવી તું મારી છે... હું તારો છું... આ તુચ્છ નોકરીમાં કયાં સમય મળે છે. તને મળવા માટે... રાતદિન નોકરી... નોકરી... શું ગુનાખોરી વધી ગઈ છે.... દેશને સફેદ ગદ્ધારો વેચી રહ્યા છે... આતંકને પોતાની ખુરશીને બચાવવા ફેલાવી રહ્યા છે.

"મયુર.... નોકરી ના છોડાય.... આ નોકરી નથી, દેશ માટેની ફરજ છે. તારા જેવા નોકરી છોડી દે તો દેશનું શું થશે ?''

માધવી.... ના કાલે જ હું... નોકરીનું રાજીનામું મોકલી આપું છું.... મારે પ્રેમ જોઈએ છે. રૂપિયા પ્રેમ આપશે... ના... દેશના લોકો કદાચ અખબારોમાં વાંચશે, સી.આઈ.ડી. મયુરનું અવસાન...





કદાચ તે પણ દેશ ખાતર ન આવે. મારા જીવનમાં તારા સિવાય કોણ છે ? મારે નથી કરવી નોકરી.... ભલે મરચુંને રોટલો ખાઈને મજૂરી કરી જીવીશ.... પ્રેમ તો મળશે ને ?

મયુરના શબ્દોથી માધવી કંપી ઉઠી. વર્ષોથી ચણેલાં આશાના મિનારા તુટી પડતા હોય તેમ લાગ્યું. તેની આંખોમાં લાલ-પીળા વલયો દેખાવા લાગ્યા. તે અનુભવી રહી કે હમણાં તે બેહોશ બની જશે. પરંતુ પુનઃસ્વસ્થા કેળવતી વિચારવા લાગી. ... જ્યારે મયુરને ટાઈફોડ થયો ત્યારે તે સાંજે દુશ્યંન્તની સાથે ઘેર પહોંચી હતી.

"લીલી...ઓ ! લીલી !''

દોડતી..... રસોઈયણ દિવાનખંડમાં આવી પહોંચી અને તેણે ગભરાતાં કહ્યું... શું થયું ? શું થયું ? આમ કેમ હાંફળાં છો ? પાણી લાવું... ? અને લીલી પાણી લેવા ગઈ. માધવી પર્સ સોફા ઉપર ફેંકતા દુશ્યંતને ઈશારો કરતાં કહી રહી. દુશ્યંત બેસ હું બે મિનિટમાં આવું છું... માધવી ત્વરીત દાદરના પગથિયા ચઢી ગઈ. તેણે પોતાનો રૂમ ખોલ્યો... ને ઝડપથી તિજોરી ખોલીને સો-સો ની નોટોના બે બંડલ કાઢ્યાં... તિજોરી ઝડપથી બંધ કરી રૂમ છોડવા લાગી. તેની નજર અરીસામાં પડી... તેનો ચહેરો કરમાયેલો લાગ્યો. તેની આંખો સાવ સુકી જણાઈ. તેની આંખોમાં આંસુ ધક ધકી રહ્યાં હતાં. તેનાથી ડુસકુ નંખાઈ ગયું.... તે એક ઉચ્છવાસ નાખતી બોલી ઉઠી.... મયુર....

માધવી ટેબલ ઉપર કાંસકો મુકી સાડીના પાલવથી પોતાની આંખો લુંછી. તેને એમ લાગ્યું કે પોતાને સ્વચ્છ થવાની જરૂર છે. તેણે વોશીંગ બાથમાં કોક ચાલુ કરીને ચહેરા પર પાણી છાંટી લીધું. આયનામાં જોઈને તેણે ટુવાલથી ચહેરો સાફ કરી લીધો. વાળ ઉપર કાંસકો મારી લીધો અને પાછી કેસ લઈને ઉભી હતી તેણે પાણી પીતા પીતા કેસ પર્સમાં મુકતાં કહ્યું, જો લીલી એક ટીફીન તૈયાર કર... થોડી ફુલ્કા રોટલી, મોળી મગદાળ, ભાત, પાપડ, થોડા ફ્રુટ પણ થેલીમાં મુકી દેજે... હું અને દુશ્યંત હમણાં જ આવ્યા અને બેચેની અનુભવી માધવી દુશ્યંતને કહી રહી હતી. ‘‘દુશ્યંત ચાલ આપણે ત્યાં સુધી બગીચામાં ફરીએ. માધવી દુશ્યંતને લઈને બંગલાના આગળના ભાગમાં લઈ આવી. દુશ્યંત માધવીની પાછળ પાછળ ગુબાલ ચંપો.... મોગરાનાં ફૂલો જોતાં કંઈક વિચારતો આગળ વધી રહ્યો હતો. તેણે માધવીને કહ્યું.... ‘‘માધવી તું ના આવી હોત તો .... કદાચ .... મયુરની હાલત...’’

માધવીએ દુશ્યંત તરફ પાછળ જોતાં કહ્યું.... ‘‘દુશ્યંત તું જાણે જ છે..... ને કે હું.... મયુરને ખુબ ખુબ ચાહું છું...’’

હા.... ! મેં તને ક્યારેક ક્યારેક ચોરી છુપીથી મયુરને ટગર ટગર જોતી જોઈ લીધી ખરી પણ મને શી ખબર કે.... તું હૃદયથી ચાહતી હોઈશ ? મને એમ કે તું... બીજી છોકરીઓની જેમ મયુર સામે ઈશ્ક લડાવી રહી છે....

‘‘ના દુશ્યંત મેં મયુર....શબ્દને હૃદયથી આર્દતાથી રોપ્યો છે.





મેં કેટલીય રાતો તેના જાપ જપીને આંસુઓનું સિંચન કર્યું છે. કેટલીય રાત હું મારી પથારીમાં મયુર મયુર.... કરતી તડપતી રહી છું. મારા રોમ રોમ... તેની ઉષ્માથી ધગધગી ઉઠ્યાં છે... માધવીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેના હોઠ ધ્રુજતા હતા. દુશ્યંતને વિનવતી હોય તેમ તે કહી રહી હતી.... ‘‘દુશ્યંત... એક યુવતીના હૈયાને... એક પ્રેમાતુર યુવતિના હૈયાને તું નહિ સમજી શકે...

# ૬

તે ક્યારેક પ્રેમથી અભિવ્યક્તિ  કરી શકતી નથી. સ્ત્રી જાતિને એક એવો શાપ છે. તે તડફડશે. સહરાના રણમાં પાણી માટે તડપડતા પ્રવાસીની જેમ હૃદયની ઉર્મિને તે અતિતના પહાડ મુકીને દાબી દેશે.... પણ હું એક નોખી માટીની યુવતી છું. હૃદયના ડુમાને આંસુથી વહાવો એના કરતાં ખુલ્લાં હૈયાને વહેવા દેવું તેમ હું માનું છું..... પછી ભલે જિંદગીનો જે રાહ હોય...."

"માધવી.... તું અને મયુર ક્યારેક મળ્યાં છો?" "ના... મેં તેને નજરોથી ધરાઈને જોયો પણ નથી.... કોણ જાણે કેમ.... તેના આગમનના ભણકારા મારું હૈયું પીછાણી શકે છે... મેં તેને ચાહ્યો છે નિરવ ખુલ્લા.... તેજીલા આકાશ જેમ.... મેં તેને ચાહ્યો છે અફાટ દરિયાના ઉછળતા ઉત્કટ મોઝાં જેમ.... દુશ્યંત... તું એનો મિત્ર છે... મને તેની ભાર્યા.... બનાવીશ ને ?" માધવી એક યાચક બની ચુકી હતી.

દુશ્યતં દ્વિધા અનુભવતો ઝાંખપ ભર્યા સ્વરે એટલું જ બોલ્યો.... "માધવી.... હું તેનો પડછાયો બનીશ.... અને તેના જીવનમાં માધવીનો પ્રવેશ એ કદાચ મારું મહાન સદ્‌ભાગ્ય સમજીશ..." દુશ્યંતના અવાજમાં દઢતા હતી... અને તેની નજર દૂર દૂર લહેરથી





ડોલતા બે સફેદ લાલ.... ગુલાબના ઘેલને જોઈ રહી હતી. ત્યાંજ લીલીનો અવાજ પ્રસરી રહ્યો હતો. "માધવી બેન.... ટીફીન તૈયાર છે.... ચાલો..."

માધવી અને દુશ્યંત એક સંકલ્પ સાથે સાથ સાથમાં ચાલતાં બંગલાનાં પગથિયાં ચઢી રહ્યાં હતાં. માધવીએ પર્સને હાથમાં, ટીફીન.... અને એક થેલીમાં થોડાં સફરજન... ચીકુ.... અને દ્રાક્ષ પણ મુકી લીધાં.... તેણે લીલીને કહ્યું... "પપ્પાને કહેજે થોડું મોડું થશે... હું હોસ્પિટલ જઈને આવું છું."

ત્યાંજ સામે આવતા જનકરાયે માધવીને પૂછયું, "કેમ... ક્યાં જાય છે. ?"

"પપ્પા હું હોસ્પિટલ જાઉં છું..." માધવીએ નીચું જોઈને ચાલતાં કહ્યું...

જનકરાયે માધવીને ચહેરાથી પગ સુધી માપી લીધી અને દુશ્યંત તરફ જોતાં કહી રહ્યા "આ કોણ છે ?"

"પપ્પા આ મારો દોસ્ત છે. દુશ્યંત અમારો મિત્ર છે..." માધવીએ ઓળખ આપતાં કહ્યું...

જનકરાયે વળતો એક જવાબ આપ્યો... "તો એમ કરને, તું જવાનું માંડીવાળ અને દુશ્યંતને ટીફીન આપી દે, આપી દેશે... અને મર્માળ હાસ્ય તેમના હોઠ પર પ્રસરી ગયું. તેમના ચહેરા પર રુદ્રતા ઉતરી આવી અને દઢ શબ્દોમાં કહ્યું... "ના, આજે માધવી તારે નથી જવાનું...."

માધવી તે શબ્દો સાંભળી ના શકી. તેણે ઘોર હતાશા અનુભવી અને જાણે વ્રજ પડ્યું હોય તેમ કંપી ઉઠી.... તેની આંખોમા આસુ છલકાઈ ગયાં. ''પપ્પા'' માધવી કંઈ જ ના કહી શકી.... માધવીની વાણી હણાઈ ચુકી હતી. તેના હોઠ સહરામાં પાણી વિના તરફડતા માનવીની જેમ મયુર વિના તરફડતા હતા. ગાત્રો શિથિલ થઈ ગયાં હતાં. માધવીની વાણીનું સ્થાન આંસુએ લીધું હતું... જ્યારે શબ્દ અસર નથી કરતા ત્યારે આંસુની વાણી પણ પીગળાવી દે છે. માધવી હીબ્કે ચઢી ગઈ અને રડવા લાગી.

પુત્રીની આવી મનોદશા જોઈને જનકરાયનું હૃદય દ્રવી ઉઠ્યું. તેઓ શબ્દ પણ ના ઉચ્ચારી શક્યા. તેમનો ક્રોધ તો ક્યારનોય અદ્રશ્ય થઈ ગયો હતો. તેઓ ઝાંખપ અનુભવતા ઈજ્જતનો વિચાર કરતાં હીબ્કે ચઢેલી પુત્રીના આંસુ લુછતાં કહી રહ્યા,

''બેટા તું જાય તેમાં મને વાંધો ના હોય, ક્યો પિતા પુત્રીના સુખમાં સુખી ના હોય. તારી આ હાલત જોવી ના પડત પણ મારી ઈજ્જત, મારી પ્રતિષ્ઠાને શોભે તેમ વર્ત. જો જો આ આથમતી ઉંમરમાં મારે કમોતે મરવું ના પડે'' જનકરાયની આંખમાં ઝળહળિયાં આવી ગયાં હતાં. તેમણે લીલીને બુમ મારી. લીલી પાણી લાવજે... લીલી સફાળી પાણી લાવી. જનકરાયની છાતીમાં ચહેરો છુપાવીને એટલું જ પાણી પીવડાવતાં માધવીના બરડામાં હાથ પ્રસરી રહ્યા હતા. દુશ્યંત પિતા-પુત્રીનો વાત્સલ્ય ભાવ જોઈને ધન્ય બની ઉઠ્યો. માધવી જનકરાયની છાતીમાં ચહેરાને છુપાવીને એટલું જ બોલી... ''પપ્પા... હું... મ.... મયુર.... ને....''અને તે ટીફીન અને પર્સ લઈને





લગભગ દોડી ગઈ. બંગલાના પગથિયાં ઉતરતી માધવીને જનકરાય આંસુભીની આંખે અંતરના આશિષ આપતા હોય તેમ એટલું જ બોલ્યા ''બેટા સુખી થાવ...'' દુશ્યંત.... ધીમે ધીમે કંઈક વિચારતો માધવીની પાછળ જવા લાગ્યો. માધવીએ પાર્ક કરેલી મારૂતિનું દ્વાર ખોલ્યું. તેણે મારૂતિ સ્ટાર્ટ કરી. દુશ્યંત માધવી સાથે જ ગોઠવાયો અને તેજ ગતિમાં મારૂતિ આશ્રમ રોડ ઉપર દોડ રહી હતી.... શુન્યમનસ્ક ભુતકાળને વાગોળતી માધવીએ હતાશ મયુરનો હાથ પકડતાં કહ્યું,

મયુર તું શું કહે છે ? આ આશા મેં રાખી હતી.... મારો માણસ આવે એની.... હતભુંડા પ્રેમની વેદી પર સુખને સળગાવીને દુનિયામાં અમર બનવાનું હોય...

# ૭

આમ રોદણાં રોળાય.... "માધવીની આંખોમાં વેધકતા હતી. તેના કોમળ કર પલ્લવો મયુરના વાંકળીયા વાળમાં પ્રસરી રહ્યા હતા. તો વળી.... માધવી... મયુરના ચહેરા પર હાથ પ્રસારતી ચુંબનો વરસાવી રહી હતી.

મયુર... આર્દસ્વરે કહી રહ્યો હતો.... "માધવી હું તને ચાહું છું. મારી તરસી આંખો, મારા વલવલતા હોઠ સહરાની યુગોની તરસ જેમ તને તલસી રહ્યા છે. માધવી હું તારા વિના એક ક્ષણ પણ છુટો જીવી નહીં શકું. હું પાગલ બની જઈશ માધવી... મયુરનો અવાજ એક ચિત્કાર સમો હતો. માધવી હતપ્રત મયુરને વળગીને ચોધાર આંસુએ રડી પડી.... તે મયુરને કહી રહી હતી.... મયુર એ પ્રેમ છે પ્રેમ.... ઉપર આવરણ કર્મનું છે. તું અને હું આ કર્મનાં રમકડાં છીએ... ડુસ્કાં લેતી માધવીની આંખોમાંથી દરિયો ઉભરાઈ ગયો હતો. વાતાવરણ માધવીનાં ડુસકાંથી ભરાઈ ગયું હતું. સ્ટીમલોંચની ગતિ હળવી બની ગઈ હતી. ઠંડી પવનની એક લહેર માધવી-મયુરને વિરહની આગમાં, મિલનની તડપમાં વધુ સળગાવી રહી હતી. માધવી અત્યંત હતાશા અનુભવી રહી હતી. કોણ જાણે તેના સુસ્ક જાનમાં





એક વિચાર ઉદભવતી અને તેણે મયુરને કહ્યું મયુર ! એક કામ કરીશું ?

"શું ? ઉત્સુકતાથી મયુરે કહ્યું. કાલે આપણે બપોર પછી ગળતેશ્વર જઈશું. ? ના. મયુરે ટૂંકો જવાબ વાળ્યો. માધવી મયુરની અસંમતીને સુચક સમજતી હોય તેમ બોલી ઉઠી, તો આખો દિવસ શું કરીશું ?

"હજુ સવાર તો થવા દે" મયુરે માધવીને માર્મિક ભાષામાં હળવાશથી કહ્યું.

"જો ! તું રાજીનામુ આપીશ તો હું પણ વ્યવસાય છોડી દઈશ...

"જેવી તારી ઈચ્છા, હું કયાં ના કહુ છું. લોકશાહી છે ! ક્યાં કોઈના પર ઈચ્છાઓ લાદી શકાય ?

કેમ નહિ ? પ્રેમનું બંધન એવું અજનબી છે કે વ્યક્તિ પરવશ બની ઉઠે છે. વ્યક્તિના ઘરમાં ઘોડા થનગનતા હોય છે ને આતમ પાંખ વીંઝતો હોય છે.

ત્યાં હિરબાઈ ટાવરમાં ત્રણના ટકોરા સંભળાઈ રહ્યા હતા. મયુરે માધવીને કહ્યું... "સાંભળ ત્રણ વાગી ગયા, રૂમ પર જઈશું."

"હા, ચાલ મયુર.... ખુબ ઉજાગરા અસર કરશે અને આખો દિવસ બેચેની ભર્યો બની ઉઠશે ! ઉનાળો છે ને ....! માધવીએ મયુરના હાથમાંથી સ્ટીમલોંચનું સ્ટીયરીંગ લઈ લેતાં કહ્યું અને સ્ટીલોંચને પુનઃ દત્તાત્રય કિનારાથી ગંગાબાઈની વાડી તરફ વાળી દીધી. થોડી મિનિટોમાં લોંચ ગોમતીજીના ઘાટ પાસે આવીને ઉભી

રહી. બ્રહ્મ મુહૂર્તે પ્રથમ કૂકરનો સ્વર વાતાવરણને પ્રફુલ્લીત કરી રહ્યો હતો. બાજુમાં ઉભેલા પૂર્ણિમા ગેસ્ટહાઉસની બંધ કાચની બારીમાંથી આછો આછો પ્રકાશ ગોમતીના પાણીમાં પ્રસરી રહ્યો હતો, તો વળી દૂર દૂરના ગેસ્ટહાઉસમાંથી હળવો હળવો કોઈ યુવતિનો હસવાનો અવાજ સંભળાઈ રહ્યો હતો. માદક ઉન્નત ચાંદની યુવાન હૈયાની ઉત્કટતામાં વધારો કરી રહી હતી. થોડી મિનિટો કિનારા પાસેના પગથિયા પાસે ટહેલતાં માધવીને મયુર... કહી રહ્યો હતો.... ''જો માધવી, કાલથી મારી સીક્રેટ કામગીરી શરૂ થાય છે. હું કયાં જાઉં છું ? શું કરીશ ? ક્યારે આવીશ તે નહિ કહી શકુ.

કેમ ?માધવી ચમકી ઉઠી. તેના અવાજમાં કેટલાય દિવસો પછી મળેલા ભોજનમાં આવી ગયેલી કાંકરીના જેવી નફરત હતી. તેણે મયુરને એટલું જ કહ્યું, જો મયુર... એટલું તો ધ્યાન રાખીશ ને કે હું અહિં છું તારી પાસે, તારાથી દૂર દૂર....

કેમ નહિ... માધવી જો આમ ન હોત તો હું નોકરી છોડવાની વાત કરત જ નહિં. પરંતુ કોણ જાણે કેમ મને તારી વાણીની વેધકતા સ્પર્શી ગઈ છે. શક્ય છે કે મારૂ જીવન સમર્પિત થઈ ગયું તે તારા માટે... દેશ માટે.... આમેય તું ન હોય તો હું....''

મયુરના શ્વરમાં એક હળવાશ હતી. વિશ્વાસ પણ હતો અને એક હતી બિરલ આસ્થા દેશ માટેની, માધવી માટેની. તેણે માધવીનો હાથ બાહુમાંથી પકડ્યો અને તેને સાથે લઈને ગાયકવાડ હવેલી તરફ ઝડપથી જવા લાગ્યો. દૂર દૂર મંદિર પાસેના ઉતરાભિમુખ દરવાજા





પાસે ભજનીકોના વૃંદનો તન્મય મસ્તિભર્યો અવાજ આવી રહ્યો હતો. ''અમે રે હતાં રે તોળિ રાણી કડવી તે વેલનાં તુંબડાં રે...''

મયુરથી પણ માધવીને બીજા હાથે પોતાની છાતી સરસી ચાંપતાં ગવાઈ ગયું. ''અમે રે હતાં માધવી કડવી વેલનાં તુંબડાં રે'' અને માધવી મયુરને મરકાતી આંખોએ હોઠ પર હાસ્ય પ્રસરતી કહી રહી, મયુર.... મારા શ્યામ....

## ૮

ચાંદની રાતનો અંતીમ પ્રહર પ્રસાર થઈ રહ્યો હતો. ગાયકવાડ હવેલીનાં પગથિયાં માધવી અને મયુર ચઢી રહ્યાં હતાં. મયુરના બુટના અવાજથી પ્રવેશદ્વાર પાસેના ટેબલ પર માથુ ઢાળી સુઈ રહેલો સુખરામ જાગી ઉઠ્યો તે મયુરને જોતાં જ આંખ ચોળતો સફાળો ઉભો થઈ ગયો.

સુખરામે સલામ ભરતાં કહ્યું ''સાહેબ મોડી રાતે જગ્ગુ આવ્યો હતો.''

માધવી વચ્ચે જ બોલી ઉઠી, ''હા.... શું કહ્યું છે ?''

''કાલે જમવાનું નિમંત્રણ આપ્યું છે. તેણે કહ્યું છે કે ગમે તેમ થાય સાહેબનું અને માધવીબેનનું જમવાનું તેને ત્યાં છે.''

''સારૂ.... જરૂર....'' માધવીએ મયુરની સામે જોયું...

મયુરે સુખરામને અચુક નજરે જોતાં પૂછયું, બીજું કંઈ.

સુખરામ મયુરની નજરથી કંપી ઉઠ્યો, તેણે કહ્યું. ''કંઈ નહી.... સા...હેબ''

મયુર અને માધવી દાદરાનાં પગથિયાં ચઢી રહ્યાં હતાં... માધવી દાદરાનું છેલ્લું પગથિયું ચઢી રહી હતી ત્યાં જ મયુરે માધવીને અટકાવી.





તેની નજર તેના કાંડા ઘડિયાળમાં પડી હતી. ઘડિયાળમાં લાલ લાઈટનો પ્રકાશ આવી રહ્યો હતો. મયુરે ઘડિયાળની એક સ્વીચ ઓન કરી અને કાન પાસે ઘડિયાળને દબાવી દીધી.

મયુર ખુબ ધીમો અવાજ સાંભળી રહ્યો.... હતો.... હલ્લો....હલ્લો...

એ.... એ-૧....એ-૧....X-૧... X-૧... X-X..૧

મયુરે પુનઃઘડિયાળની બીજી સ્વીચ ઓન કરી તે વાયરલેશ માઈક્રોફોનમાં બોલી રહ્યો હતો.

હલો.... હલો..... એ-૧.... એ-૧ સ્પીકીંગ.... X-૧ X-૧ X-૧...... મેસેજ મેસેજ હલો હલો.

સામેથી કોઈ વેધક અવાજ આવતો હતો.... મયુરે.... કાન પાસે ઘડિયાળને દબાવી દીધું.... તે સાંભળી રહ્યો... હતો... કલો... હલો.... હલો... એ-૧ એ-૧ યુ મસ્ટ બી એલર્ટ.....ટાઈગર.... સેડો.... કોડવર્ડ... હી એટેક ટુ યુ.

મયુરે ત્વરીત... ઘડિયાળની બન્ને સ્વીચ ઓફ કરી. માધવીને ત્યાં જ થોભી જવા કહ્યું.... માધવી પરિસ્થિતિ પામી ગઈ.... તેના શરીરમાંથી આછો કંપ પ્રસરી ગયો. મયુર સમજતો હતો.... કે તેના જીવનમાં ડગલે પગલે મોત હતું... તે આગળ વધ્યો. તે દાદર પાસેની ખુલ્લી બારી પાસે આવી ઉભો. ગોમતીમાં હજી સ્ટીમલોંચ દોડી રહી હતી. તેની એક નજર બારીનું નિરીક્ષણ કરતી પ્રસરી ગઈ ત્યાંજ બાજનજર બારી પાસે મસળીને ફેંકાયેલી સીગાર પર પડી તો વળી

બીજી સીગાર હોલવાયેલી પડી હતી. તેના રહી ગયેલા ફીલ્ટરને સીગાર પીનાર પીંખી નાખે તેમ.... તે સીગારના ફીલ્ટરના રેસે રેસા છુટા પડી ગયા હતા. મયુરના મનમાં એક વિચાર ઝબકી ઉઠ્યો. અહીં બે માણસ ઉભા હોવા જોઈએ. જયારે તે આ હવેલીમાં પ્રવેશ્યો તો માત્ર રૂમ નં. ૭ ખાલી હતી. તો પછી અહીં કોણ ઉભુ હશે ? તેણે જ્યારે પ્રથમવાર બારીમાંથી ગોમતીજીનાં દર્શન કર્યા ત્યારે અહીં કોઈ સીગાર ન હતી. તેનો તર્ક સચેત બન્યો. તેને અહેસાસ થવા લાગ્યો કે સેડો કરનાર ટાઈગર આવી પહોંચ્યો છે. એક એક ક્ષણ ભયાનક પસાર થઈ રહી હતી. તેને માધવી સાથે ગુમાવેલો સમય... લાગણીવસતામાં કેવું રૂપ આપશે તેનો ખ્યાલ આવ્યો... તો વળી બીજી તરફ માધવીને કોઈપણ ભોગે ઝંખનાર જીવનની જીવિષા અદમ્ય લાગતી હતી. તે સમજતો હતો કે નોકરી છોડે કે ના છોડે તો પણ પોતે જે કંઈ સીક્રેટ જાણે છે તેની દુનિયાના જાસુસો તેને છોડવાના નથી તેથી જ સાપના મુખમાં અડધા પકડાયેલા અને અડધા બહાર રહેલા છછુંદર જેવી તેની હાલત હતી. તેનું મન ક્યારેક પ્રેમ, શાંતજીવન અને સહવાસ જંખતું હતું તો વળી બીજી તરફ દેશ પ્રેમ.... પોતાની ફરજનું મહત્વ સમજાતું હતું.

મયુર ધીમે પગલે રૂમ નંબર ૭ તરફ જવા લાગ્યો. તેણે જોયું તો બારણાનું તાળું નીચે પડેલું હતું. બારણું ખુલ્લું બંધ હતું.

સ્હેજ ધીમેથી તેણે બારણાની નીચેની ફર્સ તરફ જોયું તો પ્રકાશ રેલાઈ રહ્યો હતો. તેને બીજું કંઈ દેખાતું ન હતું. ડાયનીંગ ટેબલ પાસે કોઈ ઉભુ હતું. તેની પહોળા પગ કરીને ઉભા રહેવાની રીત પરથી



મયુરે મનમાં અનુમાન લગાવ્યું કે ઉભી રહેનાર વ્યક્તિ પૂરો છ ફુટનો હોવો જોઈએ. કેટલાય સંજોગોમાંથી પસાર થનાર મયુરને આમ અચાનક આવી પડેલી પરિસ્થિતિ સહજ લાગી પરંતુ બીજી જ ક્ષણે માધવીનો વિચાર આવતાં તે બારણું ખોલતાં અચકાયો, તે પુનઃ ધીમે પગલે દાદર પાસે આવ્યો....

મયુરે દબાતાં શ્વરમાં માધવીને કહ્યું "માધવી... રૂમમાં કોઈ સેડો કરતું આવી પહોંચ્યું છે."

માધવી સફાળી કહી રહી, હેં શું કહે છે ? મયુરે માધવીના મુખ પર હાથ દબાવી દીધો અને પોતાના હોઠ પર આંગળી મૂકતાં કહી રહ્યો.

"હા... માધવી... તું અહીંથી જતી રહે" મયુરના અવાજમાં વિનંતી હતી.

"ના હું નથી જવાની.... તને મોતમાં હડસેલીને..." માધવી કંઈ ઊંડી .... તેનો કંઠ સુકાઈ રહ્યો હતો.

મયુર કહી રહ્યો હતો "માધવી તું સમજ, એક ગફલત તારો.... મારો જાન લઈ લેશે. આજ વર્ષોનો હિસાબ પતવાનો છે."

માધવી મયુરના શબ્દો સાંભળી વધુ મક્કમ બની. તેના ચહેરાની રેખા તંગ થઈ ગઈ. તે મક્કમ શ્વરમાં કહી રહી.... "ના.... મયુર.... તારા વિના મારે જીવીને શું કરવું છે ?"

"માધવી ! વિશ્વાસ રાખ, હું પરિસ્થિતિને પહોંચી વળીશ... મને તારી ચિંતા થાય છે."

માધવી અડગ રહી.... મયુરના ચહેરાની રેખાઓ તંગ થઈ. તેણે માધવીના મોંને એક હાથે દાબી દીધું અને બીજા હાથે જોરથી તેના માથામાં મુક્કાનો પ્રહાર કર્યો... તે જ ક્ષણે માધવી બેભાન થઈ ગઈ... મયુરે માધવીને ખભા ઉપર નાખી તે ખુબ ઝડપથી દાદરનાં પગથિયાં ઉતરી ગયો. વિચારવાનો સમય ન હતો. મયુરે માધવીને દાદર નીચેના બાથરૂમમાં પૂરી દીધી અને બારણું બંધ કરી દીધું. મયુર એક સાથે બબ્બે પગથિયાં ચઢતો પુનઃ રૂમ નં. ૭ પાસે આવી ઉભો. તેણે ખુબ ઝડપથી પેન્ટના પાછળના ભાગમાં મુકેલી ૧૨ બોરની રીવોલ્વર ખેંચી કાઢી... તેટલી જ વેધક ગતિથી તેની આંગળી ટ્રેગર પર મુકાઈ ગઈ. મયુરે બારણાનું હેન્ડલ પકડી એકદમ ધક્કો મારી બારણું ખોલી નાખ્યું તે જ ક્ષણે એક સાથે બબ્બે રિવોલ્વરમાંથી ગોળીઓ છુટવા લાગી. સમગ્ર ગાયકવાડ હવેલી રિવોલ્વરના અવાજથી ગાજી ઊઠી.





## ૯

બારણાની આડથી રિવોલ્વરમાંથી ગોળીબાર કરી રહેલો મયુર ખૂબ સતેજ હતો. તેણે એક સમય માટે ગોળીબાર બંધ કરી દીધો. વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો. સામેથી પણ ગોળીબાર બંધ થઈ ગયો હતો. રૂમ નં. ૭ ના મધ્યભાગમાં આવેલા પલંગ પાછળથી કોઈનો ખસવાનો અવાજ આવી રહ્યો હતો. તો બીજી તરફ મયુરની ચકોર નજરે જોયું તો ઉત્તર તરફની દિવાલને ચીપકીને કોઈ બારણા તરફ આવી રહ્યું હતું. તેનો પડછાયો રૂમ નં. ૭ ના ઝાંખા ગ્રીન પ્રકાશમાં પડી રહ્યો હતો.

મયુર ખૂબ સાવચેત બની ઉભો. તે બારણાને અડીને અડધો દિવાલ તરફ અને અડધો બારણા વચ્ચે ઘુંટણીએ સૂઈ ગયો. માત્ર બારણાથી અંદર તરફ તેનો રિવોલ્વરવાળો હાથ લક્ષને તાકીને ગોઠવાયેલો હતો.

સમગ્ર ગાયકવાડ હવેલીમાં ગભરાટ અને ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. ખૂબ ઝડપથી ફટાફટ ખૂલ્લી બારીઓ બંધ થવાનો અવાજ આવી રહ્યો હતો. હવેલી ચોપાસના હજારો લોકોમાં નાશભાગ

શરૂ થઈ ગઈ હતી. ગાયકવાડ હવેલી તરફથી ભાગતા લોકો હાંફળાં હાંફળા એક જ વાત કહી રહ્યા હતા. હવેલીમાં "ગોળીબાર ચાલે છે." હવેલીમાં કોઈ ડાકુઓ વચ્ચે ઝપાઝપી થઈ ગઈ છે. મયુર પરિસ્થિતિને પહોંચી વળવા ખૂબ સાવધ હતો. પલંગ આડસમાં છૂપાયેલા ટાયગરે દિવાનને ખસેડવા માંડ્યો. દિવાન ખસવાનો અવાજ મયુરે સાંભળ્યો. તેણે બારણાની આડમાંથી જોયું તો ટાયગર દિવાન ખસેડતો બારણા તરફ લાવી રહ્યો હતો. મયુરે અનુમાન લગાવ્યું કે જરૂર ટાયગર દિવાનને ખસેડીને પોતાના તરફ લાવશે અને દિવાનને ઉભો કરી દેશે. પરંતુ માત્ર થોડી જ મિનિટોમાં દિવાન ખસેડતો ટાયગર બારણામાંથી ચાર-પાંચ ફૂટ દૂર લાવીને દિવાનને આડો કરી દીધો. મયુર હવે રૂમની અંદરની હરકત જોઈ શકતો ન હતો. માત્ર બીજી તરફ ટાયગરનો ફોલોઅર્સ દિવાલને ચીપકી ચાલતો ખૂબ નજીક બારણાથી માત્ર ત્રણ ફૂટ દૂર હતો. દિવાનને આડો કરીને ટાયગર ઉભળક બેઠો હતો. તેના એક હાથની આંગળીઓ જે હેન્ડ કલોથમાં સંતાયેલી હતી તે દિવાનને બહાર કિનારા તરફ દેખાઈ રહી હતી. મયુર પરિસ્થિતિનું ખૂબ ચોકસાઈથી અવલોકન કરી રહ્યો હતો. તેણે ત્વરીત નિર્ણય બદલ્યો. બારણા અને આડા કરેલા દિવાન વચ્ચે માત્ર પાંચ ફૂટનું અંતર હતું. આડો કરેલો દિવાન અને દિવાલને ચીપકીને ચાલતા ટાયગરના ફોલોઅર્સ વચ્ચે માત્ર પાંચ ફૂટનું જ અંતર રહેતું હતું. મયુરના મનમાં એક વિચાર સ્ફુર્યો. જો ખુબ ઝડપથી બારણું ખોલીને પાંચ ફૂટનો લાંબો અને પાંચ ફૂટનો ઊંચો એક કૂદકો મારીને





ટાયગર ઉપર કૂદી પડ્યા તો કેવું ? બીજી ક્ષણે તેને એવું પણ લાગ્યું કે મોતના મુખમાં કુદવા જેવું થાય.... જો ટાયગર દિવાન પકડીને બેઠો હોય તો તેનું શરીર પૂર્વ તરફ આડું ગોઠવાયેલું હોય અને તેનો ફોલોઅર્સ માત્ર મારા તરફ ધ્યાન રાખતો સાવચેત હોય. મયુર બીજી જ ક્ષણે દાદર પાસે મૂકેલા ટેબલને ઉંચકી લાવ્યો અને એકદમ બારણું ખોલીને ટેબલને દિવાનની તરફ... એક ધબાકો ઓરડામાં ફેલાઈ ગયો. તો બીજી ક્ષણે ટાયગરના ફોલોઅર્સથી રિવોલ્વર ગાજી ઉઠી અને ટાયગરનું લક્ષ માત્ર મયુર હતો. અવાજ માત્રથી ટાયગર અનુમાન લગાવી ચૂકયો હતો કે આ કંઈક બીજુ પડવાનો અવાજ છે. આદમીના પડવાનો અવાજ નથી. ટાઈગરના ફોલોઅર્સની રિવોલ્વરની ખાલી ટ્રેગર દબાવવાનો અવાજ થોડી મિનિટમાં મયુરે સાંભળ્યો. તો બીજી જ ક્ષણે તેણે સમજી લીધું કે એક તરફનો ભય દૂર થયો છે. તે તુરંત નિર્ણય મુજબ બારણાથી દૂર સરકતો ચાર-પાંચ ફૂટ દૂર ગયો. મયુર એક ખૂબ તાકાતથી લાંબી છલાંગ ટાયગરે આડ કરેલા દિવાન તરફ મારી. આડ કરેલો દિવાન મયુરે ધક્કાથી પડતાંની સાથે જ પાડી નાખ્યો. મયુર ચોક્કસ લક્ષ મુજબ ટાઈગર ઊપર પડ્યો હતો. મયુર અને ટાયગર વચ્ચે બાહુ બળનો મૂકાબલો શરૂ થઈ ગયો પરંતુ ટાયગર ગાંજયો જાય તેવો ન હતો.

ટાયગરે મયુરને ફેંકી દીધો. તેણે રિવોલ્વરનું નિશાન મયુરને બનાવ્યો. ટાયગરની રિવોલ્વરની ગોળી છૂટે તે પહેલાં જ મયુરે ટેબલનો પ્રહાર ટાયગરના હાથ ઉપર કરી દીધો હતો. તો બીજી તરફ

ટાયગરનો ફોલોઅર્સ મયુર તરફ ખૂંખાર રીતે તૂટી પડ્યો. મયુરે જોયું તો બંને વ્યક્તિના ચહેરા એક સરખા હતા. મોટી ગોળ આંખો હતી. આંખો ચહેરા ઉપર ઊપસેલી હતી. ભ્રમર બંને ભેગી થયેલી હતી. ખુબ સ્માર્ટ ચહેરા આછી ભૂરી દાઢીમાં છૂપાયેલા હતા. બંનેના હોઠ સ્હેજ જાડો ભરાવદાર ઊપસેલો હતો. મયુરે માત્ર થોડી ક્ષણોના અવલોકનમાં એ પણ જોયું કે ટાયગરના કપાળમાં આડી એક સરખી ત્રણ રેખાઓ પડતી હતી જે વચ્ચેથી નીચે તરફ વળતી હતી અને બંને તરફ ઊપરની તરફ પ્રવાહના તરંગ જેમ જતી હતી. ટાયગરનો ફોલોઅર્સ મયુર તરફ કૂદી પડ્યો તો બીજી જ ક્ષણે મયુરે પોતાની રિવોલ્વરની ટ્રેગર ટાયગરના ફોલોઅર્સ તરફ દાબી દીધી. એક અવાજ રૂમમાં ફેલાઈ ગયો ‘‘ઊંહ...આહ...’’

મયુરની ગોળી તેના પેટમા વાગી ચૂકી હતી. તે પેટ દબાવીને નીચે ઢળી પડ્યો. તો તે તરફ મયુરનું ધ્યાજ જતાં જ તકનો લાભ લઈને ટાયગરે ટેબલનો પ્રહાર મયુર ઉપર કરી દીધો અને ખૂબ ઝડપથી દિવાન કુદતો મયુરની એટેચી લઈને ભાગ્યો. મયુરે તે જ ક્ષણે પુનઃ ગોળીબાર કર્યો પરંતુ વ્યર્થ. તે પહેલાં જ ટાયગર રૂમ બહાર નીકળી ગયો હતો. મયુર તે તરફ દોડ્યો. મયુરની દોડ ખૂબ તેજ હતી છતાં ટાયગર આંખના પલકારામાં ગોમતી તરફ પડતી બારી કૂદી ગયો હતો. મયુરે દોડતાં બારી પાસે આવીને જોયું તો ટાયગર અદશ્ય થઈ ચૂક્યો હતો. માત્ર નીસ્તેજ ચંદ્રમાં આકાશમાં દેખાઈ રહ્યો હતો. પૂર્વના આકાશમાં ઊગતાં સૂરજનાં વધામણાં ગાતાં પક્ષીઓ કલસોર મચાવતાં





પશ્ચિમ તરફનાં વૃક્ષો ઉપરથી ઊડતાં રણછોડજીનાં મંદિર તરફ આવવા ગોમતી ઉપરથી પસાર થઈ રહ્યાં હતાં. પૂર્વ તરફનું આકાશ ટસરોથી લાલચટક ચૂંદડી ઓઢીને આવી રહેલી નવોઢાના કુમકુમના પગલાં પાડતાં લાલ થઈ રહ્યું હતું.... જાણે ઘુંઘટ ખોલતા દુલ્હા રાજાના સ્પર્શ માત્રથી શરમના સેરડા દુલ્હનને ના ફુટ્યા હોય! તો વળી એક નિશ્વાસ દુલ્હાનો ફેંકાઈ જાય તેમ મયુરથી એક નિશ્વાસ ફેંકાઈ ગયો.

‘‘હાય... સાલ્લા.... ટાયગર... છટકી ગયો’’ કંઈ નહિં, તો વળી બીજો નિશ્વાસ... માધવી યાદ આવતાં ફેંકાઈ ગયો.

‘‘ઓહ... માધવી...’’

તું જો ના હોત તો.... આજ ટાયગરને...

પણ તું છે તો જ આ શ્વાસ છે, નિશ્વાસ છે... જીવનનો હર ધબકાર છે...

કદાચ મારું આ જીવન વેરાન બની ગયું હોત. મયુર બારી પાસે પડેલી સીગારને હજુ જોઈ રહ્યો હતો.

તે બીજી જ ક્ષણે ગોમતીના નિર્મળ નીર તરફ દષ્ટિપાત કરતો રૂમ તરફ ગયો તો તે દંગ થઈ ગયો. ટાયગરનો ફોલોઅર્સ ગુમ. લોહિના ધાબા ફર્સ ઉપર ફેલાયેલાં હતાં. તેના લોહી ખરડાયેલા બુટનાં પગલાં રૂમ નંબર - ૮ તરફ જતાં રહ્યાં હતાં.

મયુર ચમકી ઉઠ્યો ‘‘તો શું... રૂમમાં બે નહી ત્રણ વ્યક્તિ

હતા. જરૂર આ લાશ કોઈ ઉઠાવી ગયું છે તેથી લોહી ખાબોચીયામાં પડેલા બુટના ડાઘને કારણે પગલાં રૂમ નં. ૮ તરફ જળ રહ્યાં છે. મયુર બુટની પડેલી છાપને જોઈ તો તેમાં એક ગોળમાંની છાપ પડેલી દેખાતી હતી. જયાં ફર્સ સ્પષ્ટ હતી.





# ૧૦

ગંદકીના ધસમસતા પ્રવાહ જેમ મયુરના મનમાં અનેક વિચારો તર્ક સંગત દોડી રહ્યા હતા. મયુર વિચારતો હતો કે જો એક ચહેરાના બે માનવી ટાયગર હોય તો સાચો ટાયગર કોણ ? ત્રીજો માણસ પણ ચોક્કસ એક જ પ્રકારના ચહેરાવાળો હોવો જોઈએ. જો આજ ચક્કર ચહેરાઓનું ચાલતું હશે તો જરૂર મહોરાબંધી ટાયગરમાંથી સાચા ટાયગરને કબજે કરવો લોખંડના ચણા ચાવવા જેવી વાત છે. બીજી ક્ષણે તેને વિચાર સ્ફૂર્યો, જરૂર જે બુટ લોહી ખરડાયેલી છાપમાં ટી. નો સંકેત ચિહ્ન દર્શાવે છે અને જે પગલાં રૂમ નં. ૮ તરફ જઈ રહ્યા છે તે જ ટાયગર હોવો જોઈએ અથવા એકસ-૧ તરફથી મળેલી માહિતી કદાચ ખોટી હોય અથવા કોઈ બનાવટી એકસ-૧ બનીને પોતાનો સાચો પત્તો મેળવવા કોશિષ કરે છે.

જો તે બાબત સાચી હોય તો જરૂર દુશ્મનોથી પોતે ઘેરાઈ ગયેલો છે. અને પોતાનો કોડવર્ડ તેમના હાથમાં જતાં રહેતાં વાર નહિ લાગે. મયુરે બીજી ક્ષણે રૂમ નં. ૮ ને લક્ષ બનાવી તે તરફ આગળ વધ્યો પરંતુ તે રૂમ નંબર ૮ માં પ્રવેશે તે પહેલાં જ ડાકોર શહેરના તમામ પ્રવેશ સ્થળોએ ચાંપતો બંદોબસ્ત ગોઠવવાની ઈચ્છા જન્મી, તો વળી બીજી જ ક્ષણે એમ પણ લાગ્યું જો તેમ કરીશ તો પોતે એ-૧ છે તે ટાયગરના માણસોને ખબર પડી જશે અને ખરાખરીના જંગમાં મારે

તેની તલવાર જેમ પોતાના હાથમાંથી છટકી ગયેલા પોતે માની બેઠેલા ટાયગરને પકડવો કઠીન થઈ પડેલ. તેમ છતાં એક સહારો અને આધાર મેળવવા ખાતર પણ તે સ્હેજ અચકાયો અને પોલીસ સ્ટેશને વાયરલેસ કરવા પોતાના કાંડા ઘડિયાળની સ્વીચ ઓન કરી.

મયુર ડરતા હુકમ ભર્યા અવાજે કહી રહ્યો હતો.

હલો...હલો... એન.સી.આઈ.ઓ.એ-૧ સ્પીકીંગ ડાકોર પોલીસ કંટ્રોલ રૂમ ડાકોર શહેરના તમામ પ્રવેશ નાકાઓ પર પોલીસ ગોઠવાઈ જવી જોઈએ અને માત્ર થોડા જ સમયમા સાદા પહેરવેશમાં ડાકોરના યાત્રીકો ઉપર ચાંપતી નજર રાખતી પોલીસ ગોઠવી દો. તમામ યાત્રિકોની ઉપર ચાંપતી નજર રાખીને ભુરી દાઢી ગોળ મોટી માંજરી આંખોવાળો ઉંચો ૬ ફુટ ૭ ઈંચ કદાવર માણસોને પકડી પાડો, ઓકે....

હુ ઈન્સ્પેકટરને રણછોડજી મંદિરમાં પહેલા પગથિયે બેસતા ફુલવાળા પાસે ૭-૩૦ કલાકે સવારે મળીશ. મારા જમણા હાથમાં માત્ર એક જ ગુલાબનું ફુલ હશે.

મયુર વાયરલેસ સેટને ઓફ કરીને પુનઃ રૂમ નં. ૮ ના દ્વાર પાસે આવી ઉભો. એક ક્ષણ માટે તેની ધડકન વધી ગઈ આવનાર પરિસ્થિતિ કેવી હશે ? તેનો તેને ખ્યાલ પણ નહોતો તો બીજી ક્ષણે પાછા પગલે ખુબ ઝડપી માધવીને લઈને ભાગી જવાનો વિચાર આવ્યો. મયુર યુદ્ધના મેદાનમાં ઉભા રહેતા અર્જુન જેમ અનિર્ણાયક સ્થિતિનો અનુભવ કરતો હતો. મયુરને માધવીનું આકર્ષણ ખેંચતું હતું. તો વળી મયુરે માધવી પ્રત્યે કરેલા વર્તનથી માધવીના મન ઉપર





કેવી અસર થશે તે વિચાર સુધ્ધાં મયુરના હૃદયમાં આછો કંપ લાવી ગયો. મયુર બે મિનિટ તો બારણાની આડશમાં ઉભો રહી ગયો. તેના હૈયામાંથી એક નિશ્વાસ નંખાઈ ગયો. શું પોતે માધવીને બેહોશ ન કરી હોત તો માધવી સલામત રહી શકત ખરી ? તો વળી મયુર એ પણ વિચારવા લાગ્યો કે માધવીના દેહ પર થયેલા ઘાને રૂજ આવશે ? મયુર વિચારના ચકડોળમાં ચઢતો પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. તેના હૃદયમાં ગ્લાનિ પ્રવેશવા લાગી ને ગ્લાનિ ભર્યો ઝાંખપ અનુભવનો હતાશ બનીને વિચારવા લાગ્યો. શું મારે છળકપટનો ઉપયોગ માધવી માટે કરવો પડશે ? માધવી ઉપર તેની કેવી અસર થશે ?

મયુર વિશ્વાસ વાળતો વિચારોને ખંખેરતો વિચારોના વૃંદાવનમાંથી મુક્ત થઈને સ્વસ્થતા પ્રાપ્ત કરતો રૂમ નં. ૮ ની કોલબેલની સ્વીચ ઓન કરી રહ્યો હતો. કોલબેલનો અવાજ તીણો હતો. સમગ્ર અવાજ શાંત વાતાવરણને વેધકતાથી ભરી દેતો હતો. થોડી મિનિટ પછી પુનઃ મયુરે કોલબેલની સ્વીચ ઓન કરી પરંતુ નિરર્થક. મયુરે ત્વરિત નિર્ણય લીધો. મયુર પુરી તાકાતથી પોતાનો ખભો બારણાને અડકાડ્યો. એક ધમાકો ધડમ ધડ વાતાવરણમાં ફેલાઈ ગયો. બારણું મયુરના ધક્કાનુ સહન ન કરી શક્યું. મયુરના ધક્કામાં એવી તાકાત હતી કે બારણું તૂટીને નીચે પટકાઈ ગયું. બીજી ક્ષણે મયુરની નજર રૂમના દ્રશ્ય પર પડી. સામે દક્ષિણામુખ આયનો પુરા કદનો લટકી રહ્યો હતો. તેની પાસે ગોઠવાયેલા ટેબલ ઉપર ગોઠવાયેલી ફુલદાનીમાં તાજા ગુલાબના ફુલો શોભી રહ્યાં હતાં. મયુરના મનમાં વિચાર ઝબુક્યો 'આટલું વ્હેલું ગુલાબનું ફુલ કોણ લાવ્યું હશે ? તો

બીજી ક્ષણે મયુર તે પણ વિચારવા લાગ્યો રૂમ નં. ૭ માં જે ફૂલદાન છે તેવીજ ફુલદાની અહિં કેમ ? રૂમ નં. ૮ માં એટલી તફાવત હતો કે દિવાન એક જ હતો અને તે પૂર્વની દિવાલે અડકીને ગોઠવાયેલા હતો. તેની ઉપર એક બારી પડતી હતી જે બારી અડધી ખુલ્લી હતી. મયુરે પાછું ચોકસાઈથી જોયું તો લોખંડના સળિયા જડેલા હતા. સળિયા યથાવત હતા. વોશિંગ બાથની સામેનો આયનો તુટેલો હતો.





# ૧૧

રૂમ નંબર - ૮ ની પૂર્વ દિશાના વાયવ્યખૂણા તરફની બારી ખુલ્લી હતી.... લોહી ખરડાયેલાં પગલાં રૂમ નં. ૮ માં પ્રવેશીને પૂર્વની દિવાલ પાસે અડકીને ગોઠવેલા દિવાન પાસે જતાં હતાં. એવું અનુમાન થતું હતું કે જાણે કોઈ ઘાયલ માણસ દિવાન ઉપર ગોળી વાગ્યા પછી બેઠો હોવો જોઈએ અથવા લાશને ઉંચકીને આવનાર માણસે સ્વસ્થતા મેળવવા માટે અહિ થોડી મિનિટ પણ બેઠેલો હોવો જોઈએ. મયુરનું મન વધુ સતર્ક બન્યું. તેણે જોયું તો દિવાન ઉપરની આકર્ષક ડિઝાઈનવાળી ચાદર સ્હેજ ચુંથાયેલી હતી. પૂર્વ તરફ ગોઠવાયેલું ઓશીકું પલટાયેલું લાગ્યું. તેના કવરમાંથી કંઈક કાઢવાનો પ્રયાસ કર્યો હોય તેવું લાગ્યું અથવા કવરમાંથી કંઈક કાઢીને ઓશિકુ જેમતેમ મૂકીને ટાયગર ખુબ ઝડપથી રૂમ છોડી ગયો હોવો જોઈએ. ત્વરીત ગતિએ મયુરે દિવાનની ચાદર ફેંદી નાખી. તેણે દિવાન ઉપરના ડનલોપ ગાદલાને ઉંચકીને નીચે ફેંકી દીધું ત્યારે મયુરની નજર દિવાન અને ગાદલા વચ્ચે ગોઠવાયેલા ટાઈમ બોમ્બ પર પડી. માત્ર ૩૫ મિનિટનો ટાઈમ ગોઠવાયેલો તેણે જોયો. થોડી મિનિટ જ બાકી હતી. મયુર એક ક્ષણ માટે આંચકો અનુભવી ગયો. તેણે ક્યારેય આ કલ્પના ન્હોતી કરી કે સમગ્ર ગાયકવાડ હવેલી સાથે તેને ઉડાવી દઈને ટાયગર

હિંસાનો આતંક ફેલાવી શું કરવા માગે છે ? તેને જે કોઈ મતલબ હતો તે માત્ર એ-૧ સાથે છે. ગાયકવાડ હવેલી સાથે ક્યો મતલબ હોય ? આટલા બધા નિર્દોષ માનવીની હત્યા કરવામાં ટાયગરને શું મળવાનું છે ? એ.એલ.સી.સી. ના જાસુસ આટલા બધા ક્રુર કેમ હશે ? શું માત્ર દેશમાં હિંસાનો દોર ફેલાવી ભારતની પ્રજાને ભયભીત કરી સરકારમાંથી વિશ્વાસ ઉડાવી દઈને મોતનું સામ્રાજ્ય ફેલાવવા માગે છે કે મુલો નાસ્તિ જેમ હવેલીમાં બનેલી ઘટનાને બોમ્બ વિસ્ફોટમાં ખપાવીને એમ સાબિત કરવા માગે છે કે અહિ કોઈ જાસુસી ઝપાઝપી થઈ નથી. માત્ર આતંકવાદી પરિબળોએ હિંસાનો તાંડવ શરૂ કરીને હેરાની તાડસમા સરહદી રાજ્ય ગુજરાતને અસ્થિર કરી દુશ્મનોનાં થાણાં સ્થાપી પસંદ કરેલા શહેરો ઉપર કબજા મેળવી લેવા માગે છે ? જે હોય તે પરંતુ મયુરને એક તરફ નવો જ વિચાર સૂઝયો. જે કંઈ બની રહ્યું છે તે બનવા દેવું અને પોતે ખુબ સલામત રીતે માધવીને લઈને ભાગી જવું. જો તેમ નહિ કરે અને બોમ્બને નિરર્થક કરશે તો તે ખુલ્લો પડી જશે તો બીજી તરફ ડાકોરની પોલીસને આપેલા સુચના મુજબ પી.એઈ.આઈને મંદિરમાં મળવા આપેલી સુચનમાં પોતે મહત્વની કામગીરી નહિ કરી શકે, તો વળી સુખરામ સેુવક અને જગ્ગો આ બાબત જાણશે તો જનકરાય પાસે જલ્દી વાત પહોંચી જશે કે માધવી સાથે મારો સંબંધ જુદા પ્રકારનો છે અને હું એક એવી ભેદી વ્યક્તિ છું કે મારી સાથે માધવીનું સાથે રહેવું એટલે ડગલે ને ડગલે મોત સમાન છે. જેથી માધવીના હિત ખાતર પણ જનકરાય માધવીને પોતાનાથી દૂર રાખશે.



મયુર ટાઈમ બોમ્બની વિસ્ફોટ શક્તિ બરાબર જાણતો હતો કે આ બોમ્બ વિસ્ફોટ ડાકોરના ૨૦૦૦ ચોરસ મિટરના વિસ્તારનો નાશ કરી શકે છે. વિશ્વવિખ્યાત રણછોડજી મંદિર જે વર્ષોથી ઉભું છે તે નાશ પામે તો ભયાનક આતંક ફેલાઈ જાય અને હિંદુ મુસલમાનના હિંસાચારમાં સમગ્ર દેશના ભાગલા પડી જાય. જે અંગ્રેજો ન કરી શકયા તે આ બોમ્બ કરી શકે. જરૂર ટાયગર આ વિસ્ફોટ કરીને એક સાથે ત્રણ પક્ષી મારવા માગે છે. મને મારીને તે એમ સમજે છે કે મારી સુટકેશ લઈને તેણે બધુ જ મેળવી લીધું છે. તો વળી ભયાનક વિનાશ સર્જાય તો એ.એસ.એસ.સી. ની સર્વોપરિતા સાબિત થાય અને એ.એલ.સી.સી ના નામ માત્રથી ભારતમાં અનેક શહેરોમાં શાસન ચાલુ થઈ જાય તો સમગ્ર ભારતનો કબજો મેળવવો એટલે રમત વાત. તો બીજી તરફ

# ૧૨

સાડીના આરપાર દેખાતા માધવીના ઉરજો મયુરને વધુ મોહપાશમાં જકડતા હતા. મયુર બબડી ઉઠ્યો, ઓહ ! સૌદર્યની શોભા તો તેના આવરણ અને અલંકારોથી વધુ ખીલી ઉઠે છે. વધુ મોર્ડન દેખાવા પ્રયાસ કરતી શહેરી યુવતીઓ કરતાં સાડીમાં શોભતી ગ્રામ્ય યુવતીઓ નાજુક કે સુંદર ના હોય તો પણ કસાયેલા સુડોળ અંગોમાં આકર્ષક લાવણ્ય હોય છે.

મયુરના મનોજગતમાં અનેક વિચારો ગ્રામીણ નારી, યુવતીઓ અને બેડોળ શહેરી નારી અને યુવતીઓ વિષે તરંગીત થઈ રહ્યા હતા. તેના કૌમાર્યકાળમાં યુવાનીને ઉંભરે પગ મુકતી કામિની, વર્ષા, સુરભિ, તેની નજરો સમક્ષ તરવરવા લાગી. જેસંગકાકાની કામિની સીસમવર્ણી, ઊંચી, પાતળી, યુવતી હતી. મયુરની પડોશમાં રહેતી હતી. તો વર્ષા મંગળદાસ શેઠની એકની એક લાડકવાયી નીચી નમણી છેલબટાઉ પુત્રી હતી. વર્ષા બોલતી ત્યારે જાણે વાયોલીનની સૂરો રેલાતા હોય તેવું લાગતું. વર્ષા સરસ ઢોકળા બનાવતી તો કામિની મનગમતા મંગેતરને માન્યો હોય તેની યાદમાં ખોવાઈ જતી હોય તેમ બાજરીના લોટને કણસા કણસીને સુંવાળા ઊંજાળા-ડાઘ વગરના ફૂલેલા ફૂણા ફૂણા રોટલા બનાવતી. મયુર વિચારતો હતો કે કેવી મઝા આવતી



હતી એ ગરમ ગરમ રોટલા ઉપર ચોપડેલા ચોખ્ખા ઘી અને ગોળ, ડુંગળી અને આથેલાં મરચાં ખાવાની. તો વળી ગરમ ગરમ ઢોકળાં ખાવામાં ગુલતાન થતાં મયુર બોલી ઉઠતો "અરે વર્ષા....! આપણે વનભોજન કરવા, ઉજાણી કરવા જઈશું ?" ને વર્ષા કામિનીની સાથે મુગ્ધાવસ્થામાં પ્રવેશતી ૧૩-૧૪ વર્ષની સુરભિને મયુર ખેંચી જતો અને બધાં ઉજાણી કરતાં. આખો દિવસ આંબાડાળે હિંચકો નાંખતો ત્યારે મયુર હોંસે... હોંસે હિંચકા નાખતાં થાકતો પણ નહિ.

અને એક દિવસ વર્ષાને ઘેર આવેલી તેની માસીની દિકરી... માધવીને આંબાવાડીમાં હિંચકો નાખતાં બોલી ઉઠ્યો હતો. "માધવી.... હું હિંચકો નાખતાં થાકુ તો હું હાર્યો અને તું હિંચકો ખાતાં થાકે તો તું હારી, સમજી. છે શરત કબુલ ?"

એ જ સમયે બાલીકા માધવી બોલી ઊઠી, જો હું હારૂ તો... તું કહે તેમ કરવાનું બસ.... ! અને મયુરે આભલે અડકે એવા હિંચકા નાખ્યા કે ના પૂછો વાત..... મયુર થાકતો નથી તો માધવી પણ થાકતી નથી. અને કોઈ સચરાચરના હીંડોળે બેઠી હોય તેમ માધવી ખડખડાટ હસ્યા કરતી હોય છે અને મયુરને પોરસ ચડાવતી તાકાતને પડકારતી બોલતી હતી "મયુર... આવો હિંચકો ઊં... હું જરા જોરથી નાખને મને ખૂબ મઝા આવે છે."

મયુર જોર જોરથી હિંચકા નાખવા લાગ્યો. અને અચાનક બાંધેલા હિંચકાની સાથે માધવી ડાળી સાથે નીચે પડી ત્યારે ખિલખિલાટ કરતા હાસ્ય સરોવરમાં આવેશ ગુમાવતા વર્ષા, સુરભિ અને કામિની એકઠા થઈ ગયા. માધવીને બેઠી કરી અને મયુર પણ હાંફળો ફાંફળો

ગભરાયેલો તેના વાળ ખંખેરવા લાગ્યો ને કહેવા લાગ્યો "તને વાગ્યું તો નથી તે...." ત્યાંજ કામિનીની નજર માધવીની છાતી ઉપર લાગેલા લાકડાથી ઉખડી ગયેલા ચામડીમાંથી નીકળતા લોહી પર પડી અને કામિની બોલી ઉઠી... "અલ્યા જોતો નથી બિચારીને કેટલું વાગ્યું છે, દોડ...દોડ... ઘરેથી ચા લેતો આવ..." અને મયુર દોડતો જઈને ચા લઈ આવ્યો. તેણે મસળીને ચાનો ભુકો માધવીની છાતી પર લગાવી દીધો....

મયુર એ દિવસો યાદ કરતો હતો. આજ માધવીના ઉરજ પરથી ખસી ગયેલા પાલવને ઢાંકતા અચાનક તેની નજર માધવીની ઉરજ પરના ડાઘ પર પડી અને તે ચમકી ઉઠ્યો, ઓહ... આ શું માધવી ! કોણ, તું... તે માધવી ! ઓહ... માય ગોડ એટલે જ મને તારો આટલો મોહ છે અને તને મારો. અચાનક તેની નજર કાંડા ઘડિયાળમાંથી થતા લાલ લાઈટ પર પડી, તેણે ઈયરફોનની સ્વીચ ઓન કરી. વાયરલેસમાંથી અવાજ આવી રહ્યો હતો. "હેલો હેલો એ-૧ એ-૧ પ્લીઝ તમારી આસપાસ ટાઈમબોમ્બ છે. દેશ ખાતર પણ તમારે જીવવું મહત્વનું છે. ૨૫ થી ૩૦ હજાર લોકોની જાનહાની થઈ જશે. ગમે તેમ કરો. જનતાને બચાવો... પ્લીઝ આ સે મી X-૧. ઓનલી યુ આર એ ગોડ મેન ઓફ ઈન્ડિયા. યુ હેવ એ કોડ વર્ડ.... પ્લીઝ... "મયુર કોઈ અગમ્ય કારણોસર આજ્ઞાંકિત સૈનિકની જેમ માધવીને ત્યાંજ પડતી મુકીને પૂરી તાકાતથી દોડી ગયો રૂમ નં. ૮ તરફ. માત્ર ક્ષણ મિનિટ જ બાકી હતી. તેણે ખૂબ ઝડપથી ટાઈમ બોમ્બની ટેકનીક જાણી લીધી. ટાઈમ બોમ્બ ફૂટવાનો હતો જરૂર





ફૂટવાનો હતો. ભયાનક વિસ્ફોટ જાનહાની નોતરે તે સનાતન હતું જ. તે બોમ્બ લઈને દોડ્યો, બહું ઝડપથી ગોમતી તરફની બારી તરફ. તેણે પૂરી તાકાતથી ક્રિકેટનો બોલ ફેંકી દે તેમ ખૂબ ઉંચે બોમ્બને ગોમતીના પ્રવાહ વચ્ચે ફેંક્યો. મયુરના હાથમાંથી ફંગોળાયેલ ટાઈમ બોમ્બ ગોમતીના પ્રવાહની ઉપર ખૂબ ઉંચે હવામાં તેજ ક્ષણે વિસ્ફોટીત થયો. એક ભયાનક અવાજના કારણે તમામ દિશાઓ મેઘ વર્ષાના સરજાતા વાદો જેમ ગાજવા લાગી.

# ૧૩

મયુર જ્યારે રણછોડજીના મંદિરમાં પ્રવેશ્યો ત્યારે ૭-૩૦ થઈ ચૂક્યા હતા. મંદિરના મુખ્ય પ્રવેશ દ્વાર પાસેના પગથિયાં પાસે જ ઈન્સ્પેક્ટર રાઠોડ ઊભા હતા. તેમની થોડે દૂર બે કાળા ચહેરાવાળા યુવાનો થોડી થોડી ક્ષણે રાઠોડની વોચ કરતા તિરછી નજરે નિહાળી રહ્યા હતા. મયુર થોડી ક્ષણ માટે મુખ્ય દ્વાર પાસે બુટ કાઢવાનો ડોળ કરી ઉભો રહ્યો. થોડી મીઠાઈ ખરીદી અને પ્રસાદનું એક બોક્સ તૈયાર કરાવ્યું. તુરંત તેણે ઈન્સ્પેક્ટર રાઠોડ તરફ જોયું. રાઠોડની નજર અને મયુરની નજર એક થઈ. મયુર બીજી મિનિટે માળી પાસે આવી ઉભો. તેણે એક રોકડો રૂપિયો આપ્યો. માળીએ ફૂલનો પડિયો મયુર સામે ધર્યો. મયુરે તેમાંથી એક જ લાલ ગુલાબનું ફૂલ હાથમાં લીધું. ઈન્સ્પેક્ટર રાઠોડને સેલ્યુટ આપતાં રોક્યો. મયુરે દૂર ઊભા ઊભા જ મંદિર તરફ જોતાં કહ્યું... હલ્લો રાઠોડ... આઈ એમ એ-૧ ઓર્ડર્ડ યુ.... પુરા ડાકોરને કોર્ડન કરી લો ! જરૂર પડે બી.એસ.એફ. કુમક બોલાવી લો. આ ફોટો.... મયુરે શર્ટના ખિસ્સામાંથી પાસપોર્ટ ફોટો કાઢીને આપ્યો....

"ઓકે..." ઈન્સ્પેક્ટર રાઠોડે ફોટા ઉપર નજર ફેરવી લીધી...

"હી ઈઝ એ ટાયગર... અન્ડર સ્ટેન્ડ ? બી કેર... સંપૂર્ણ ડાકોર વિસ્તાર ભયજનક પરિસ્થિતિમાં છે. રેડ એલર્ટ જાહેર કરી





સતત કોમ્બીંગ કરી ટાયગરને એરેસ્ટ કરો !"

હું હવે કયારેય નહિ મળુ... જયાં સુધી કામ પુરૂં નહિ થાય ત્યાં સુધી હું એ-૧ થી મેસેજ અને ઓર્ડર આપીશ... આ એલ.સી.સી.ઈ. ની ટીમ છે. મોટા રાજકિય નેતાઓની હત્યાઓ પ્રજામાં આતંક ફેલાવાનું કોન્ટ્રાક્ટ બેઈઝ પર કામ કરે છે. દુશ્મન દેશો પાસેથી નાણાં મેળવી નિયત વિસ્તારને પીકઅપ કરી બીજા દેશને કોન્ટ્રાક્ટ બેઈઝપૂર્વક વર્ષ - બે વર્ષ માટે સ્મગલીંગ અને રાજકીય પ્રવૃત્તિઓ માટે વેચાણ આપે છે. ગુજરાતને આ વિસ્તાર સરહદી પ્રદેશ વિસ્તાર છે. સરકારી પોલીસતંત્ર અહીં એલર્ટ નથી. તેમજ પાલતું કૂતરા થોડી લાંચ-લાલચમાં પોલીસને ફોડી શકાય છે. સ્થાનિક નેતાઓ પણ ભીરું અને દેશદ્રોહી છે. જેથી આ ગેંગને માટે આ રેસ્ટ પ્લેસ જાહેર છે તેમજ સમગ્ર ઈન્ડીયામાં ચોક્કસ સ્થળોએ પ્રવૃત્તિ કરીને સંચાલન કરી શકાય છે. અહીં જાહેર સ્થળો જ ગુપ્ત સ્થળો જેવાં છે. કોઈને કોઈ કુમક તમને મળી રહે છે.

આ કામમાં જો પોલીસ સહેજ પણ લલચાઈ તો હું જ ફાયર કરી દઈશ...

કાયદાનું પાલન થવું જ જોઈએ... દેશ ખાતર.... ઓકે....

અને મયુરે પોતાના હાથમાંનું એ ગુલાબનું ફુલ ઇન્સ્પેકટર રાઠોડને આપ્યું ને મયુર ત્વરિત સ્થળ છોડીને પૂર ઝડપે ચાલી નીકળ્યો. તેણે પ્રત્યુત્તરની પણ રાહ ના જોઈ તેણે ઈન્સ્પેકટર રાઠોડના ચહેરા ઉપરના ભાવ પણ નિહાળવાનો પ્રયાસ ના કર્યો.

મયુર જ્યારે મંદિરના પ્રવેશ દ્વારના પગથિયાં ઊતરી રહ્યો હતો

ત્યારે યાત્રિકોની ભાગદોડ ખૂબ ચાલી રહી હતી. ખૂબ ઝડપથી તેણે દૂર લક્ષ્મીજી મંદિર તરફના રસ્તા ઉપર પોલીસને જોઈ. મયુરને સંતોષ થયો કે પોલીસ પબ્લીકનું વોચ કરી રહી હતી. મયુર ગાયકવાડ હવેલી તરફ જવાને બદલે હિરાલક્ષ્મી ટાવર પાસે જવા નીકળ્યો.

મયુરને કંઈ એવું લાગ્યું કે તેની પાછળ કોઈક પીછો કરી રહ્યું છે. તેણે ખૂબ ઝડપથી પીઠ પાછળ જોયું. બીજી જ ક્ષણે તે બે ફૂટ ડાબી સાઈડ ખસી ગયો. તેનો હાથ પાછલા પેકેટમાં રીવોલ્વર પર પડ્યો. ત્વરિત રિવોલ્વર ખેંચી કાઢીને એ જ ક્ષણે નિશાન તાકી ફાયર કર્યું. સાઈલન્સર સાથેની રિવોલ્વરમાંથી અવાજ થયો. સ્યુઈક.... ને બીજી ક્ષણે મયુરની પીઠમાં ભોકવા માટે ઊચકાયેલું ખંજર નીચે પડ્યું અને રીવોલ્વરની એ ગોળી પાછળ ઊભેલા યુવાનની ખોપરીમાં ઘુસી ગઈ. યુવાન ઢગલો થઈને નીચે પડ્યો. મયુર તેની પાસે પહોંચ્યો. યુવાન લાંબો હતો. ઊજળો હતો. મોટી પહોળી આંખો હતી. તેનાથી નંખાઈ ગયેલી એક ચીસ ચોપાસ વાતાવરણમાં ફેલાઈ ગઈ ''ઓહ યુ આર એ-૧ બેડ લક.... બેડ લક... આઈએમ નોટ સક્સેસ... મયુર મને ન ઓળખ્યો ! હું હું નિમેષ તારો કલાસ ફેલો નિમેષ સન્યાલ... લાલચ લોભ રાતો રાત લખપતિ બનવાના સ્વપ્નામાં હું એલ.સી.સી ની ગેંગનો શિકાર બન્યો. તારા જેવા દેશપ્રેમીની હત્યા માટે મને કામ સોંપાયું પણ હું નિષ્ફળ... ઓહ... ભગવાન માફ કરજે. અને ઢગલો થઈને પડેલા યુવાનું પ્રાણ પંખેરું ઊડી ગયું.''

વિસ્ફોટીત થયેલા બોમ્બના અવાજ માત્રથી મકાનો ધ્રુજી ઉઠ્યા હતા. ગામો પણ કંપી ઉઠે તેમજ અને માણસો સમતુલા ગુમાવીને બેહોશીને વર્યા હતા. તો વળી જર્જરીત મકાનો ધરાશાયી બન્યાં હતાં,





વિસ્ફોટીત બોમ્બ ફૂટવાને કારણે તેનો પડઘો ચોતરફ ફેલાઈ રહ્યો હતો

મયુરે નિમેષને ઓળખ્યો, તે તેની તરફ ઝૂક્યો. મયુરની આંખો ભીની થઈ પરંતુ વ્યર્થ.

# ૧૪

નિમેષના મૃત્યુના સમાચાર વાયુવેગે પુરા પંથકમાં ફેલાઈ ગયા. ગુજરાતનાં અન્ય શહેરોમાં અખબારોએ વધારો બહાર પાડી "ડાકોરમાં બોમ્બ વિસ્ફોટ.... કે.... જાસૂસી ઝપાઝપી" "નિમેષનું ખૂન.... કે એલ.સી.સી.ઈ જાસૂસી જાળમાં ફસાયેલા ગુજરાતના યુવાનો" જેવા સમાચારોના હેડીંગથી ખળભળાટ મચી ગયો હતો.

મયુરની ધારવા કરતાં કામગીરી વધુ કઠીને અને ઝડપી બની હતી. તેણે શારદા મંદિરમા પહોંચી મંદિરમાં આવેલા દ્વાર માટેના ભોંયરામાં જઈને વાયરલેસ દ્વારા જીલ્લા ડી.એસ.પી. નો સંપર્ક સાધ્યો અને વધુ પોલીસ કુમક મોકલવા જણાવ્યું. તેણે એ પણ આદેશ આપ્યો કે મૃત્યુ પામનાર નિમેષની દબદબાપૂર્વક તેની માતા પાસે લાશ લઈ જવામાં આવે. જ્યારે તેણે વાયરલેશ સેટ ઉપર કહ્યું. "હેલો.... ડી.એસ.પી. માથુર..."

"મૃતક નિમેષ મારો કોલેજ ફેલો છે. હું અને નિમેષ અમદાવાદમાં જ રહીએ છીએ."

જો જો હોં તેને ત્યાં જતાં ખૂબ સાવધાનીથી કામ લેજો. તેની માતા ખૂબ કોમળ છે. બિચારાં એ ભરયુવાનીમાં આંખો ગુમાવી છે.



પિતા નથી, આંધળી માનો એક જ સહારો છે. અંતીમ સંસ્કાર વિધિ પૂરી કરીને જ અધિકારીઓને આવવાનું કહેજો."

"શક્ય હશે તો હું જાતે જ વહેલો આવી પહોંચીશ."

...."ઓકે"....

માત્ર એક જ જવાબ સામેથી આવ્યો... યા બોસ...

અને મયુરે વાયરલેસ સ્વીચ ઓફ કરી. રીસ્ટવોચમાં સવારના ૭-૪૫ થઈ ચૂક્યા હતા. મંદિરમા ભોંયરાની ઉપરના ભાગમાં કમળ આકારનું સુંદર મંદિર હતું. તેમાં શ્રી સરસ્વતી દેવીની સુંદર પ્રતિમા ગોઠવેલી હતી. માનવ કદ કરતા મોટી વિરાટ, પ્રતિમા ખરેખર સુંદર અને પવિત્ર હતી. ગઈકાલે સાંજે ડાકોરના ગાયત્રી મંદિરમાં જોડાયેલી ઉત્તર તરફ ગોઠવેલી સરસ્વતીજી, લક્ષ્મીજી અને મહાકાળીમાં દુર્ગાની પ્રતિમા કરતાં વધુ આકર્ષક ચમત્કૃત લાગી હતી.

મયુરે જ્યારે ભોંયરામાં જગત ગુરૂ શંકરાચાર્યનાં જીવન ઉપર દિવાલમાં બનાવેલા ચિત્રો જોતો હતો ત્યારે માતાને સમજાવતાં શંકરાચાર્ય, માતાના અગ્નિ સંસ્કાર સમયે હાજર રહેલા શંકરાચાર્ય, કવિઓ સાથે શાસ્ત્રાચાર્યનાં જીવનનાં દ્રશ્ય જોઈને મયુરને થયું કે વિશ્વમાં હિંદુ ધર્મ જ આર્ય સંસ્કૃતિને આગવું પ્રેરક બળ આપનાર શંકરાચાર્ય ને આટલી તો જરૂર એ સમયે ખબર નહિં હોય કે જે ધર્મ પોતે ફેલાવો કરવામાં જીવન ન્યોછાવર કરે છે તે ધર્મની પ્રજા એક સમયે એક સામાન્ય રામમંદિર જેવી બાબતમાં આક્રમક બની જઈને બાબરી ધ્વંશના કાર્યમાં જોડાશે અને "સર્વ ધર્મ સમભાવ" ના મૂળ સિદ્ધાંતને ઠેસ પહોંચાડશે. "મૂલ્યવાન ચીજની પ્રવાહીતા વધે છે ત્યારે

તેનું મૂલ્ય ક્ષય પામે છે.''

ન્યાયનો સવિસ્તાર થતાં મનુષ્ય અંતર ગરીમા ગુમાવે છે અને શબવત જીવન પસાર કરે છે.

મયુર ભોંયરામાંથી બહાર નીકળ્યો. ભોંયરાના દ્વારે વિશાળ બે હાથીઓની પાસે બે દ્વાર હતા તેની પાસે ઊંચી વિદેશી ઉછરેલી હતી. ક્યારેય નહીને મયુર મંદિરના પગથિયાં ચઢીને ફર્સ પર વંદન કરીને બેસી ગયો. તેની દષ્ટિ સરસ્વતીજીની આંખોમાં પરોવાઈ ગઈ. મન હળવું હળવું થયું. મયુરના નેત્રો બંધ થયા કે અંતર મુખ થયો. મયુર ક્યાંક શાંતિનો દંભ અનુભવતો હળવો થવા લાગ્યો હતો.

એકાંત... શાંતિ.... નિર્મળ વાતાવરણ માનવીને મળે છે ત્યારે અંતર ખોજમાં માનવી ખૂબ ઉંડો ઉતરી જાય છે. હૃદય પરમાનંદ અનુભવે છે. ધ્યાન યોગનું પ્રથમ પગથિયું જ અંતર મુખતા છે ને !

હૃદય કેન્દ્રમાં દષ્ટિને એકત્ર કરી પુરા સ્વસ્થ ચિત્તે વિચારે પાછળ દોડવાનું છોડી અંતર મુખ બનીએ ત્યારે સમય પણ થંભી જાય છે. અંતર ચિતના ચિદ્‌કાશમાં એક તિવ્ર અભિલાષા જન્મવાની શરૂ થાય છે. હોઠ સૂકાવા માંડે, કંઠ સૂકાઈ રહે છે. ક્યારે જ અનુભવાયેલી અનુભૂતિ ગળામાં અનુભવાય છે. મયુર તે અનુભવ કરી રહ્યો હતો. અચાનક થોડી ક્ષણ વિચાર અટક્યા અને મયુર સ્વાસ્થતાની ક્ષણો અનુભવી ચુક્યો ત્યાં જ માધવીનો વિચાર આવ્યો. મયુર એક-બે પાંચ મિનિટ પછી જ્યારે આંખ ખોલી તો મા શારદાનો ચહેરો હસતો લાગ્યો તેની આંખોમાં કરૂણા જણાઈ. જાણે કંઈ કહેતા ન હોય....

મયુર સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી જ્યારે તે બહાર નિકળવા





ગયો તો બાજુમાં એક બોર્ડ લગાવેલું હતું તેની પાસે એક પશ્ચિમની દિવાલ ઉપર નાનું મંદિર હતું. મંદિરમાં ગણપતિની પ્રતિમા હતી. નોંધ લખાવેલી હતી કે આ પ્રતિમા બનાવેલી નથી પરંતુ સફેદ આકળાના મૂળના આ શ્રી ગણેશ છે મયુરને શ્રી ગણેશની પ્રતિમા જોઈને ખૂબ્ ખૂબ આનંદ થયો તેણે પોતાના જૂના ઘરનો સૂવાનો ઓરડી યાદ આવી ગયો તે સમયે મયુર કોલેજ કરતો હતો. માધવી તેના જીવનમાં પ્રવેશી ન હતી એક દિવસ રાત્રે તે વાંચતો હતો ત્યારે બરાબર તેની સામેની દિવાલે લૂણાને કારણે ભિનાશ હતી દરરોજ એક ધાબુ ચિત્રનું સ્વરૂપ પકડતુ હતુ તેણે એક રાત્રે જોયું તો એક પલંગ તેમાં પોતે સૂતેલો છે અને સામે છોકરી રડી રહી છે થોડી મિનિટો પછી આ ચિત્ર સ્પષ્ટ થયું તો ખ્યાલ આવ્યો કે તે માધવી હતી.

# ૧૫

મયુર અમદાવાદ પહોંચ્યો ત્યારે રાત્રિના ૭-૦૦ વાગી ચૂક્યા હતા. નિમેષના શબને લઈ પોલીસ દુધેશ્વર પહોંચી ગઈ હતી. સાબરના પટમાં ફેલાયેલા ઈલેક્ટ્રીક સ્મશાન ગૃહની ચોપાસ સુંદર ગાર્ડન બનાવ્યો હતો. મોતને પણ એક ઉત્સવ ગણવાની માનવ જાતની વ્યર્થ ચેષ્ટાથી નિમેષ વિવાદભર્યું હસ્યો. તેનું મન કહેતું હતું 'બંધ મુઠ્ઠી સાથે સતત' જીવન જીવતો માનવી ખુલ્લા હાથે અહીં આવતો હશે ત્યારે કેવો વામણો લાગતો હશે.

સ્મશાન વિલાપને પણ ભુલવા માગતો માનવી ૨૧ મી સદીમાં કયાં જઈ રહ્યો છે ? કદાચ માનવીની લાશને ઉંચકનારા ડાઘુઓ પણ આવનાર સમયમાં નહિ મળે. કોને કોની પાછળ રડવું છે ? કોને કોની પડી છે ? સતત સુખ પાછળની આંધળી માનવ દોટ કદાચ માનવીને આંસુ સારતાં પણ ભૂલાવી દેશે તો લાગણીના તંતુઓની સંબંધના ધાગાથી બંધાતા સ્નેહી બનાવો પણ જગતમાં શોધ્યો નહિ જડે !

મયુર થોડો મોડો પડ્યો હતો. નિમેષનું શબ લોખંડની એંગલ પર ગોઠવાઈ ચુક્યું હતું. કફનને ખસેડીને દુરની દિવાલ પર મુકવામાં આવ્યું હતું. સાબરમતીના પટમાંથી આવતી ઉનાળાની સાંજની ઠંડી પવન નિમેષના વાળને લહેરાવતો હતો. મયુર તેના શબ પાસે પહોંચી





આંખમાં આવેલા ઝળહળીયાં લુછી નાખ્યાં અને નિમેષના શબના લહેરાતા વાળને એકવાર પોતાના કરપલ્લોથી સરખા કર્યા.

ઈન્સ્પેક્ટર રાઠોડથી બોલી જવાયુ - ''આવી ગયા સાહેબ''

મયુર એક ક્ષણ ઈન્સ્પેક્ટરની સામુ જોયું. તેના વિષાદભર્યા ચહેરામાં રુક્ષતા હતી. તેની આંખો શોધતી હતી જીવનની મીઠાશ. મયુરે પુનઃ નિમેષના શબના લહેરાતા વાળને સરખા કર્યા. પાસમાં ઉભા રહેલા કોઈ સ્નેહના હાથમાંથી પાણીનો લોટો લઈ લીધો. તેણે પોતાનો સ્વચ્છ રૂમાલ બહાર કાઢી રૂમાલના ખૂણાને ભીનો કર્યો અને મૃત નિમેષના ચહેરાને લુધી નાખ્યો. તેની આંખો જે ખુલ્લી હતી તેના ઉપર પોતાના હાથથી પોપચાં ઢાળીને કાયમ માટે બંધ કરી દીધી. મયુરે તેના મુખમાં શુદ્ધ ઘી મુક્યું. નિમેષનો ભત્રીજો ત્યાં હતો તેના હાથે લાઈટની સ્વીચ ઓન કરાવી. વાતાવરણમાં ચળભળાટ અવાજ પ્રસરી ગયો. શબમાંથી દુર્ગંધ ફેલાવા લાગી. બળતી લાશને જોઈને મયુરના મનમાં એક કમકમાટી જન્મી. પોતાના બન્ને હાથથી ચહેરો છુપાવતો મયુર પોતાની જીગ્નાશા દૂર ન કરી શક્યો તે અનિમેષ નયને બળતા શબને આંગળાની આડશમાં જોઈ જ રહ્યો, બસ જોઈ જ રહ્યો.

સ્મશાનેથી બધા છુટા પડ્યા ત્યારે રાત્રિના આઠ વાગી ચૂક્યા હતા. મયુર કાલે મળવાની વાત કરીને છુટો પડ્યો.

મધ્યરાત્રિએ લાલ દરવાજાથી એ.એમ.ટી.એસ.ની બસો દોડી રહી હતી. આખો દિવસ માનવ વણજારથી ધમધમતુ શહેર હવે થોડી હળવાશ અનુભવતુ હતું. છૂટાછવાયા માનવીઓની ફુટપાથ પર અવર

જવર હતી. સોડીયમ લાઈટમાં નાનું શહેર હમણાં જાગ્યું હોય તેવું લાગતું હતું. બહુમાળી મકાનની સામેની ફ્રુટની દુકાનો હજુ ખુલ્લી હતી. પાંચ-સાત યુગલ હજુ ફ્રુટની ખરીદી કરી રહ્યા હતા. સરદાર ભવનથી સ્કુટર પસાર થતા મયુરે થોડી મિનિટ માટે પોતાનું સ્કુટર સ્ટોપ કર્યું. વાહનોની કંઈ ખાસ અવર જવર ન હોવાથી ફુટપાથ પાસે જ સ્કુટરને મુકીને ફ્રુટની લારી પાસે પહોંચ્યો. તેણે સુંદર સફરજન ખરીદ્યાં. ખાસ ખાવાની ઈચ્છા ન હતી છતાં લાલ ચળકતાં સફરજન તેને લલચાવી ગયાં. મયુરે વિચાર્યું કે માધવીને ખૂબ ભાવે છે. મયુરે સફરજનને પેક કરાવતી વખતે એક સફરજન પસંદ કરીને કાઢી લીધુ એ જાતે જ છરી લઈને ચીપ્સ કરવા લાગ્યો.

લારી વાળો બોલ્યો ‘‘લાવો ચીપ્સ કરી આપું.’’,

‘ના’ માત્ર ટુંકો ઉત્તર વાળી પાતળી ચીપ્સ કરતો હતો ત્યાં જ છરી તેની હથેળીમાં વાગી. મયુરે સફરજન પાછું લારીમાં મુક્યુ, છરી પણ મુકી. વાગેલી જગ્યાએ અંગુઠો દાબી દીધો. લારીવાળો બોલી ઉઠ્યો ‘અરે સાહેબ હું ન્હોતો કહેતો, લાવો કાપી આપુ પણ તમે ન માન્યું.’

મયુર હસતાં-હસતાં કહી રહ્યો ‘ના પાડવાની આદત પડી ગઈ છે.’ તેણે મધ્યમા અને અનામીકાની મદદથી પેન્ટના ખીસામાંથી રૂમાલ કાઢ્યો. રૂમાલને ઝટકાવી તેની ગળી છુટી પાડી. લારીવાળાએ મદદ કરી અને હથેળી પર રૂમાલને બાંધી દીધો. તેણે લારી નીચેની માટલીમાંથી પાણી લાવીને મયુરના બીજા હાથને ધોઈ નાખ્યો. મયુર કહી રહ્યો હતો મારે લીધે તમારે....

‘ના...ના... એમાં શું, માનવી કામમાં નહિ આવે તો પછી





બીજુ કોણ આવશે ?’

‘વાત તો સાચી છે પણ હવે કયાં માનવી માનવી રહ્યો છે ? ટાઈમ ક્યાં છે ? મયુરે હસતાં - હસતા કહ્યું. મયુરે સ્કુટર સ્ટાર્ટ કર્યું. લારીવાળાએ પોતાનો હાથ ઉંચો કર્યો. સોડીયમ લાઈટથી શોભતો પાલડી વિસ્તાર રળીયામણો લાગતો હતો. મહેતા રેસ્ટોરન્ટ પાસે કેટલીક રીક્ષાઓ પડી હતી. લાલ દરવાજા કરતા અહિ થોડો ટ્રાફીક વધારે હતો કારણકે વી.એસ. માં દર્દીઓની મુલાકાતે આવતા સ્નેહી-સંબંધીઓની અવર જવર રહેતી હોય છે. મયુર જ્યારે વી.એસ. માં પ્રવેશ્યો ત્યારે નર્સિસ અને ડોક્ટરની અવર જવર વધુ હતી. મયુર સીધો જ લીફ્ટ મારફતે ૪થા ફલોર પર આવી પહોંચ્યો. ઈમરજન્સી વોર્ડમાં કોઈ ખાસ મુલાકાતીઓને જ એન્ટ્રી આપવામાં આવે છે. વોર્ડપાસે જ ઉભા રહેલા વોર્ડ બોયે તેને રોક્યો. જ્યારે તેણે વાત કરી ત્યાં જ વોર્ડ બોય બોલી ઉઠ્યો, ઓહ ! માધવીબેન ? સીધા જ જતા રહો સ્પેશ્યલ રૂમ નં. ૨ માં છે.

મયુરે રૂમ નં. ૨ નો કોલબેલ વગાડ્યો. અવાજ આવ્યો, ખૂલ્લુ જ છે.

જેવો મયુરે રૂમમાં પ્રવેશ કર્યો તો મયુરને માધવીની એક ક્ષણ માટે નજર એક થઈ. માધવીની નજર વિરાના અનુભવી ઢળી પડી. મયુરની ઉત્કટ પ્યાસી નજર વિશ્વાસના દમ સાથે હતાશ બની ગઈ.

# ૧૬

"માધવી...!" ખૂબ ધીમા છતાં હૃદયની વેદના હૃદયની તડપનો ઠાલવતા દલીત અવાજે કહ્યું. ધોમ ધખતા તાપમાં તપતાં નદીના કીનારાના પથ્થર ઉપર જેમ નદી ઓળંગીને આવતા ભીના પગવાળા મુસાફરના પગની હાલત થાય તેવી જ હાલત મયુરના હૃદયની થઈ. માત્ર સ્પર્શથી સંવેદનાની એક લકીર ખેંચાઈ ગઈ મયુરના ચહેરા ઉપર.

ગળામાં સોસ પડ્યો, હોઠ સુકાઈ ગયા. તળાવની સૂકી નદીના તરડાયેલા ચોસલા જેમ. અને તેની આંખોની ભીનાસ છલકાઈ ઉઠી. મયુર ખૂબ હળવે હળવે માધવી પાસે ગયો. થોડી મિનિટ બસ ઉભો જ રહ્યો. એક રોમાંચીત ઝણઝણાટી તેના દેહને કંપાવી ગઈ. પડછંદ દેહ, પોતાના હાથે થયેલા તેના અનિવાર્ય સંજોગોમાં પ્રિય પાત્ર પરના પ્રહારને અનુભવતો હોય તેમ એક ક્ષણ માટે પ્રત્યાઘાતને અનુભવી રહ્યો તેને લાગ્યું કે હમણાં તે જમીન ઉપર ફસડાઈ પડશે. બાજુની દિવાલનો ટેકો તેણે લીધો.

માનવી જ્યારે હતાશ થાય છે, પ્રત્યાઘાતને અનુભવે છે ત્યારે તેને કોઈને કોઈ સહારાની જરૂર પડે છે. હૃદય ભવ્ય પશ્ચાતાપની આગમાં સળગતું હોય છે. તેની આંખમાંથી નીકળતા પ્રેમ અને અશ્રુ ખારા નહીં પણ મીઠા હોય છે. તેના અંગમાં પ્રેમજવર પ્રસરતો હોય





છે. મયુર પ્રેમજવરમાં તડપતો હતો. આજ તેને એક ક્ષણ માટે પણ સહારાની જરૂર હતી.

સ્પેશ્યલ રૂમની આર.સી.સી. ની દિવાલો તેને આપી શકવાની હતી? ના, રૂમમાં માત્ર માધવી હતી.... પ્રદિપ્ત આંધી ભર્યા અતિતના અરણ્યમાં અટવાયેલ મુસાફર જેવી તેને નયન પર ઢળેલાં પોપચાં ફરી ક્યારે ઉંચકાશે કોણ જાણે ? માધવીએ પોતાનો હાથ પલંગમાં મૂક્યો. અગમ્ય ગતીથી તે હાથ પલંગ બહાર લટકી રહ્યો. મયુર તે હાથને સ્પર્શવા ઈચ્છતો નીચો નમ્યો. મયુરે પોતાનો હાથ લંબાવ્યો. મયુરને હાથ ધ્રુજારી અનુભવતો હતો.

માધવીને એક હળવો સ્પર્શ થયો. પલંગમાંથી લટકતો હાથ માધવીએ પુનઃ પોતાના ઉપર જ મુકી દીધો. માધવી કેમ છે તને ? રૂમના શાંત વાતાવરણમાં એક પ્રશ્નાર્થ ફેલાઈ ગયો. માધવીનો નીચેનો હોઠ ખેંચાયો. પાછો તે મજબૂત્ રીતે બીડાઈ ગયો. "માધવી ! એ સમય એવો જ હતો. હું અને તું બન્ને ગોળીઓથી વિંધાઈ ગયા હોત."

મયુરે વાતના તંતુને આગળ વધારતાં કહ્યું. માધવીએ પડખુ બદલ્યું. પોતાના હાથથી ચહેરો છુપાવી લેતો હોય તેમ પોતાનો હાથ પોતાના ઉપર પ્રસારવા લાગી. મયુર તરફ માધવીની ખુલ્લી પીઠ, તેના આકર્ષક વાળ અને આવનાર સમય હતો.

મયુર હજુ દિવાલના સહારે જ ઉભો હતો. તેણે બાજુના ટેબલ ઉપર બેઠક લીધી. મયુરે પુનઃ માધવીની પીઠ ઉપર પોતાના હાથ પસાર્યો. એક નિશ્વાસ વાતાવરણને પીઠ ઉપર ફરતા હાથે અનુભવ્યો. છૂટતા બંધનોની જેમ માધવીનું હૃદય ઠંડક અનુભવી રહ્યું હતું.

માધવીએ આંખો ખોલી સામેના ટેબલ ઉપરથી પ્યાલો ઉઠાવ્યો. તેને ટેબલ ઉપર સીધો મુક્યો. મયુર ટેબલ ઉપરથી ઉભો થયો ને બોલ્યો.... પાણી આપું ? મયુરે વોટરબેગનું ઠંડુ પાણી પ્યાલામાં કાઢ્યું અને પ્યાલો ભરીને માધવીને આપ્યો. માધવીએ થોડીક ક્ષણો પ્યાલાને પકડી રાખ્યો. તેણે ફર્શ ઉપર પાણી ઢોળી દીધું. મયુરના ચેતના તંત્ર ઉપર ઢોળાતા પાણીની ભયાનક  અસર થઈ, તે ચમકી ઉઠ્યો.

તેના દેહમાંથી એક કમકમાટી પ્રસરી ગઈ. મયુરથી બોલાઈ ગયું. "ઓહ ! આ શું કરે છે માધવી ?" મયુરે બન્ને હાથથી પોતાનું માથુ પકડી લીધું. માધવીએ ઢોળાઈ ગયેલા પ્યાલાને પુનઃ ટેબલ ઉપર ઉંધો મુકી દીધો.

મયુર કહી રહ્યો હતો, "માધવી ! મને સમજ, તું જેમ મને બચાવવા દૂર ખસવા તૈયાર ન હતી તેમ હું પણ તને ગુમાવીને એક ક્ષણ પણ જીવી શકવા શક્તિમાન નથી.

મારે શું ? મારી ફરજ..... મારો પ્રેમ.... બન્ને સાચવવાનાં હતાં. મયુરે એકી શ્વાસે બોલી ગયો તેને હાંફ ચઢી ગયો હતો. માધવીનો એક પણ પ્રતિસાદ સાંભળ્યો નહીં."

માધવીને સહેજ ખુલ્લા હોઠને પુનઃ ચગડીને બીડી દીધા નદી વહેણ બદલે છે તેમ માધવીએ વહેણ બદલ્યુ હતું. માધવીના મનમાં મયુરના અઘટીત વર્તન પ્રત્યે રોષ હતો. તે મનમાં અનુભવતી હતી કે મયુર મારાથી કંઈક છુપાવે છે. છળકપટથી મારો માત્ર મારો ઉપભોગ કરવા માંગે છે. મયુરના વર્તનથી હતાશા અનુભવતી માધવી હતાશાથી ભાંગી પડી હતી. જગ્ગુ જ્યારે માધવીને લઈને ડાકોર આવ્યો ત્યારે





પ્રવેશતી ગાડીને ગાર્ડનમાંથી જોઈ રહેલા જનકરાય એક ક્ષણ તો તેને જોઈને ખુશ થઈ ગયા. પણ જેવા જગ્ગુએ તેમની પાસે આવીને કહ્યું "કેમ છો શેઠ ?"

"ઓહ ! જગ્ગુ આવ આવ ! ઘણા વર્ષો મારૂ ઘર પાવન કર્યું ? કેટલી તારી યાદ આવતી હતી." ભાવવિભોર જનકરાયને કંઈપણ કહેવાની હિંમત જગ્ગુની ના ચાલી. તેમ છતાં જગ્ગુએ નત મસ્તક ચહેરો ફેરવીને કહી નાખ્યું, શેઠ માધવીને થોડું વાગ્યું છે. તેને લઈને આવ્યો છું.

જનકરાય બરાડી ઉઠ્યા.... હેં શું વાગ્યું મારી માધવીને ? તે પડી ગઈ ? હુમલો થયો ?

હું ના કહેતો હતો.... પત્રકારત્વમાં ના પડ.... આપણે શી કમી છે. ભગવાને ઘણું આપ્યું છે. જનકરાય લાકડીને ટેકે દોડવાની કોશિશ કરતાં આગળ વધ્યા. ગાર્ડનની લોનમાં જ તેઓ પડી ગયા. જગ્ગુએ તેમને બેઠા કર્યા. તેણે પાછા ઉભા કરીને લાકડી આપી.

# ૧૭

જનકરાયનો હાથ પકડી જગ્ગુ મારુતિ પાસે દોરી લાવ્યો. બેહોશ માધવીને જોઈને છુટ્ટી પોકે રડી ઊઠતાં જનકરાય કહી રહ્યા, હે બેટા ! માધવી.... તને શું થયું છે ? હું ના જ કહેતો હતો કે તું એ લોફર સાથે ના જા. કોણ જાણે કેવો છે તે ? શું ધંધો કરે છે ? ખબર જ નથી પડતી.

જનકરાયને શાંત્વન આપતાં જગ્ગુ બોલી રહ્યો, શેઠજી ! એ તો ઠીક છે કે મયુરભાઈ હતા. જો તે ના હોત તો માધવી બચી ન શકી હોત. પૂરી હવેલી ગેસ્ટ હાઉસ બોમ્બ વિસ્ફોટથી ધણધણી ઉઠ્યું હતું. ચોમેર માત્ર બોમ્બ વિસ્ફોટના અવાજ માત્રથી મકાનો ધ્રુજી ઉઠ્યાં. કેટલાંય મકાનોમાં તીરાડ પડી ગઈ છે. કોને ખબર શું થયું છે એ લોકોને ? માણસ ખાઉ રાક્ષસની જેમ હત્યાઓ પાછળ જ તૂટી પડ્યા છે.

ના... ના... જગ્ગું તું નથી જાણતો. એ જયાં જાય છે ત્યાં આવું જ બને છે. તે જ આવું કરાવતો લાગે છે. ગયા અઠવાડિયે દિલ્હીની ચાંદની ચોક જેવા વિસ્તારમાં ખુલ્લેઆમ ગોળીઓની રમઝટ થઈ ગઈ. પાછો બચી પણ જાય છે. સરકાર પણ એની પાછળ ગાંડી થઈ છે, તેનું કહ્યું જ કરે છે. જનકરાય જગ્ગુને જુની યાદ આપતાં કહી રહ્યા હતા.



ત્યાં જગ્ગુ જનકરાયને આશ્વાસન આપતો હતો. એ સમયે દુશ્યંતની કાર રોડ પરથી ટર્ન લઈને બંગલાના ગેઈટમાં પ્રવેશી ચૂકી હતી. હેડ લાઈટમાં જ જનકરાયને આંખો લૂછતાં જોઈને દુશ્યંતે કારને બંધ કરી. તે સફાળો કારમાંથી હાંફળો બહાર આવ્યો. દુશ્યંત બોલી ઉઠ્યો, શું થયું ? કેમ બધા આમ... ? જગ્ગુને તત્કાળ ન ઓળખી શકવાથી તે બારીકાઈથી અવલોકન કરતાં ઓળખાણ પડતાં જ તે કહી રહ્યો હતો.

“ઓહ ! જગ્ગુ કાકા તમને શું થયું ? આમ કેમ વચ્ચોવચ્ચ ઉભા છો ?”

કંઈ નહીં.... માધવીને વાગ્યું છે. જગ્ગુએ નિશ્વાસ નાખતાં કહ્યું, ત્યાંજ દુશ્યંતનો બાહુ પકડી હચમચાવી મુકતાં જનકરાય બરાડતા હોય તેમ કહી રહ્યાં. અરે ! દુશ્યંત જો ! જો ! મારી માધવીને કેટલું બધું વાગ્યું છે... હું ના કહું છું તોય તે મયુરીયા સાથે ગઈ અને આવું બન્યું.

દુશ્યંતની ભ્રમર ખેંચાઈ. તેના મનમાં અતિતના બનાવોનો પડદો ખસવા લાગ્યો. અનેક દશ્યો માધવી-મયુર અને પોતાનાં દેખાવા લાગ્યાં. મયુર માધવી કોલેજ કાળમાં સાથે રહેતાં. સરસ બેલડી નેમ હસતાં, નાચતાં, દોડતાં, કોલેજ સાથે આવે સાથે જાય. યૌવનના ઉન્માદમાં કીલ્લોલ કરતા બંને એક બીજાના હાથમાં હાથ પકડી કોલેજ ગાર્ડનમાં ફરતા હોય.

તો વળી ક્યારેક ઉંચા દેવદારનાં વૃક્ષ નીચે તો વળી ક્યારેક સુંદર આસોપાલવનાં વૃક્ષ નીચે બંને હોય. મુક્ત મને માધવી મયુરના ખોળામાં માથુ ઢાળી દેતી હોય, મયુર માધવીના વાળને સજાવતો

હોય તો ક્યારેક મયુર માધવીના હસતા ગુલાબી ચહેરા ઉપર હાથ પ્રસારતો કહેતો હોય - ઓહ ! માધવી તું કેટલી સુંદર છે.... દૂર દૂર ચોરી છૂપીથી દુશ્યંત માધવીને તાકી તાકીને જોયા કરતો અને ઊંડા નિશ્વાસ નાખતો માધવીની યાદમાં ખોવાઈ જતો.

દુશ્યંતના મન ઉપર અચાનક એક દ્રશ્ય કંડરાઈ ગયું. નાતાલના દિવસો હતા. મયુર માધવી અને કોલેજ મિત્રો સાથે દુશ્યંત પણ દમણ ગયો હતો. નાની દમણથી મોટી દમણમાં હોળી મારફતે જતાં દરીયાનાં ઉછળતાં મોજાં વચ્ચે મોજાંની મદહોશતા દુશ્યંતને સ્પર્શી ગઈ. દૂર ઉભેલી માધવીની સામે ટગર ટગર જોઈ જ રહ્યો. માધવી બિન્દાસ બનીને ઊછળતા ફેણીલ મોજાંને જોતી ઊભી હતી. સાથમા મયુર ઊભો હતો. માધવી અચાનક બોલી ઊઠી, “મયુર ! માને કે હોળી ઊંધી વળે તો તું શું કરે ?”

મયુર બોલી ઉઠ્યો, તેમાં શું, હું તને લઈને તરતો તરતો નીકળી જાઉં.

માધવી ખળખળાટ હસી પડી. મયુરે પુનઃ માધવીને કહી નાખ્યું, માધવી ! હોળી ડૂબે તો તું શું કરે ?

માધવી એક ક્ષણ મયુરને હસતી હસતી કહી રહી હું !.... હું !

માધવી દૂર ઝંખવાણા ઊભા રહેલા દુશ્યંતને જોઈને મજાકમાં કહી રહી, હું તો દુશ્યંતને લઈને તરતી તરતી નિકળી જાઉં.

દુશ્યંતની ભ્રમર ખેંચાઈ ગઈ, તેના હોઠ કચડાઈ ગયા. તે હાથ મસળતો કહી રહ્યો, જા ! માધવી આમ શું મઝાક કરે છે. માધવીએ આંખ મીચકારતાં મયુર સામે જોઈને કહી નાખ્યું... સાચું કહું દુશ્યંત,





જેટલો મયુર મને ગમે છે તેટલો તું પણ મને ગમે છે.

ઓહ ! માધવી તેં આ શું માંડ્યું છે. મયુર માધવીનો હાથ પકડી તેને લગભગ ખેંચતો હોય તેમ કહી રહ્યો - “ચાલ આપણે હલેસાં મારીએ” માધવીને લગભગ ખેંચી જતાં મયુરને જોઈને દુશ્યંતની ભ્રમરો તંગ થઈ. તેની આંખોમાં ખુન્નસ છવાઈ ગયું. થોડી મિનિટો તે ક્રોધથી ધ્રુજી ઉઠ્યો.

પરંતુ મજબૂર હતો. તે વિચારી રહ્યો હતો. “કદાચ હું કોઈ ખરાબ વર્તન કરું ને માધવીને ના ગમે તો” તે સમસમીને મૂઢ જેમ ઉભો રહ્યો. હલોસાં મારતાં માધવી અને મયુર દુશ્યંત સામુ જોઈને ખડખડાટ હસી રહ્યાં હતાં. દૂર ઊભો ઊભો દુશ્યંત ક્રોધની આગમાં સળગી રહ્યો હતો. તેને થયું કે માધવી તેની ક્રુર મશ્કરી કરી ગઈ. તે મનોમન બબડી ઉઠ્યો.

“માધવી બદલાની આગ તારા દેહથી ના બુઝાવું તો મારું નામ દુશ્યંત નહિ”.... તે રાત્રિએ હુંફાળી ઠંડીમાં મોટી દમણની હોટલ લેક પેલેસમાં દુશ્યંત અગાસીમાં જાગતો જ રહ્યો. બાજુની રૂમમાંથી માધવી-મયુરની મઝાની વાતો - હસવાનો અવાજ તેના કાનો ઉપર અથડાઈ રહ્યો હતો.

તે રાત્રિએ જાગતા દુશ્યંતે અગાસીમાં ચક્કર મારતાં સાત રમની બાટલોઓ ખાલી કરી નાખી નશામાં ચકચુર તે સીગારેટના દમ ખેંચી રહ્યો હતો.

# ૧૮

બીજા દિવસે માધવી અને મયુર જાગ્યાં ત્યારે સવાર ખુશનુમા હતું. પૂર્વના આકાશમાં ઊગતા સૂરજની લાલીમા છવાઈ ગઈ હતી. રૂમની ખુલ્લી બારીમાંથી શીતલ પવનની લ્હેર આવી રહી હતી. ઊગતા સૂરજ તરફથી આવી રહેલી પંખીડાની કતાર લેક પેલેસથી ઊંચા તાડવૃક્ષો અને આસોપાલવનાં વૃક્ષો ઉપર ગોઠવાઈ રહી હતી. લેક પેલેસનો ગાર્ડન પક્ષીઓના કલરવ ભર્યો બન્યો હતો. પવનની ધીમે ધીમે વધતી ગતીથી વૃક્ષોની ડાળીઓ હીલ્લોળા લઈ રહી હતી.

ઉન્માદીત મોઝાં સાથે ગાજતા સાગરના અવાજ ભેગો કલરવ રમ્ય લાગતો હતો. પશ્ચિમ તરફથી બારીમાંથી અફાટ જલધિમાં સૂર્યની લાલીમા અંકિત થઈ ગઈ હતી. ફેણીલ મલઝાં ઉગતા સૂરજની લાલીમાથી રંગાઈ ચૂક્યાં હતાં. પૂરૂ લાલ આકાશ સાગરમાં જબોળાઈ ચૂક્યું હતું. જાણે ૧૪-૧૫ વર્ષની મુગ્ધા માથાબોળ નાહીને અંગ નિરખતી શરમાઈ રહી હોય અને શરમના શેરડા ફૂટી નીકળે તેમ ખુલ્લા આસમાની આકાશમાં પ્રસરતી લાલીમા શ્યામલી યુવતિના પ્રસરતા યૌવનને પ્રગટ કરતી સમંદરરૂપી સપનામાં યૌવન તિરછી નજરે નિહાળી રહી હતી.

પૂર્વનું રતુમડું આકાશ પશ્ચિમ દિશામાં શરમાતી યૌવન સમંદર



નાહી રૂપી સપનામાં દેહ નિતરતી જબોળાઈ રહી હતી. વચ્ચે હોટલ લેક પેલેશમાં કુદરતના મંત્ર મુગ્ધ સૌદર્યને નિરખતાં બે પારેવાં મયુર - માધવી અનિમેષ નયને અફાટ સૌદર્યને નિહાળી રહ્યાં હતાં.

કેટલીય મિનિટો કયાં પસાર થઈ ગઈ. બંનેમાંથી કોઈ જાણતું નથી. ત્યાં જ પશ્ચિમના સાગરમાંથી દૂર દૂર દેખાતા બેટ તરફથી સ્ટીમલોંચ આવી રહી હતી. માધવીએ મૌન તોડતાં મયુર તરફ જોઈને પૂછ્યું, મયુર

ઉંહ....

જોને....

શું ?

હોટલ દરિયા દીપ તરફથી સ્ટીમલોંચ આવે છે.

હા.... કેટલી સરસ છે નહિં. સફેદ પરી જેવી.

હા.... અષાઢી વાદળ છાયા આકાશમાં ઊડતા હંસ જેવી.

બીલકુલ તારા જેવી ઊજળી... નમણી...

જા ને.... આમ શું ? માધવીની હડપચી પકડીને અચાનક ચુંબન કરતા મયુરના હાથમાંથી છણકો કરી છટકતાં માધવીએ કહ્યું.

મયુર અધીક વિવસ બનતાં બોલી ઉઠ્યો.

.... માધવી.

માધવી માદક નયને મયુરને નિહાળી બોલી.

ઓહ....

આમ આવ ને.... મયુર આંખ મીચકારતાં ઉન્માદ ભર્યું એજન આપ્યું.

ના.... મરકાતા હોઠથી હોઠ ઉપર જીભ પ્રસારતાં માધવી કહી રહી.

ચોર.... ઘરમાં તો ઘોડા હણહણી રહ્યા છે ને પાછી.... . મયુર ત્વરીત માધવીને પકડવા ધસ્યો.

માધવી ખીલખીલાટ હસતી પશ્ચિમની બારીએથી ધસી ગઈ અગાસી તરફ.... મયુર માધવીને પકડવા અગાસી તરફ દોડી ગયો... મયુરનું મુક્ત હાસ્ય રૂમમાં વેરાઈ ગયુ.

કોઈ ઉપાય ન હતો. માધવી લજામણીની જેમ શરમાઈ ગઈ. માધવીના હાથનો સ્પર્શ થતાં તેના ચહેરા પર શરમથી લોહી ધસી આવ્યું. અંગ અંગ રોમાંચથી પુલકિત થઈ ઉઠ્યાં. મયુરે સીમેટાઈ ગયેલી માધવીને છાતી સરસી ચાંપી દીધી. અષાઢની હેલી વરસે તેમ મયુર માધવીના અંગે અંગ પર ચુંબનોનો વરસાદ વરસાવવા લાગ્યો.

ઊગતા સૂરજની લાલીમા બંનેના દેહને ગુલાબથી વધાવી રહી હતી. પંખીડા ગીતો ગાઈ રહ્યાં હતાં. તો પશ્ચિમનો સાગર ગર્જીને વધાવી રહ્યો હતો.

મયુરે માધવીનો કોઈ નાજુક હાથ હાથમાં લીધો. માધવીની જકી ગયેલી હડપચીને બીજા હાથથી સ્પર્શતાં એક હળવું ચુંબન કર્યું. તેની હડપચીને ઊંચી કરી.... મયુર કહી રહ્યો હતો.



માધવી

ઓહ.... મયુર.....

પ્લીઝ.... ચાલને

ના... મયુર... માધવીની સ્નેહભીની આંખોમાંથી મર્યાદાના આંસુ ટપકી રહ્યાં હતાં. તો મયુરની વિહવળ આંખોમાંથી પ્રેમની ધારા વરસી રહી હતી. તેનું અંગ અંગ કંપી રહ્યું હતું. તેના અવાજમાં કંપ હતો. મયુર દોદળા અવાજે કહી રહ્યો હતો.

માધવી હું તારા વિના નહિ જીવી શકું.

માધવીએ એક ક્ષણ માટે મયુરની આંખમાં આંખ પરોવી જીવનમાં પહેલીવાર આજ કોઈ સથવારો મળતો હોય તેમ કેટલાય દિવસોની દબાયેલી વાતને ઉખેડતું હોય તેમ માધવીની નજર નિહાળી રહી. મયુરને તેના કર્ણો પર પ્રતિધ્વનિ સંભળાયો.

પુનઃ મયુર કહી રહ્યો હતો.

માધવી સૂરજ સાક્ષીએ હૃદયથી કહું છું હું તારા વિના નહિ જીવી શકું.

માધવીની વલવલતા હોઠ ધ્રુજી રહ્યા હતા. તેની આંખોમાં ઝળઝળીયાં હતાં. મયુર - માધવીની વિવશ હાલતને જોઈને કહી રહ્યો હતો.

માધવી મારા કેટલાય દિવસો તારી યાદમાં ગયા છે જ્યારે મેં તને નથી જોઈ ત્યારે મારું હૃદય તને જોવા વ્યાકુળ બને છે.

તારી પાસે હોઉં છું ત્યારે જીવનનો આનંદ માણું. જીવન જીવવા જેવું ઊમંગી રહે છે. કોણ જાણે મને શું થયું છે. સાંજ પડે છે. તારાથી છૂટો પડું છું... ચાતક પક્ષીની જેમ તારા વિના આખી રાત તડપું છું. મારાથી તારો વિરહ સહન નથી થતો. મારા રૂમમાં પ્રવેશતા હું ભાગી પડું છું. હૃદય બળવો કરે છે... અને.... મન ભારે બને છે. હૈયું હિબકાં લે છે... દિવાલોમાં માથું ટેકવી ખૂબ ખૂબ રડી લઉં છું. મને નીંદ પણ નથી આવતી. એકલો એકલો રડતાં કહું ઊઠું... માધવી હું તારા વિના નહિ જીવી શકું....

આ ઊગતા સૂરજની સાક્ષીએ  માધવી... કહું છું.. માધવી માધવી. કોઈ અતીતમાં ખોવાઈ ગઈ હોય તેમ મલકાતી ઊભી રહી. તેની આંખોમાંથી આંસુની ધારા વહેતી હતી. હોઠ પર હિબકાંનો અવાજ હતો. મયુર - માધવીનો બાહુ પકડી હચમચાવી રહ્યો હતો. માધવી છુટી પોકે રડી પડી. મયુર.... માધવીને રડતી અટકાવવા વારે વારે વ્યર્થ આંસુ લૂછતો રહો તેના ચહેરાને પોતાની છાતીમાં ઢળીને તેના ગાલને પંપાળતો હતો. તેના વાળને પોતાના હાથથી સજાવતો હતો.

મયુર તેની આંખ પર ચુંબન કરતાં કહી રહ્યો...માધવી.... માધવી... હવે રડવાથી રાત્રિ નથી જતી. આંસુ સુકાઈ જાય કે ઊજાગરની અસર સ્વાસ્થય પર થાય છે. માધવી પ્લીઝ.... માધવી... હું તારા વિના નહિ જીવી શકું... માધવી....

અને મયુર માધવીને વળગીને અફાટ છુટ્ટી પોકે રડી ઊઠ્યો.





## ૧૯

વહેલી સવારે મયુર માધવી નિત્યક્રમથી પરવારી ગયાં. બાજુના રૂમમાં સૂતેલા દુશ્યંતની રાહ જોતાં બેઠાં હતાં. છતા કોઈ ના આવ્યું ત્યારે મયુરની આતુરતાનો અંત આવ્યો ત્યારે માધવીને કહ્યું પણ ખરૂં - માધવી - દુશ્યંત હજુ કેમ દેખાયો નહિ ?

કોણ જાણે, ઊંઘ્યા કરતો હશે અઘોરી જેમ, જા જોતો ખરી કદાચ...

કદાચ શું...

તુ હોડીમાં હલેશા મારતી મઝાક કરતી બોલી હતી તો...

"ખોટું લાગ્યું હશે એમ ?"

"હા.... ડંખીલો માણસ છે."

"તેમાં મારે શું ?"

"કેમ મઝાક ના થાય ?"

"હું એમ નથી કહેતો."

"તો શું કહે છે ?" માધવીએ ગુસ્સો પ્રગટ કરતાં કહ્યું.

જા... જા... મોડું થાય છે. તને જવામાં શું વાંધો છે ?

"ના હું નથી જવાની." "જાય છે મારો ભૂતભાઈ."

માધવીએ ગુસ્સે થઈને કહ્યું, મયુરે માધવીને સમજાવતાં કહ્યું, “માધવી તું સમજતી નથી, આપણે એકલાં નથી.ટૂરમાં આવ્યા છીએ, કોઈજ જાણે તો કેવું લાગે ?”

મયુરે માધવીને ખૂબ સમજાવી. માધવી એકની - બે ના થઈ તે નાજ થઈ.

મયુર છેવટે ઊભો થતાં કહી રહ્યો, “સારૂં ભૈ સાબ, હું જાઉં છું બસ....”

“ના તારે શું કામ જાવુ પડે....”

“તારી ખાતર....”

મયુરે વેધક આંખથી માધવી સામે જોઈને કહ્યું.

“મારી ખાતર.... ? જો મયુર......દુશ્યંતને તું ખોટો પંપાળે છે. હેં એક મ્યાન નથી કે તેમાં બે તલવાર રાખું.... પુરુષ જાત સમજે છે શું ? સ્ત્રી કંઈ રસ્તા પરનું તાપણું નથી કે ઈચ્છા થાય તેમ તાપીને ચાલી જાય...”

મયુરે ચરમ સીમાએ પહોંચેલા માધવીના ગુસ્સાને શાંત પાડતાં સમજાવટથી કહ્યું.

“માધવી... આ દુનિયા એવી છે... પુરુષ પ્રધાન, પુરુષ તો તાંબાના લોટા જેવો છે. ઉડક્યો એટલે ઉજળો ને ઉજળો... દોષ તો દુનિયા સ્ત્રીનો જ જુએ છે. સીતા જેવાં સીતાને પણ રામ અગ્ની પરીક્ષા પછી પણ એક તુચ્છ ધોબીના કહેવાથી સગર્ભા હોવા છતાં કાઢી મૂક્યાં... પેલી દ્રૌપદીને ભર દરબારમાં વસ્ત્રો ખેંચતાં.... ખેંચતાં વસ્ત્રો જોતાં કયાં કોઈને ખચકાટ થયો હતો. કોણ ઉભું થઈન ચાલી





ગયું. પુરુષને નગ્નાતા જોવાની ગમે છે. મેલા ધર્મ... સદ્‌ભાવ... સજ્જનતાનાં આચરણ પાછળ માત્ર ઢંકાયેલો છે નગ્ન પુરુષ.... આવનાર યુગ કે બદલાતો જમાનો પુરુષની ઈચ્છાને નહિ બદલી શકે... નહિ બદલી શકે....”

મયુરે સાફ વાત કરતાં કહ્યું... “માધવી સવારે ધજાગરો તારો બંધાશે... કે માવધી મયુર જોડે સૂઈ ગઈ ને આવું બધું થયું...”

માધવી સમસમી ઊઠી... તેમ છતાં સ્વાભીમાનમાં ઊંચે જોઈને કહી રહી...

“જેને જે કહેવું હોય તે કહે... હું કંઈ એવી ડરપોક અબળા સ્ત્રી નથી કે પુરુષોની કામુક આંખોને સહન કર્યા કરું... દુશ્યંત પહેલેથી જ મને વાસનાનું રમકડું સમઝતો હોય તેમ કામુક નજરોથી ઈજ્જત આપ્યા કરે છે. જે કંઈ મેં કહ્યું તે બરાબર કહ્યું... તેને એક જોરદાર લાફાની જરૂર હતી... તેમ મેં નથી કર્યું... તેમ છતા તારે જવું હોય તો જા. જનારને કોણ રોકે છે...” માધવી ક્રોધથી ધૂંવાપૂંવા થતી ધ્રુજી રહી હતી.

મયુર.... માધવીના દેદિપ્યમાન ચંડી સ્વરૂપને જોઈ જ રહ્યો. થોડી મિનિટો પછી જ્યારે દુશ્યંતની રૂમ પાસે ગયો તો રૂમ ખુલ્લી હતી... તેણે બુમ મારી.... દુશ્યંત.... દુશ્યંત....

રૂમની બારી ખુલ્લી હતી. દરિયા તરફની અગાસીમાં એક ખુરશી પડેલી હતી. કેટલીક ખાલી એસ્કોર્ટ રમની ત્રણ ઘોડા દારૂની બાટલીઓ ખાલી પડી હતી. તેની ગંધ માત્રની મયુર નાક દબાવતો ખુરશી પાસે આવ્યો. કેટલીય સીગારનાં ઠુંઠા આસપાસ હોલવાયેલાં પડેલાં હતાં. તેનાથી દિવાલો કાળી થઈ હતી. ગુસ્સામાં હોલવેલ

સીગારનાં ઠુંઠાં કચડાઈ ગયેલાં હતાં. મયુરે દુશ્યંતને ના જોયો પંરતુ તે જે નિશાની છોડી ગયો હતો. તેના અણસાર માત્રથી અનુમાન કરી ઊઠ્યો કે તે કેટલો ગુસ્સામાં હશે. ઠેર ઠેર ગુસ્સામાં ફેંકાયેલી બાટલોઓના બુલેટ કાચનાં ટૂકડા તેનું સમર્થન કરતા હતા. તેણે વિચાર્યું કે દુશ્યંત ગુસ્સામાં ધુંવાં પુંવાં થઈ કયાં ગયો હશે... તે કેવું વિચારતો હશે... મયુર શરાબની દુર્ગંધ ના સહન કરી શક્યો. તે ત્વરિત નાક દબાવતો બહાર નીકળ્યો... તે બુમ મારી ઉઠ્યો...

"જો... જો... માધવી હું શું કહેતો હતો ? તેમ જ થયું ને...!"

"શું થયું ?"

માધવીએ ખૂબ ઠંડે કલેજે જવાબ આપતાં આયનામાં ચહેરો જોઈને વાળ પર કાંસકો ફેરવતાં કહ્યું.

"દુશ્યંત નથી.. તેની રૂમમાં શરાબની ગંધ છે. તેના ગુસ્સાનો ભોગ બનેલી બોટલ્સ ઠેર ઠેર વેર-વિખેર કાચના ટૂકડામાં રૂમમાં પડી છે. અસંખ્ય સીગારેટનાં કચડાયેલાં ઠુંઠાં અગાસીમા ગોટવેલ ખુરશીની ચારે બાજુ પડેલાં છે... જો... જો... તું જો...." મયુરે માધવીનો હાથ પકડ્યો તેને લગભગ ખેંચી ચાલ્યો...

માધવીએ મયુરની સામું વેધક નજરે જોઈને કડક શબ્દોમાં કહ્યું.... "મયરુ.... તું આવો કાયર કયાંથી. મારો માણીગાર કાયર ના હોય... તે ગુસ્સે છે.... હજી તેને જરૂર પદાર્થપાઠ નથી મળ્યો."

માધવીના અડગ શબ્દોથી મયુર સડક થઈ ગયો. તેણે માધવીનો હાથ છોડી દીધો... માધવી કહી રહી હીત....

"મયુર મેં જે કંઈ કર્યું છે તેનું પરીણામ પણ મને ખબર





છે... આવનાર સંજોગોનો ખ્યાલ રાખીને મેં કર્યું છે તું તેને પહોંચી વળીશ ?."

માધવીની અદ્‌ભુત જીગરથી મયુર થોડી મિનિટ તો અવાક જ બની ગયો પરંતુ તે સ્વસ્થ થતાં કહી રહ્યો... આપણે તેને શોધવા પડશે... ને.....

ના તેની મેળે તે આવશે... કયાં જશે ચાલ આપણે સ્ટીમલોંચમાં બેસી હોટલ દરિયાદીપ જઈએ..."

મયુરે કંઈ કહ્યું નહિ. તે મૂક સંમત થયો.

# ૨૦

સવારનો સોનેરી તડકો દમણના દરીયાઈ મોજાઓને રમાડી રહ્યો હતો. પૂર્વના આકાશમાંથી આવી રહેલી પંખીઓની કતારી ઊંચા ઊંચા નાળિયેરી અને તાડના વૃક્ષોની ઉપર ગોઠવાઈ રહી હતી. હોટલ લેક પેલેશથી દૂર દૂર દેખાતું નાનકડું સોહમાણું નગર નયનરમ્ય ભાષતું હતું. તેમાં ચોખૂણે ગોઠવાયેલી સ્વચ્છ ખૂલી ગયેલી દુકાનો અત્યંત રમ્ય લાગતી હતી. સુંદર લાગતું કાચનું મંદિર વધુ આકર્ષણને ઓપ આપતું હતું. દરિયાની ખાડી તરફતો એક તરફી બંગલો તો સૌથી નીરાળો લાગતો હતો. જર્જરીત કાંગરાઓ સાથે અડીખમ ઉભેલ કિલ્લાની લાલ કાળી દિવાલો ભૂતકાળની ભવ્યતાની યાદ આપતી હજુ ઉભી હતી. તો વળી કિલ્લાની બહાર અબુબર્કની ભવ્ય પ્રતિમા શાસનના પ્રતીકાર સમી યાદ દેતી હતી કે શાસકે કેવા બનવું જોઈએ. કિલ્લાની ફરતે ખોદાયેલી ખાઈઓ દુશ્મનોની સામે રક્ષણની યાદ આપતી હતી. કેટકેટલી જગ્યાએ હજુ ઉભેલી જુની ફીરંગીઓની ઈમારતો ભૂતકાળની યાદ આપતી હતી.

હોટલ લેક પેલેશથી દૂર દૂર દેખાતી હોટલ દરિયા દીપની ભવ્ય આલિશાન ધવલ ઈમારત દમણની ભવ્યતામાં શોભા આપતી હતી. દૂર દૂર ટેકરીઓ તરફ દરિયામાં દોડી રહેલી સ્ટીમલોંચ દરિયા દીપ





તરફ આગળ વધી રહી હતી. ઊંચી ટેકરી પર વૃક્ષોની વનરાજીમાં ગોઠવાયેલી ઈમારત હરીયાળાં લીલાછમ ઊંચા ઊંચા નાળીયેરી, તાડનાં વૃક્ષો વચ્ચે ખૂબ્ શોભતી હતી. ઠેર ઠેર વૃક્ષો પરથી ઊડી રહેલાં પક્ષીઓનો કલરવ સંભળાઈ રહ્યો હતો. આકાશ દૂર દૂર ક્ષીતીજ સુધી ફેલાયેલ ઘુઘવતા દરિયાના પાણી તેનાં ઉછળતાં શાંત ઉંચા દરિયાઈ મોજાં જીવનનો આનંદ પ્રગટ કરતાં હતાં. દરિયા પરથી પ્રસરી રહેલો સુસવાટા ભર્યો પવન મયુર અને માધવીને આછો કંપ આપી રહ્યો હતો. માધવીએ લાલ સ્વેટરમાં શીકોડતાં પોતાના બન્ને ગાલ ગરમ સફેદ હાથ મોઝામાં છુપાયેલા હાથથી ઘસતાં કહ્યું મયુર... ખૂબ તેજ પવન...

હા.... દુશ્યંત જેવો

જાને સવારના પહોરમાં કયાં નફ્ફટનું નામ દે છે.

કેમ નહિ તું તો કહેતી હતી કે હું અને દુશ્યંત તારે મન સરખા છે.

એ તો મજાકમાં

હોય માધવી.... કયાંક તો ઊંડે ઊંડે લોલુપતા હશે તારામાં.... મયુરે ટીખળતાં કરતાં કહ્યું.

મયુર.... માધવી છંછેડાઈ ઉઠી. જો દુશ્યંત તો માત્ર તને મેળવવાનું માધ્યમ હતું. હું તો તને ચાહું પેલા ઉગતા સૂરજની જેમ... માધવી વેધક નજરથી સૂરજની સામે આંગળી ચીંધતા કહી રહી....

મયુરના હોઠ પર હાસ્ય પ્રસરી ઉઠ્યું. તે બોલી ઉઠ્યો માધવી હું કંઈ સૂરજ જેવો નથી. પણ હું તો ચાહું છું... આ દૂર દૂરથી ઉછળી

આવતાં ફેણીલ ધવ ઉન્માદ ભર્યા સાગરના ઊંચા ઊંચા ગગને આંબવા મથતાં મોઝાની જેમ સતત.... મયુર કંઈ ગંભીર બન્યો. મયુરે માધવીની વધુ નીકટ આવતાં માધવીના બંને હાથને પકડીને ખેંચી લીધી જાણે કિનારાની મર્યાદા ઓળંગીને દુર દુર જવા માગતા મોઝાંની જેમ માધવી છૂપાઈ ગઈ મયુરના બાહુપાસમાં. માધવીની નજર સૂકાન પર બેઠેલા ખલાસી પર પડી. તે મરક મરક હસી રહ્યોહતો. માધવી મયુરને દુર હડસેલી કહી રહી હતી... જાવને આમ શું કરો છો... તેનો ચહેરો લજ્જાથી લાલચોળ બની ગયો હતો.

સ્ટીમલોંચ તૂતક પર આવીને ઊભી રહી ખલાસીએ એન્જીન તો ક્યારનુંય બંધ કરી દીધું હતું. તૂકની સીમેન્ટમાં ચણેલી પથ્થરોના કિનારા પર પાટિયું ગોઠવી દીધું. બન્ને એકબીજાનો હાથ પકડી ઊતરી રહ્યાં..... માધવીએ ખલાસીને કહ્યું કાકા તમે થોભજો અમે ૩ મીનીટમાં આવીએ છીએ... મયુરે પોતાની બ્લયુ જેકેટમાંથી ખિસ્સામાં હાથ નાખી દશની નોટ ખલાસીને આપી દીધી... ખલાસી ઔર ખૂશ થતો ઉત્સાહમાં કહી રહ્યો... જય રામજી કી.... હું તો અહીં જ છું... તમારે જ્યારે આવવું હોય ત્યારે આવજો.... થોડી રાહ જોશો ત્યાં સુધીમાં તો સામા કિનારાથી બીજી ખેપ કરીને આવી પહોંચીશ... હોડીને દુર શું ? નજીક શું ?

દુર દુર દરીયાઈ રેતીમાંથી ઊંચે બેટ તરફ જતો રસ્તો સૂરજના પ્રકાશમાં રેતકણોથી ચમકી રહ્યો હતો. ઠેર ઠેર નાનાં-નાનાં છીપલાં અને અસંખ્ય શંખલા વેરાઈ રહ્યાં હતાં. માધવીએ દરિયાની રેતીમાંથી થોડા ઘણાં શંખલા છીપલાં વીણવા માંડ્યા..... મયુરને પણ શંખલા - છીપલા વિણવામાં રસ પડ્યો.... ઘણો સમય પસાર થયો તેને





ખ્યાલ પણ ના રહ્યો. માધવી ખડખડાટ હસતાં કહી રહી... મયુર, કેટલાં મોહક છે છીપલા ને શંખલા, નહિ ! એક લઈને બીજી છીપ લેવાનું મન થાય....

હા.... છીપ ખાલી હોય તો પણ તે છીપ છે ને... તેણે બીજી છીપ હાથમાં લેતાં કહ્યું. મયુરનું જેકેટનું ખીસ્સુ ખાશાં છીપ અને શંખથી ભરાઈ ગયું હતું. માધવી છીપ વિણી વિણીને મયુરને આપતી અને મયુર તે છીપો-શંખલા ખીસ્સામાં મૂકયા જ કરતો. માધવી હજુ છીપ વિણ્યા જ કરતી હતી. તેણે છીપ વિણતાં વિણતાં કહ્યું... હા મયુર કોઈ તો છીપમાં મોતી પાક્યું હશે ને...

તેણે એક છીપ પોતાના હાથમાં લઈ મયુર તરફ જોયું મયુર હોઠ કચડતા કામુક નજરથી માધવીને ઈશારો કરતો કહી રહ્યો હતો હા વરસાદ સ્વાતિ નક્ષત્રનો હોય તો જરૂર હોઈ તારા જેવી છીપમાં મોતી પાકે.....માધવી દોડતી મયુર તરફ આવી બન્ને ઉન્માદમાં એવાં ભેટી પડ્યાં કે બન્ને દરિયાની રેતમાં પડી ગયાં કયાંય સુધી તેઓ રમતાં આળોટતાં રહ્યાં અન્યોન્યના હોસ્ટ એક-બીજાના ચહેરા પર વરસી રહ્યાં.

# ૨૧

સૂરજનાં કોમળ કિરણો દરિયાના પાણીમાં ફેણીલ મોઝાંની સાથે ઘેલ કરી રહ્યાં હતાં. પીળાચટ આકાશમાં પસાર થતાં અનેક પક્ષીઓની કતારો મોટી દમણ તરફનાં વિરાટ તોતિંગ વૃક્ષો તરફ આગળ વધી રહી હતી. દૂર દૂરના બેટ ઉપરથી છવાયેલી ઝડીઓને વૃક્ષો પક્ષીઓના કલરવથી ગુંજી ઊઠ્યાં હતાં.

મયુર અને માધવી પ્રેમપાશમાંથી હોંશમાં આવ્યાં ત્યારે ઘણો સમય વહી ચૂકયો હતો. મયુરે માધવીને સ્નેહ ચૂંબન હોષ્ટ પર દેતાં કહ્યું.

માધવી....

ઉંહ.... માધવીની મદહોશતા એટલી ઉત્કટ હતી કે તેની આંખો પર ઢળેતાં પોપચાંની લાલાશથી સૂરજ ઝાંખપ અનેભવતો હતો. તેણે બંધ આંખોએ મયુરને ઊંહકારમાં પ્રતિઉત્તર વાળ્યો.

મયુરે માધવીની પવનમાં ઊડતી લટોને કપાળમાંથી સજાવતાં કહ્યું... માધવી... જઈશું.... માધવી પ્રેમસાગરમાં તરબોળ બનતાં





કહી રહી હતી... ઊંહુ.... ના નથી જવું.... પછી ક્યારેય નહિ અવાય.... મયુરે તેનાથી છુટા પડતાં કહ્યું.

પ્લીઝ વન મીનીટ. માધવીએ સફાળાં બેઠા થતાં કહ્યું ને એક પ્રબળ આવેગમાં કામાતુર બનીને મયુરને બાહુપાશમાં જકડી લીધો.

તે મયુર પર ખુબ ઉન્માદિત બનીને વરસી પડી. અષાઢની હેલી જેમ મૂશળધાર ચુંબનનો વરસાદ મયુર પર વરસી રહ્યો... બેફામ વહેતી નદી જેમ બની ઊઠી. નદીનો પ્રવાહ તેજ હોય છે ને ત્યારે તે કિનારાઓને ઉભરાવીને ગાંડીતૂર વહેતી જાય છે. તે ક્યારે વહેણ બદલે તે નક્કી હોતું નથી. માધવી બેફામ નદી જેમ કામાતુર બનીને તેની બાહુમાં મયુરના ચહેરાને ચુંબનોના વરસાદથી નવડાવી દીધો હતો.

મયુરે એક ક્ષણ માટે માધવીની બાહુપાશમાંથી છૂટવા કોશિશ કરી પરંતુ પ્રેમપાશ કરતાં કામપાસ વધુ પ્રબળ હોય છે.

પ્રેમપાશમાંથી યુવાન કે યુવતી સમયના બદલાતા પ્રવાહમાં આવેગ મુક્ત બની શકે છે. જ્યારે કામપાશ વ્યક્તિને તબાહિ તરફ આગળ વધારે છે. માધવી કામાતુર બનીને મયુરને ખૂબ ભીંસમાં લઈ રહી હતી. તેના અંગે અંગમાં કામ પ્રજવલીત બની ચૂક્યો હતો. જેથી તેના અંગે અંગમાં હલન ચલન શરૂ થઈ ચૂહ્યું હતું. તેની કમર લચકાઈ રહી હતી. માધવીની કામવૃત્તિરેતમાં મયુરે માધવીને વિરાટ બાહુપાશમાં જકડી લીધી.... અનરાધાર વરસાદની જેમ અષાઢની

હેલી બનીને વરસી પડ્યો માધવી ઉપર. માધવી લજામણીના છોડ જેમ શરમાઈ ઊઠી... વર્ષોથી જતન કરીને સાચવેલુ યૌવન ઉછાળા લેતું હતું. મયુરે માધવી ઉપર ચુંબનોની વર્ષા કરી તેના કરપલ્લવો માધવીના ચહેરા પરથી સરકતા ઉન્નત સ્તનપ્રદેશ પર આવી પહોંચ્યા...

માધવી અનંત આવેગમાં એક સીસ્કારો બોલાવી ઉઠી... અફાટ દરિયો ઘુઘવી રહ્યો હતો.

ફેણીલી મોઝાં ઊછળી રહ્યાં હતાં. દૂર દૂર દરિયાનાં ગાંડાતૂર મોઝામાં ઊછળતી નાવ આવી રહી હતી.

ઉપર આકાશમાંથી ખૂબ નીચી પક્ષીઓની કતારના કલશોરે માધવી અને મયુરને બાહૂપાશમાંથી મુક્ત કર્યા. લજામણીના છોડ જેમ કપડાં સ્વચ્છ કરતી માધવી શરમાઈ રહી હતી. મયુર મરક મરક હસતાં હસતાં કહી રહ્યો હતો, માધવી... મયુર માધવીની નિકટ પહોંચી ગયો. પુનઃ માધવીને અચાનક બાહુપાશમાં જકડતાં કહી રહ્યો, માધવી મારે તો તું જ છીપ છો ને... તેણે માધવીના લાલ-ગુલાબી ગાલ ઉપર એક હળવી ટપલી મારી દીધી.

માધવીએ મલકાતા મુખે મયુર સામુ જોઈને કહ્યું, સ્વાતિ જેમ તમે વરસો ને હું છીપ કેમ ન હોઉં.

મયુર મારે તો પાણીદાર મોતી જોઈએ છે.





સમુદ્ર પરથી આવતા પવનના સૂસવાટા વધુ માધવી આગળ વધી રહ્યાં હતાં. લીલીછમ વનરાજીમાં ઊંચે શિખર જેવા ભાગ ઉપર દૂરથી દેખાતું સફેદ ગગનચૂંબી મકાન ખૂબ આકર્ષક લાગતું હતું. સમગ્ર દ્રશ્ય આજ ખુલ્લા આકાશમાં છવાયેલાં આછેરી વાદળીઓ વચ્ચે લીલાંછમ વૃક્ષોની છટાઓમાં ખૂબ સુંદર લાગતું હતું.

મયુર અને માધવી હોટલ દરિયા દ્વિપના પગથિયાં ચઢી રહ્યાં હતાં. ત્યારે ત્રીમંજીલ વાદી ભવ્ય ઈમારત વિવિધરંગી કાચથી સર્જાયેલી બારીઓ ઉપર પડતાં પ્રકાશથી ચળકી રહી હતી.

વિશાળ પ્રવેશ દ્વાર પૂરા કદના કાચથી ખુલ્લૂ જળાયેલું હતું. સામે દેખાતા કાઉન્ટર ઉપરથી દરવાજા ઉપર મેનેજર આવી રહ્યો હતો. એ પહેલા જ પગથિયેથી શરૂ થયેલું વિવિધ સંગીત જેમ જેમ પગથિયાં ચઢતાં જવાતાં હતાં તેમ તેમ સૂરસંગમની મધુર રેલાવતું હતું.

ચોતરફ ખીલેલાં જયપુરી ગુલાબ, કેતકી અને રંગબેરંગી બોલનવેલથી રમ્ય બની ઊઠ્યું હતું, તો વળી પૂરી હોટલની ચોતરફ ઉછળતા અનેક રાઉન્ડ સર્કલના ફુવારા સૂર્ય પ્રકાશમાં ઓર આકર્ષક લાગતા હતા.

સાંજની રોશનીથી સ્વાસ્થ્ય કેટલું નયનરમ્ય લાગતું હશે તે તો કલ્પના કરે જ ખ્યાલ આવે.

પ્લીઝ વી વોન્ટ ટુ સી હોટલ દરિયા દ્વીપ.

ઓ કે વેલકમ બોથ ઓફ યુ. મેનેજરે બંનેને ઉસ્માભર્યો આવકાર આપતાં બંનેની સાથે ચાલવા માંડ્યું.

મેનેજર મુક્ત હાસ્ય વેરતો કહી રહ્યો હતો. આપનું શુભ નામ?

મયુર.

વેરી ગુડ અને આપનું શુભ...

વચ્ચે બોલતાં માધવી મુક્ત હાસ્ય વેરતી પોયણી જેમ ખીલી ઉઠતાં કહી રહી... માધવી.





# ૨૨

ગ્રાઉન્ડ ફ્લોરમાં વિવિધ ખંડ... ફોરમ રૂમ, ઈન્ડોર ગેઈમ રૂમ, સ્વીમીંગ રૂમ અને દરિયા તરફનો સ્ટીમ લોન્ચ તરફનો ગેઈટ નિહાળીને માધવી દિગ્મૂઢ બની ઊઠી. તેણે આનંદમાં કહ્યું... ઓહ વોટ અ વંડર... ઈટ્સ અ ચેલેન્જ મોર્ડન આર્ટીટેકચર...

વાય નોટ... મેનેજરે મયુર સામે જોતાં કહ્યું, અમારા દરેક રૂમમાં... આ બધી સગવડો છે. વીડીઓ ગેઈમ્સ... કોમ્પ્યુટર... ટી.વી, વી.સી.આર અને તમામ રૂમ એરકન્ડીશન છે. દરેક રૂમનું ફેમીલી ઓહ કલમ ખાસ ગેઈટ દ્વારા સ્ટીમલોન્ચ તરફ જઈ શકે છે. દરેક રૂમની ખાસ સ્ટીમલોન્ચ અલગ છે.

અને બંને પાછળ ગેલેરીમાં દોરી જતાં બીજા માળેની નીચે તરફ દરિયાની રેતમાં પથરાયેલાં ઊંચા ઊંચા તાડ, નાળિયેરીનાં વૃક્ષો ને જંગલ બતાવતાં કહ્યું, આ અમારૂં નજરાણું છે. અહિં નિર્ભયરીતે મુક્ત વિહાર દરેક કપલ કરી શકે છે. મયુર તરફ ઈશારો કરતાં શાંકેતીક ભાષામાં મેનેજરે કહ્યું.

મયુરના ચહેરા પર મુક્ત હાસ્ય પ્રસરી ઉઠ્યું.... તેણે પણ મેનેજરને માર્મિક ભાષામાં કહી નાખ્યું... ડોન્ટ વરી... વી. આર.

ચેઈઝેડ અમારે કેવી રીતે રહેવું અમોને ખબર છે.... થેન્કસ ફોર.... ગાઈડ.... મરકતા હાસ્ય સાથે મયુર માધવીનો હાથ દોરી આગળ વધી રહ્યો.

મેનજરે વધુ છાપ ઉપસાવવા મયુરને દુર ચાલી રહેલી સ્ટીમલોંચને બતાવતાં કહ્યું. જુઓને સામે આવે છે ને તે અમારી ખાસ સ્ટીમલોન્ચ છે. મયુરે ગળે લટકાવેલા દૂરબીનને આંખોએ લગાવ્યું અને એક ક્ષણ માટે આશ્ચર્યમાં પડી ગયો... સ્ટીમલોન્ચમાં દુશ્યંત હતો તેની સાથે કોઈ યુવતી... મુકત રીતે વર્તી રહી હતી.... દુશ્યંતનો એક હાથ સ્ટીલોન્ચના સ્ટીયરીંગ પર હતો. તો બીજો હાથ યુવતીને ખભે હતો. ચહેરા પર ગોગલ્સ શોભી રહ્યાં હતાં. ગળામાં રંગીન દુપટ્ટો દરિયાઈ હવામાં ઉડી રહ્યો હતો. મયુરે માધવીને દુરબીન આપતાં કહ્યું.... લે માધવી જો તો કેવી સુંદર સ્ટીમલોન્ચ આવી રહી છે. તેણે માધવી તરફ સૂચક નજરે જોતાં કહ્યું...

માધવી મયુરના પ્રશ્નાર્થને સમજી ગઈ હોય તેમ દુરબીન પકડતાં.... બોલી.... ખરેખર સુંદર છે. અને માધવી દુરબીનમાંથી સ્ટીમલોન્ચ તરફ જોતાં જ કંઈ બોલ્યા વિના નિશ્વાસ નાખી દુરબીન મયુરને આપી દીધું.

મયુર.... માધવીના ચહેરા પરની પ્રતિક્રિયા સમજવા વ્યર્થ પ્રયાસ કરી રહ્યો. અનુભર માધવી બીજી ક્ષણે મયુર તરફની ચહેરો ફેરવીને દુર દુર દેખાતા વૃક્ષોના જંગલોમાં ઉડતાં પક્ષીઓને જોઈ





રહી....

મયુરે માધવીને કહ્યું.... માધવી ચાલ આપણે જઈશું...

હા.... ચાલ પછી મોડું થશે....

આપણે રાહ નથી જોવી... મયુરે નિશ્વાસ નાખતાં કહ્યું... ના એક દમ લેતાં માધવી બોલી ઉઠી કેમ શું.... એક સૂચક પ્રશ્નાર્થ મયુરે પૂછયું.

તું જાણે છે.... માધવીએ મેનેજરની હાજરીનું ભાન ન રહેતાં કહી નાખ્યું.

મયુરે માધવીને ઈશારો કરતાં તેનો હાથ ખેંચી ત્વરિત પગલે માધવીને લગભગ ખેંચતા ગ્રાઉન્ડ ફલોર ઉપર આવી રહ્યાં હતાં. પાછળ મેનેજર કહી રહ્યો હતો. સર કંઈ સોફટ ડ્રીંક લઈને જ જાઓ.

માધવી પ્રેમાળ હસતાં કહી રહી હતી.

નો સર થેંકસ.

મયુર પણ મેનેજરને કહી રહ્યો હતો... ખૂબ ખૂબ આભાર....

અમારે પાછું દૂર દૂર જવાનું છે. મયુરે.... માધવી તરફ જોઈને નીકળવાનો ઈશારો કર્યો... માધવી કાઉન્ટર પાસે જઈને મેનેજરે કહી રહી હતી.....

અમારી મુલાકાતનો ચાર્જ....

બન્નેએ જ્યારે હોટલ દરિયાઈ દીપનાં પગથિયાં ઉતરી રહ્યાં હતાં ત્યાં જ સામેના પ્રવેશદ્વારથી દૂરની દરીયાની રેતમાં દુશ્યંત દેખાઈ રહ્યો હતો. તેની પાછળ ઉછાળા મારતા સાગરનાં મોઝાં તેને પકડવા દોડી રહ્યાં હતાં. માધવી - મયુર તરફ સૂચક નજરે જોઈને કહી રહી હતી. મયુર દુશ્યંત આવે છે.

મયુર માત્ર મરક મરક હસતાં કહી રહ્યો હતો દુશ્યંતની મુલાકાત કેવી રહેશે ? માધવી અગમ્ય વ્યક્તિત્વના પ્રભાવ પૂર્વક એકમાત્ર વાક્ય બોલી ઊઠી....

સમય આવવા દો... હમ ભી આગસે લીપટ લેંગે...

મયુર દિગ્મૂઢ બની માધવીને જોઈ જ રહ્યો બસ જોઈ જ રહ્યો... તે માધવીના બદલાતા ચહેરા પરની ખેંચાતી રેખાઓ માધવીના એક જુદાજ વ્યક્તવ્યથી પ્રભાવિત થઈ રહ્યો હતો.

બપોરનો ડંડો સોહામણો મૃદુ લાગતો હતો. જીવનની રંગીન ક્ષણો જેમ મયુરને વાગ્દમાં કલ્પતો મયુર નખશીખ માધવીના વ્યક્તિત્વના પાસાઓના વિચાર કરતો થોડી મીનીટો ઊભો જ રહ્યો. આમ અનિમેષ નિહાળતા મયુરને જોઈને માધવી બોલી ઉઠી.... મયુર....

વિચારોમાં ખોવાળ ગયેલો મયુર... બોલી ઉઠ્યો ઓહ....

શું વિચારે છે... માધવીએ સીધો પ્રશ્ન મયુરને પૂછી નાખ્યો.





મયુર વાતને ટાળતો બોલી રહ્યો... કંઈ નહિ...જ... જરાક તારા વિચારોમાં ખોવાઈ ગયો હતો.... કેટલી સુંદર છે તું... અને કેટલી નિષ્ઠુર છે તું...

માધવી વિફલ વ્યક્તિત્વના આભામાંથી બહાર આવતી બોલી રહી... હા તેનાથી એક નિશ્વાસ નંખાઈ ગયો.

મયુર સ્ત્રી છું ને... ક્યારે કોમળતાને કૃત્રિમ ક્રોધમાં આવરણમાં છુપાવી દેવી પડે છે.... દુનિયાદારી સ્ત્રીના ખીલતા વ્યક્તિત્વને અહમ કૃત્રિમતાનું આવરણ પહેરવાની ફરજ પાડે છે. જો તેમ ન હોય તો પ્રકૃતિની રમ્યતાની જેમ ખીલીઉઠું હું.

## ૨૩

માધવી વિનંતી કરતી કહી રહી...'' પ્લીઝ... ! મયુર.... હું એકલી રહું તેમાં જ મઝા છે.... માધવીની વિનંતીને શીરોધાર્યા ગણીને મયુર ત્વરિત ઝડપી ચાલવા લાગ્યો તે વાટે વાટે પાછું જોઈ રહ્યો હતો.

નજીક આવી રહેલા દુશ્યંતની ઘણી અંતરે પેલી યુવતી આવી રહી હતી. માધવીએ આવતા દુશ્યંતની સામુ જોઈને સમીત વેરાતાં બોલી ઉઠી... હાય.... દુશ્યંત !

દુશ્યંત અચાનક માધવીના ઉમળકા ભરેલા ઉદ્‌બોધનથી ખચકાઈ ગયો. તેને કલ્પના પણ નહોતી કે માધવી આમ દુશ્યંત સહેજ વિસામણ અનુભવતો માધવીને દૂરથી જોઈન રહ્યો થોડી મીનીટ પછી તેની પાછળ આવતી સ્માર્ટ યુવતી તરફ ફરીને કહી રહ્યો રોઝી !

માધવી.... બોલાવે છે.

ત્યાંજ માધવી બોલી ઉઠી હલ્લો રોઝી ! ડોન્ટ માઈન્ડ દુશ્યંત ઈઝ માય બોય ફ્રેન્ડ વી. આર. સ્ટડી ઈન વન કલાસ.

દુશ્યંત કોઈ જ પ્રતિઉત્તર આવે તે પહેલાં જ માધવીએ લક્ષ બદલ્યું અને બીજી જ ક્ષણે રોઝીની નજીક પહોંચતા કહી જ નહિ અને''

રોઝીનો ક્રોધ આસમાને ચઢી ગયો. ક્રોધથી ધુવા પુવાં થતી





રોઝી સડસડાટ ત્વરીત પગલે દુશ્યંત તર. ચાલતાં કહી રહી ''યુ ઈલીવર... સ્યુપીડ મને તું શું કહેતો હતો. હું અને માધવી.

''ના, ના રોઝી આ માધવીની ચાલ છે પ્લીઝ રોઝી મને સમજવાની કોશિશ કર''

''ના, ના માધવી ક્યારે એમ તો ના જ કહે કે હું...'' રોઝી ક્રોધમાં ધુંવા પુંવા થતાં કહી રહી.

માધવી રોઝીનો હાથ પકડતાં કહી રહી દુશ્યંત પ્લીઝ ! ચાલ આપણે જલ્દી નાની દમણ જઈએ રોઝી ખૂબ મોડું થઈ જશે પાછું એક વાગે તો દમણ લેફ્ટ કરવાનું સર કહેતા હતા. ''રોઝી ! આ વાત અહીં જ દબાવી રાખીએ તો ''

હા સાચી વાત છે શા માટે આપણે આપણી ઝાંઘ ખુલ્લી જોઈએ અને દુશ્યંત હવે પછી જો મને છેડી છે તો... તું તારી વાત જાણીશ.

કાલે રાત્રે મને ઊંઘ નહોતી આવતી એટલે હું મારી રૂમ બહાર અગાસીમાં લટાર મારતી માધવીની પીઠ તરફ ક્રોધથી તાકી લેતો હતો. તેણે ક્રોધથી બબડાટ કરતાં કહ્યું પણ ખરું...

''માધવી ! માધવી ! આ જો તું સ્ત્રી ચરિત્ર બતાવીને મને હલકો પાડી ગઈ પરંતુ યાદ રાખજે આજનો બદલો હું તને લીધા વિના રહેવાનો નથી. એક તો મારી ક્રુર મશ્કરી કરી અને હવે કોઈકનું પાપ મારે માથે નાખીને મને હલકો પાડવા માગે છે.

મનોમન કંઈને કંઈ વિચારોના વમળમાં ભાવિ વિચારતો દુશ્યંત માધવીના પગ દબાવી રહ્યો હતો. રોઝી અને માધવી કાંઠે આવેલી

સ્ટીમ લોંચમાં ગોઠવાયાં. મયુર તો ક્યારનો સ્ટીમલોંચમાં ગોઠવાયો. પરંતુ દુશ્યંત હજુ કિનારે જ ઊભો હતો. માધવીએ બુમ મારી "દુશ્યંત ! ચાલ નથી આવવું કે શું ?"

વિચારોમાં ખોવાઈ ગયેલો દુશ્યંત વિચાર વમળમાંથી બહાર આવતાં કહી રહ્યો.

"હેં, હા આવું છું" અને એક કહ્યાગર નોકરની જેમ તે સ્ટીમલોંચમાં ગોઠવાઈ ગયો.





# ૨૪

ભૂતકાળની બનેલી કોલેજ જીવનની ઘટનામાંથી બહાર આવી દુશ્યંત વી.એસ. હોસ્પીટલના ઈમરજન્સી રૂમમાંથી મયુરનો કોલર પકડી ઉંચકવાની કોશિશ કરી રહ્યો હતો. મયુર પુનઃસ્વસ્થતા પ્રાપ્ત કરી રહ્યો હતો.

કોઈક અગમ્ય અંતઃસ્થાનમાં ખોવાયેલ મયુરની અવસ્થા જોઈને દુશ્યંતને લાગ્યું કે એવું શું બન્યું છે કે ! મયુર આમ ?... દુશ્યંતે મયુરનાં કપડાં વ્યવસ્થિત કર્યાં. દુશ્મન પણ જયારે સમજે છે કે સામેનો દુશ્મન કોઈક જુદી પરિસ્થિતિમાં છે ત્યારે તેના હૃદયમાં એક લાગણીની લકીર ખેંચાઈ આવે છે. જેમ વાદળમાંથી રેલાતા સૂર્યકિરણોની તેજ રેખા જેમ જોતો મયુરની આ કરૂણામયી હાલતને જોઈને દુશ્યંતની વેર-ભાવના કયાં હૃદયના ખૂણામાં સળગી ગઈ તે ખ્યાલ પણ ના રહ્યો.

તેણે મયુરને હોંસમાં લાવવાના પ્રયાસો કર્યા. થોડી મિનિટો સુધી નિશ્વાસ ઉભો રહ્યો. એક અખંડ શાંતિ ચોતરફ ફેલાયેલી હતી. માધવીએ આંખ ખોલીને તેણે મયુરના પાસમાં હાથ ફેરવતા દુશ્યંતને નિહાળ્યો. પુનઃ તેની આંખ બંધ થઈ ગઈ. આંખ પર ઢળાતાં પોપચાંની સાથે તેનાથી એક નિશ્વાસ ફેંકાઈ ગયો. તેના હોઠ પર હાસ્યની લકીર

ખેંચાઈ તેના હોઠમાંથી એક શબ્દ સરી પડ્યો... મયુર.... !

પુનઃ શાંતિ રૂમમાં છવાઈ ગઈ. દુશ્યંત માધવી પ્રત્યેની હૃદયની ભાવનાને નીરખી રહ્યો હતો. તેના હૃદયમાં કોઈ પુરુષ સહજ ઈર્ષાનો ભાવ ન હતો. કોઈ જ પ્રતિભાવ ન જન્મ્યો. મયુરે માધવીના પલંગ પર હાથ મૂક્યો. એક નજર દુશ્યંત તરફ નાખી અને બીજી નજરે માધવીના ચહેરાનું અવલોકન કરતો હળવેથી રૂમની બહાર નીકળી ગયો. દુશ્યંત બહાર નીકળતા મયુરની પીઠને જોઈ ન રહ્યો... તેણે એમ કહ્યું... મયુર ! તને શું થયું છે... ? કેમ આમ શબવત ગુમ્યા કરે છે ? ઉભો રહે....

કોઈ જ પ્રતિઉત્તર ના મળ્યો ? માત્ર તે સમયે મયુર તેનો ચહેરો ફેરવી એક નજર બન્ને તરફ નાખી લીધી હતી તેણે બારણાના હેન્ડ પર એવી રીતે હાથ મૂક્યા જાણે કોઈ નવી દિશામાં પ્રયાણ કરતા બુદ્ધની જેમ. મયુરના મુખમાંથી નીકળતો નિશ્વાસ ચારે તરફ ફેલાઈ રહ્યો હતો.

જીવનની પણ કોઈ રીત હોય છે ? જે માધવી માટે તડપનાર, વિરહની આગમાં સળગ્યા કરનાર, ઉંઘ ભૂલી જનાર, ખાવાનું - પીવાનું જેને ભાન ન રહેતું તે મયુર આજ આમ કેમ એકલી અટૂલી માધવીને મૂકીને ચાલી નીકળ્યો... તેના મનમાં એક વિચાર આવ્યો... શા માટે મારે એક મ્યાનમાં બે તલવાર રાખવી જોઈએ ? શા માટે એક ચીજ મેળવવા બીજી ચીજને છોડવી ના જોઈએ ? આમને આમ ક્યાં સુધી હું કર્યા કરીશ ? હું તો નથી માધવીને ઉપાય આપી શકતો કે પૂરા





ખંતથી દેશની સેવાને ન્યાય આપી શકતો... માટે માધવીને મૂકીને ચાલી નીકળવું જોઈએ... તો બીજી તરફ તેના મનમાં એક તર્ક એક એ પણ ઘુમરાઈ રહ્યો હતો.... અરે.... ! .... માધવી.... માધવી.... મારા હૃદયના તાણા વાણામાં વસાઈ ચૂકી છે તે મારી ધમનીઓમાં છેડતું લોહી છે અરે ! .... મારા શ્વાસ નિશ્વાસની પ્રક્રિયા છે... હું તેનામાં ઓતપ્રોત બની ગયો છું. એક મિનિટ પણ અમે જુદા નથી રહી શકતાં તો પછી તેને છોડીને કેમ રહી શકીશ ? મારા હૃદયનો એક એક ધબકાર તેને ચાહે છે... અરે એકલો બેઠો બેઠો ભગવાનનું સ્મરણ કર્યા કરૂં છું ને તેમાં પાછુ સાવ અચાનક સહજ તેનો ભય થયા કરે છે. માધવી... ઓ માધવી.... આ મને શું થયું છે ? આ મારી કેવી હાલત છે ? મારે મારી જવાબદારી કેમ નીભાવવી ? મારે જીવવું પડશે દેશ ખાતર, માધવી ખાતર....

આમ કર્મથી વિમુખ બનીને કયાં જઈશ ? હું સંસારનો ત્યાગ કરીને પણ ત્યાં મૂંગો... મૂંગો.... ધબકી શકીશ ?

મારે... મારે માધવીને આમ નિઃસહાય એકલી અરે માધવી જેને નફરત કરે છે તે જાની દુશ્મનની પાસે મુકીને ચાલ્યા જવું કેટલું યોગ્ય છે.

મયુર સ્પેશ્યલ વોર્ડ છોડતો ચાલી રહ્યો હતો. બહાર લીફટમેન નીરાંતનો દમ લેતો બીડીને ચૂસી રહ્યો હતો. બનેની નજર એક થઈ. મયુરે પ્રેમથી નીહાળતાં તેણે કહ્યું, સાહેબ.... જરા !

હા.... ચૂસી લે તેને.... મારે ઉતાવળ નથી. મયુરે તેને હસતાં

કહ્યું, હા સાહેબ ! મહેરબાની, આજનો દિવસ આમને આમ હું તો જેલની સજા ભોગવતો હોઉં તેમ મને લાગે છે; સહેજેય રાહત નહીં. બીડી સળગાવું ને કોઈ આવીને ઊભુ જ હોય. ને પાછી બીડી હોલવીને અંદર પ્રવેશવું પડે છે. ને એ ઉપર નીચે જવા-આવવાની રસમ ! બાપરે આવી નોકરી... તોબા તોબા...

મયુર બાજુના બાંકડા પર બેસતાં કહી રહ્યો... જો ભાઈ ! પારકા ભાણામાં બધાને મોટા લાડુ દેખાય.





# ૨૫

મધ્યરાત્રી પસાર થઈ રહી હતી. મયુરે ગાડી સ્ટાર્ટ કરી, કૌન હૈ સાબ ? અબ આધી રાત કો ગેટ નહીં ખુલેગા. ગુરખાએ કડપ પાથરતાં બુલંદ અવાજે કહ્યું.

ગાડી ગેટ પાસે લાવી ગુરખાને મયુરે કાર્ડ બતાવ્યું....

ઓહ, સાહબ મૈં આપકો નહીં પહચાન શકા.... માફ કરના....

મયુરે હાસ્ય વેરતાં કહ્યું ઓ...કે. ગુરખાએ ગેઈટ ખોલ્યો અને મયુર ગાડીને દોડાવતો મહેતા રેસ્ટોરન્ટ તરફ લઈ ગયો. ગાડીમાં બેઠાં બેઠાં જ તેણે હોર્ન માર્યું. એક ઊંચો પાતળો કાળો છોકરો તેની પાસે આવીને ઊભો રહ્યો.

મયુરે એક ચાનો ઓર્ડર આપ્યો. થોડી જ મિનિટોમાં પુનઃ ચા સાથે એ કાળો ઊંચો છોકરો આવી પહોંચ્યો. મયુરે તેના હાથમાંથી ચાનો કપ લેતાં પૂછયું, શું નામ છે તારું ?

મનુ.... સાવ અચાનક આગંતુક મોટા માણસ પાસેથી પુછાયેલા જવાબનો ઉત્તર આપતાં ખૂબ આશ્ચર્યથી તે છોકરાએ મયુરની સામું જોયું તેની આંખોમાં લાચારી ડોકાઈ આવી. મયુરે.... બીજો

પ્રશ્ન પૂછ્યો, ક્યાંનો વતની છે.... ડેમાઈનો છું...?

કેટલો પગાર આપે છે....? મયુરે હસતાં હસતાં સૂચક પૂછ્યું.

સાહેબ, સવા સો.

લાચારીથી મનુએ જમીન તરફ જોતાં કહ્યું.

બસ આટલો જ ! તુ ખાય છે શું, રહે છે કયાં, સૂએ છે કયાં ? એક સામટાં પ્રશ્નોની વર્ષા મયુરે સહજ રીતે કરી નાખી. તેની આંખોમાં ભીનાશ હતી.

મનુ મયુરની ભીની ચમકતી આંખોનાં ઊંડાણ માપવા મંથન કરી રહ્યો. તે ઊંડા ડૂબતા અવાજે કહી રહ્યો. સાહેબ ખાવું છું... એઠું જુઠું... વાસી.... વધેલું. વહેલી સવારે ૫ વાગે પાળી બદલાય એટલે બીજો છોકરો આવે, હું આ બાંકડા નીચેની ગોદડી-કોથળો લઈને સામેના ફુટપાથ પરનું જે પેલું પાટિયું દેખાય છે તેની પર સૂઈ જાઉં છું, એ મારું ઘર. સામેના નળ મારું બાથરુમ અને પાછું અહિં સવારે અગિયાર વાગે હાજર... શું કરું સાહેબ, બા બીમાર છે. કોઈ ઉપાય નથી. બાપ દારૂડિયો છે. દારૂ ને જુગારની લતમાં બધી જમીન વેચી મારી છે. એની માન પૈણું.... લુચ્ચો આમારી માને મારશ.... એક રાત ઢીંચી આવ્યો અન્ પસ માન્ એવી મારી.... માથામાં લાકડીથી બેહોશ કરી. છોકરો એક સામટું બોલી ગયો. તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. મુંગા.... મુંગા માણસને કોઈ વાત કરનાર મળે છે ત્યારે જીવનની વાસ્તવિકતા ભાવનામાં સરકી જાય છે.





હીમમાં કોકડું બની ગયેલી ફ્રીજના પાણી જેવી થીજી ગયેલી સંવેદના હુંફ રૂપી લાગણીની છાંટ ઓગાળી નાખે છે અને જાણે કોઈ સ્વજન મળે તેમ હૃદયમાં ધરબાયેલી વાત.... સહજ સરળ નીકળી પડે છે. મનુની આંખમાં દડદડતાં આંસુભીની આંખોએ મયુરે પેન્ટમાંથી રૂમાલ કાઢીને લુછયાં. ચાનો કપ ક્યારનો સીટની બાજુમાં રાહ જોઈ રહ્યો હતો. મયુરે કહ્યું...

મનુ... બધુ સારૂં થશે, ભગવાન જેવો ધણી છે ને...

એક કામ કર....

શું.... ?

શેઠે કેટલા પૈસા આપ્યા છે... ?

સાહેબ, પૂરા ૫૦૦૦ રૂપિયા.

લે આપી આવ... મયુરે પેન્ટના પાછલા ખીસ્સામાથી પાકીટ કાઢતાં કહ્યું.

ના સાહેબ....

મયુરે ચાનો કપ હાથમા લેતાં કહ્યું... કેમ તારે ગુલામીમાંથી મુક્ત નથી થવું....

ના.

કેમ નહિ...

સાહેબ બાપડો રમણીયો છે ને મને મારી નાખે.

કેમ.... મેં મારી જાતને બે વર્ષ માટે વેચી છે.

મયુરે એક આંચકો અનુભવ્યો. તે સમસમી ઊઠ્યો તે બોલી ઊઠ્યો એટલે...

એટલે એમ કે માને દવા કરાવવા કોઈ પૈસો નહોતો. મને રમણિયાએ કહ્યું, જો પૈસા આપું, દવા કરાવું ,પણ બે વર્ષ સુધી હું કહું ત્યાં નોકરી કરવી પડે.

રમણે કેટલા પૈસા આપ્યા હતા ?

સાહેબ ડફ્ફા જેવા સો રૂપિયા.

અને સો રૂપિયામાં બે વર્ષ સુધી.

હા, સાહેબ, માને માટે ગમે તે કરવું પડે ઈ કરવું જ.

આટલી નાની ઉંમરમાં ભણવાનું શું ?

સાહેબ જવા દોને બધું.

મયુરની સામે મા તરવરી ઉઠી. સાહકારી અંધારી આલમની શોષણની નવી પ્રક્રીયા કેવી ભયાનક છે આ જગતમાં ! તેને પણ એ દિવસો યાદ આવી ગયા.

વિદ્યાર્થી જીવનના દિવસોમાં બા બીમાર હતી. ન્યુમોનિયામાં તે પટકાઈ હતી. બાને દવાખાને લઈ જવાની હતી.... સગાંવહાલા પાડોશી મિત્રો બધા ફસકાઈ પડ્યા. કોઈએ મદદ તેને નોતી કરી. મયુર છેવટે એ સાંજે એક રેસ્ટોરન્ટ વાળાને મળેલો. તેણે ત્રણસો રૂપિયા એ શરતે આપેલા કે દરરોજ સાજે ૭ વાગે રેસ્ટોરન્ટ ઉપર આવી જવું અને મોડી રાત્રે બે વાગ્યા સુધી નોકરી કરવી.





હોટલ બોય તરીકેની એ દિવસોમાં પુરુ એક વર્ષ, તેણે પણ હોટલ બોયની નોકરી કરી હતી.

તીરસ્કાર... શેઠનો માર... નફરત... ગાળોની ભયાનક વર્ષા, આ જીવન પણ એક સંઘર્ષ છે ને.....

મયુર એ દિવસોની યાદમાં થોડી મિનિટો માટે ખોવાઈ ગયો. તેની આંખોમાં આંસુ છલકાવા લાગ્યાં. મા યાદ આવી ગઈ. તેણે બીમાર તડપતી મા તેની આંખ સામે તરવરવા લાગી.... તેનાથી બોલી પડાયું, મા હું આવું છું.

મનુ ભીની આંખોવાળા સાહેબ સામું જોયા કરતો હતો મયુરે મનુને ચાનો કપ આપ્યો અને ખિસ્સામાંથી એક દશની નોટ કાઢીને મનુને આપી. મયુરે ગાડી સ્ટાર્ટ કરીને ગાડી પૂરપાટ અમદાવાદના એ વિસ્તારમાં દોડવા લાગી.

# ૨૬

મયુર મહેતા રેસ્ટોરન્ટ છોડી ઘેર પહોંચ્યો ત્યારે રાત્રિનો પાછલો પ્રહર પસાર થઈ રહ્યો હતો. આકાશ નક્ષત્રોથી શોભી રહ્યું હતું. તારલાઓ ટમટમી રહ્યા હતા. ઢાળની પોળની છેક છેલ્લે આવેલા પોતાના ઘરનો કોલ બેલ દબાવ્યો ત્યારે પોળનાં કૂતરાં તેનુંસ્વાગત કરી રહ્યાં હતાં. શહેર જાગી ઉઠ્યું હતું. રિક્ષા, મોટર, સાઈકલ અને સ્કૂટરથી રસ્તો જીવતો થઈ રહ્યો હતો. આજ વાતાવરણમાં પહેલેથી જ ગરમી પ્રસરી રહી હતી. ઘર પાસે જ્યારે તેણે ફીયાટ ઉભી રાખી ત્યારે તેને ખૂબ નજીકથી તાકી તાકીને પોલીસમેન અવલોકન કરી રહ્યો હતો. તેનો ચહેરો ઘુરકતા કૂતરા કરતાં પણ વિકરાળ લાગતો હતો. તે બરાડી ઊઠ્યો કોણ ? કોનું કામ છે ?

મયુરને પોલીસમેનનું વર્તન જોઈને ઘડીભર પેટ ભરી હસી લેવાનું મન થયું પરંતુ પુનઃ તે તેની કરૂણા પર હસતાં કહી રહ્યો....

એ તો હું છું...

હું કોણ ?





અરે ! મને ના ઓળખ્યો ? મયુર !

આ મારૂં ઘર છે....

તારૂં ઘર છે ? ખોટી વાત અહી તો એક ડોશી રહે છે, ડોશી ! સાલા લોફર ચોરી કરવા આવ્યો છે ?

ના.... ના.... જમાદાર એવું નથી.

મયુરે જમાદારને સમજાવતાં કહ્યું... ભલા માણસ મારા ઘરમાં મને જતાં અટકાવો છો....

પોલીસમેન મયુરના આવા ઉદ્‌ગારોથી વધુ તીખો થયો તેણે લગભગ બરાડતાં કહ્યું.

.... જો હું ઊભો છું. ડોશી તો મા... છે મા.... અમોને તે સાચવે છે..... પાણી આપે, ચા આપે, બેટા કહીને બોલાવે. મારે પણ મા છે.... પણ દૂર દૂર પોરબંદર. હું તેને 'મા' કહું તે મારૂં મોં ભરાઈ આવે છે. જો જે સાલા કંઈક બીજું કરતો.

આવા જંગલી જેવા પોલીસમેનના મુખમાં પણ માનો પ્યાર સાંભળ્યો ત્યારે ઘડીભર દિગમુઢ બનીને જોઈ જ રહ્યો. મયુર વિચારી રહ્યો પોતે કેટલો લાચાર છે. એક તો સી.આઈ.ડી. જાસુસની નોકરી... દેશની વફાદારી..... તલવારની ધાર જેવી જિંદગી ડગલે ને પગલ મોતના ભણકારા અને એક બીજું મા તે પાછી સંધ્યા કાળના આછા અજવાળામાં શાંતિની ઝંખના કરતી મા... ! દિકરો મારો લાકડીનો

ટેકો બનશે... વહુ આવશે.... અને પોતે રઝડતો રખડતો માસ બે માસ ઘેર આવતો મા.... મા.... પર શું વિતતું હશે. મયુરને માની હાલતની કલ્પના માત્રથી ધ્રુજારી આવી ગઈ.

એક ક્ષણ માટે કોલબેલ દબાવીને માને હેરાન નહી કરવાનું વિચારી લીધું. તો વળી પુનઃ પાછા જતા રહી સવારે વહેલા આવવાનું વિચારતો હતો તો બીજી તરફ મા કેવી હશે... તેને કંઈ દુઃખ તો નહી હોય ને તે વિચાર માત્રથી અટકી પડ્યો... બીજીવાર કોલબેલ દબાવ્યો પણ કોઈ અવાજ નહીં આવતાં તેને લાગ્યું કે કદાચ લાઈટ નહી હોય તે ઊભો જ રહ્યો તેને વિચાર માત્રથી અટકી પડ્યો.... બીજીવાર કોલબેલ દબાવ્યો પણ કોઈ અવાજ નહીં આવતાં તેને લાગ્યું કે કદાચ લાઈટ નહીં હોય તે ઊભો જ રહ્યો તેને વિચાર આવ્યો મા પૂછશે કે આટલા બધા દિવસ ક્યાં ગયો હતો ? કહીશ 'મા' શુ કરૂં ભારતમાતાનો પ્રેમ.... તેં તો કહ્યું હતું કે, બેટા તમે બધા ભારતમાતાના બાળકો છો, દેશના અંદરના દુશ્મનોથી દેશનું રક્ષણ કરવાનું છે..." માનો તેજસ્વી ચહેરો તેની નજર સમક્ષ તરવરી ઉઠ્યો. તેને ઉમંગથી મા આવતી દેખાઈ. તેની આંખોમાં કોઈ અદ્‌ભુત ભાવ હતો, જોઈ જ રહ્યો. તે વલવલતો રહ્યો.... તેણે બાને બોલતી સાંભળી... તું.... તું... અહી..... ના હોય. તું કેમ આવ્યો... બેટા ! સેવા કરવી હોય તો મને પણ તડપતી... પીડાતી છોડવી પડે.... દાદરનું એક પગથિયું ચઢવા માટે પાછળ બીજું પગથિયું પડે ને, ચઢાણ સીધા તો ક્યારેય ના હોઈ શકે !"



મયુર માની મૂકવાણી સાંભળી રહ્યો... તેની તરવરતી મૂંગી મૂર્તિ અદ્રશ્ય થઈ. કોલબેલ ના વાગ્યો.

ત્યારે મયુરે બારણું ખટખટાવ્યું. એક અવાજ ઘરના બંધ ઓરડામાં પ્રસરી રહ્યો.

"કોણ.... ? બેટા કોણ ?"

એક અવાજમાં દર્દ હતું અણસાર હતો. ધ્રુજારી હતી.... મયુરે જ્યારે એ અવાજ સાંભળ્યો ત્યારે એક અદ્‌ભુત રોમાંચની અનુભૂતિ કરી.... તે ધ્રુજી રહ્યો.... તેનો હોઠ તડપી રહ્યા તે બોલી ઉઠ્યો મા.... મા.... મા... એ તો હું તારો મયુર....!"

બંધ ઓરડામાંથી કોઈના દોડવાનો લાકડીના ખટખટવાનો અવાજ આવી રહ્યો હતો. બારણા પાસે આવીને માએ દ્વાર ખોલ્યું ન ખોલ્યું તે લાકડી પડવાનો અવાજ.... કોઈ ધબાકાનો અવાજ આવ્યો" મયુર ગભરાઈ ગયો તે વિચારી રહ્યો જરૂર "મા પડી ગઈ" તે બોલી ઉઠ્યો "મા... મા... શું થયું ?"

બંધ દ્વારા ખોલતાં કરમાયેલો સમયની કરચલીવાળો ચરેહો કોઈ અગમ્ય વર્ષોની વેદનાને દબાવતો માનો ચહેરો હસી રહ્યો હતો. માએ મયુરના માથા પર હાથ પ્રસાર્યો. ચહેરાની મુલાકાત બાનો હાથ લઈ રહ્યો હતો. અને તેની સાથે માના મુખમાંથી એ શબ્દો સરી પડ્યા, બેટા સારો તો છે ને અને માધવી નથી આવી ?

મયુર માની ઊંડી તરસતી આંખોમાં ઊંડાણ માપવા પ્રયાણ કરી રહ્યો. તેમાં એક ભયાનક તરસ હતી અને એ તરસની અભિપ્સામાં મા તડપતી હોય તેમ માને તડપતી જોઈ રહ્યો.





# ૨૭

મયુર કેટલી મિનિટો સુધી માને નિરખી રહ્યો. માના ચહેરા પર તળાવનું પાણી સુકાઈ અને કાદવ સુકાતા ચોસલા પડી જાય એ તળાવમાં ઉગતા કમળના વેલા કરમાઈ જાય અને તે વેલાઓ તળાવની ભૂતકાળની સૌદર્ય ભવ્યતાનો અનુભવ કરાવે તેમ માના ચહેરા પર આંખોમાં તરવતરતી પ્રેમ સરવાણી કરચલીવાળા ચહેરા પર દેખાયા કરતી હતી. માની સેથી માના મોટા ધોળી પૂણી જેવા વાળ આંગળા અરે માના ચરણો પર નજર પડતા તેના ચમકતા નખ અને અંગૂઠાની ફૂટતી ટસરો માની ભવ્યતાને દર્શાવતા હતા. બહારની રોડ લાઈનમાં મા ભવ્યથી ભવ્ય દર્શન બની ઉઠી હતી.

મયુરે માના ચરણોને સ્પર્શ કર્યો. તેનાથી બોલી પડાયુ, મા તુ કેમ આમ થઈ ગઈ ? હું ના કહેતો હતો મા તને છોડીને મારે નોકરી કરવી નથી.

બેટા તારા વિરહમાં.... પણ તું નોકરી કરે છે.... અરે ગાંડા નોકરી તો પેટ ભરવા સામાન્ય માણસો કરે.... મારો દિકરો તો દેશસેવા કરે છે..... મા ખડખડાટ હસી રહી. માનુ મુક્ત હાસ્ય ચોતરફ ફેલાઈ રહ્યું હતું. સવારનો મંદ મંદ પવન કયાંથી ઠંડી લહેર

લાવી રહ્યો હતો.

એ મંદ લહેરખીથી માની સેથીના વાળ ઉડી રહ્યા હતા. મા મયૂરને કહી રહી હતી. બેટા બીજુ કાંઈ નહી દસ-પંદર દિવસે માધવી મન મળી જાય ને તો પણ મને ઘડપણની લાકડી મળ્યા બરાબર છે.

મા.... મયુર એકદમ વચ્ચે બોલી ઉઠ્યો. પરંતુ મયુરના ચહેરા પરની ગ્લાની તેના અધવચ્ચે બીડાઈ ગયેલા હોઠ જોઈને મા વિચારમાં પડી ગઈ. તે એક ક્ષણ મયુરને નખશીખ અવલોકી રહી. તે થોડી મિનિટો મૌન રહી, મયુર તરફથી ચહેરો ફેરવી લેતા બોલી ઉઠી - શું તારે ને માધવીને..... માના અવાજમાં દર્દ હતું. તેના શબ્દો અંતરના ઉંડાણમાંથી આવી રહ્યા હતા.

મયુર એક સમય માટે ડઘાઈ ગયો. તેની માને કંઈપણ કહેવાની હિંમત ચાલી નહી. તેણે ફેરવી નાંખતા કહ્યું કંઈ નહીં એ તો જરા....

મા મયુરના ચહેરાને અવલોકી રહી હતી. તેનો ઝંખવાણો ચહેરો તેનો થોથવાયેલો દોદડો અવાજ મા અનુભવી રહી હતી.

તેણે વેધક નજરે મયુરને જોઈને કડક તીખા અવાજે મયુરને કહ્યું.... તું કંઈક છુપાવે છે.

ના, ના.... મા.... તારાથી કંઈક છુપાવાનું હોય. તારા ચરણોમાં તો મારૂં સ્વર્ગ છે... મા... એવું કંઈ નથી. મયુરની આંખોના ખૂણા ભીના થયા.





તેણે માના ચરણો પકડી પાડ્યા. તેની આંખો મોકળા મને રડી રહી હતી. ને આંસુના બુંદ ધાર બનીને માના ચરણોને પલાળી રહ્યાં હતાં. તે કંઈ બોલી ના શક્યો કેટ કેટલાય દિવસથી દબાયેલો વેદનાનો ડુમો આજ નવા સ્વરૂપે પ્રગટ થઈ રહ્યો હતો. માએ તેને બાહુમાંથી પકડ્યો. તેણે માની ભીની આંખોને લુછી અને કહી રહ્યો હતો, મા એક ચા બનાવીશ.

કેમ નહીં બેટા, હું તો દરરોજ તારા માટે દૂધ રાખુ છું. મને સાંજ પડે થાય કે આજે જરૂર મોડો મોડો પણ મારો મયુર આવશે. અને છેવટે મોડી રાત્રે એક બીજો દિકરો છે ને તેને બોલાવીને ચા પીવડાવું... તે પણ કેવો મને મા કહે છે.

મા ના હોઠ હસી રહ્યા હતા. તો આંખો ભીની થઈ રહી હતી. તેણે બુમ મારી ગજુ બેટા.... ગજુ જો જો... મારો મયુર.... આવ્યો.... માનો બારણામાંથી સંભળાઈ રહેલો અવાજ ગજુ પોલીસવાળાએ સાંભળ્યો અને તે દોડ્યો... તે ઘરમાં પ્રવેશ્યો મા... મા.... મયુર આ રખડતો... ગજુ પોલીસવાળો હસી રહ્યો હતો. મયુર તેની ફફડતી મૂંછોને જોઈ જ રહ્યો.

મા જે તે ચા બનાવવા લાકડીને ટેકે જતી મયુર જોઈ જ રહ્યો. તેના મનમાં એક વિચાર વધુ મક્કમ થઈ રહ્યો હતો.

ગજુ મયુરના ચહેરાની ખેંચાયેલી પાષાણ રેખાને જોઈને એ એક ક્ષણ માટે ડઘાઈ ગયો. તે મયુરના ખભાને પકડતાં કહી રહ્યો.

શું વિચારે છે.

મયુર થોડી ક્ષણો કંઈક ના બોલ્યો. તેનાથી એક નિશ્વાસ નંખાઈ ગયો. તેણે ધીમેથી ગજુને કહ્યું જો ને મા ચાલી શકતી નથી. માને મારી બહુ જરૂર છે. છતાં મને નોકરી કરવાનું જ કહે છે. તે માને છે કે હું પગાર લઈને દેશ સેવા કરુ છું. બોલ હું શું કરું ? મયુર ઉંડી નજરે ગજુને જોઈ રહ્યો.

ગજુ મૌન રહ્યો. તે પોતાની જાતને તપાસી રહ્યો હતો. પોતે પોરબંદરથી કેટલો દૂર છે. મા શું કરતી હશે ? મા ને સુખી કરવા પૈસાની જરૂર હતી. તેને ટીબી હતો. તે તેની દવા માટે નિયમિત પૈસા મોકલતો. જ્યારે વધારે પૈસા મોકલવાનો માનો પત્ર આવે ત્યારે તે થોડો દંડો વધારે પછાડી લુખ્ખી દાદાગીરી કરી પૈસા પડાવી લેતો. માને પૈસા મોકલતો ત્યારે માને લખતો મા શું કરુ તારા કહેવામાં હું નથી. તેણે ત્યારે મા નો મયુર પ્રત્યેનો પ્રેમ જોઈને નિર્ણય કરી લીધો. ભલે થોડી તકલીફ પડે.

ભલે નોકરીના પગારમાંથી થોડી બચત કરીને માને મોકલી આપીશ. બીજી તરફ તેને નોકરી સિવાયના બીજા સમયમાં તેને બીજો ધંધો કરવાનું મન થયું. તેને તેનો મિત્ર છગન યાદ આવ્યો. ગજુ પોતાની ડ્યુટી પૂરી થતાં છગનની રીક્ષામાં ઘેર જતો ગીતા મંદીરે છગન તેને ઉતારી દેતો. શરૂ શરૂમાં તે દાદાગીરીથી તે છગનને રીક્ષાનું ભાડુ આપતો નહીં. પછી તો નિત્ય ક્રમ થઈ ગયો અને બન્ને દોસ્તો બની





ગયા. તેને પણ સાવ અચાનક જ વિચાર ફુટ્યો. લાવ હું પણ રીક્ષા ફેરવું. સાંજ પડે ૨૦ થી ૨૫ રૂપિયાની આવક કરીને માને મોકલાવીશ. માને આવી આવક ખૂબ ગમશે. ગજુ જ્યારે છગનની રીક્ષામાં બેઠો બેઠો મુંગો જવાનું વિચારી રહ્યો હતો ત્યારે મયુરે કહ્યું કેમ જમાદાર કંઈ ધંધો કરવાનું વિચારે છે.

અરે મયુર તેને કેવી રીતે ખબર પડી. ગજુ ચમકી ગયો.

કેમ ખબર ના પડે હું જાસુસ છું. મયુરે કાર્ડ કાઢીને ગજુને બતાવ્યું. ગજુ સફાળો ઉભો થયો અને તેણે મયુરને સલામ કરી, મયુર ખડખડાટ હસી પડ્યો. અરે દોસ્ત આ ઘર છે તું તો ખરો નિકળ્યો પોલીસ ચોકીની જેમ વર્તે છે. મારી સાથે આવો વર્તાવ કરીશ ?

ગજુ થોથવાતા અવાજે કહી રહ્યો. સા...'હે....બ... મારી ભૂલ થઈ.

અરે એમાં ભૂલ શાની.

મા રસોડામાંથી ચા લઈને આવી રહી હતી. તે બન્નેની વાતો સાંભળી રહી હતી. તે મુંગા મોંએ બન્ને દિકરાઓની વાતો સાંભળી રહી હતી. અરે તમે કેવી વાતો કરો છો. આતો ઘર છે ઘર, પોલીસ સ્ટેશન નથી. ડગમગ ચાલે માને આવતી જોઈને ધ્રુજતા કપને બંને જણાએ સફાળા જઈને માના હાથમાંથી લઈ લીધો. મયુરે માને કહ્યું, તારે બુમ મારવી હતી ને... અમે દોડતા આવી જાત....

ગજુ હસતાં હસતાં કહી રહ્યો હતો... મા તો મધરાતે આમ કરે છે. ચા અચાનક બનાવી દે ને મને ઢંઢોળીને કહે, ગજુ લે મોં ધોઈ નાંખ દિકરા, ચા બનાવી લીધી.

ગજુ મયુરના મુખ સામે જોઈ રહ્યો. તે બન્ને એક બીજાની આંખોમાં રહેલા માના પ્રેમને માપી રહ્યા હતા. ચાનો ઘુટ પીતાં ગજુ મયુરને કહી રહ્યો હતો. મયુર ખૂબ ભારે નોકરી છે નહિ. હા શું કરૂ મા કહેતી હોય તે બધુ દેશને આપવું જોઈએ. મયુરે ચા પીને કપ નીચે મૂકતાં કહ્યું. તે બાજુના પલંગ પરના ઓશીકાને નીચે ગોઠવી જાતને લંબાવી રહ્યો હતો. ગજુએ ચા પીને સપાટા બંધ ઉભા થતા કહ્યું, લે ત્યારે તું લાંબો થા હું તો જાઉં છું. હમણાં સવાર થશે અને છગન રીક્ષા લઈને આવી પહોંચશે.

મા ઓટલા પર માથુ ટેકવી આંખ મીચીને લંબાઈ રહેલા મયુરને કહી રહી હતી. લે ત્યારે હું તો ચીમની નાખું છું. તુ તારે સવારની નિદંર માણી લે.

પોળનો અંતિમ ભાગ રીક્ષાના અવાજથી સળવળી રહ્યો હતો. રીક્ષાએ લાઈટના થાંભલા પાસે ટર્ન લઈ લીધો. ગજુ રીક્ષામાં ગોઠવાઈ ગયો અને સડસડાટ રીક્ષા ઢાળની પોળના રસ્તાઓ ઉપર દોડવા લાગી. થોડી મિનિટો સુધી ગજુ અને છગન વચ્ચે મૌન પથરાઈ રહ્યું હતું.... ગીતા મંદિરના રસ્તાઓ પસાર કરતાં છગને ધીમે રહીને... ગજુને કહ્યું. ‘‘ઓ જમાદાર, કેમ કંઈ જાવું છે ?’’



ગજુ છગનની પીઠ તાકી રહ્યો.... પીઠને આંખ ફુટી હોય તેમ તે જોઈ હસતાં કહી રહ્યો. જુઓ... છગનજી... મારે રીક્ષા લાવવી છે.

‘‘અરે ગાંડા, જમાદાર... અને રીક્ષા ? ક્યારેય કયાંય સાંભળ્યું ઈજ્જતની કમાણી પોલીસ કરતી હોય ? છગન આશ્ચર્યથી ગરકાવ થઈ બોલી ઉઠ્યો.

ગજુ છગનની પીઠ.... માથાના ઉડતા વાળ તો થોડી વારે ગળાના રૂમાલને અવલોકતો બોલી ઉઠ્યો.

મારે હવે દંડાની..... હરામની કમાઈ નથી ખાવી.... સરકાર પગાર આપે છે ને !

તેથી જ પુરૂ કરવું છે.

છગને વિચાર્યું કે... શું જમાદારે આજ નશો નથી કર્યો... મનમાં થયું કે કદાચ પેલા ધીરુ ગોસાઈની લતે ભાંગ તો શિવ મંદિર પાસેની દુકાને જઈને નથી નાખી આવ્યા ને તેમ સીધું પૂછયું ‘‘જમાદાર... ભાંગ....પીધી છે.’’ ?

કેમ ? ગજ્જુ ગુસ્સે થઈ ગયો, તે બોલ્યો ‘‘છગન ભાઈબંધ ખરા પણ ધ્યાન રાખજે..... બોલવામાં આઘી પાછી કરી છે તો’’

ના.... ના.... જમાદર રીક્ષા.... રીક્ષા.... કમાણી.... કમાણી કર્યા કરો છો તે.

હાચી વાત છે છગન, હવેથી હું... પગાર જ લઈશ.... બાકીની આવક માટી બરાબર.... જો પેલો ડોશીનો મયુરીયો રાત-દાડો.... દેશ... દેશ કરીને માડીને મલવાય આવતો નથી. ડોશી બીચારી મરવા પડીસ.... ધગધગતો તાવ હતો, મલેરિયા.... છોરો જાસુસ અને પાસો આખા દેશનો મોટો... તોય... ઘર જેવું સાદુ સીધુ. એક સવજીનો ફોટો લબડતો તો, ને ગોખલામાં ભવાનીની મૂર્તિ.

લાઈટ કનેકશન પણ કપાઈ ગયું છે કોણ ભરવા જાય.

"સારુ સારુ જમાદાર માન ગયે હમ... દેસ ઊંસો આવી જ્યો.

છગને પૂરી ગામઠી ભાષામાં સાબરકાંઠાના લ્હેકામાં વાત કરી....

"કાલે હવારે તને રીક્ષા મલી જશે... ચેટલા વાગ્યા હુંધી ફેરવે. ? પુરા ૬ થી ૯-૪૦ સુધી ગજુએ ગૌરવપુર્વક મુછ પર તાવ દેતાં કહ્યું...."

છગનની નજર આયનામાંથી તેની મુછ પર ફરતા હાથ પર ગઈ.

વહેલી સવારે છગન એના ભત્રીજા પાસે રીક્ષા ડ્રાઈવ કરાવીને જ્યારે ગજુના ઘરે ગયો ત્યારે જમાદાર ગજુ તૈયાર થઈને હુક્કો ગગડાવતા.... મૂંછ પર તાવ દઈ રહ્યા હતા..... છગનને આવતો જોઈને હુક્કાની નાળને મોંમાં રાખીને કશ ખેંચતા ઊભા ઊભા કહી





રહ્યા... "છગનજી.... ચૌહાણ આવો આવો.... મેં આ તૈયારી રાખી છે ઊભો રે..... બેસ.... આલ્યા.... તું ચોં બેસીસ...."

અંદર ચા લેવા જતા ગજુની પીઠ જોતો છગન આશ્ચર્યમાં હાથ પસરાવતો હસતાં કહી રહ્યો....

એ આજે દેશના ઊઘડી ગ્યા. ગજુ હસતાં ચાના બન્ને કપ લાવી રહ્યો હતો..... છગનના ભત્રીજા પૂંજાને ચા આપતાં તેને ઉદ્દેશીને કહી રહ્યો.

"અલ્યા... પૂંજ્યા તું મારી હારે રેજે હવા નવે.... તને તારા ઘેર મુકી જૈસ બસ થોડો હાથ સોખો કરવો પડે ન"

"હા તે હા દંડા મારી મારી લોકોના બરડા ચોખ્ખા કર્યા હવે તો મેલા હાથને ચોખ્ખા તો કરવા રહ્યા."

રસ્તામાં મયુર મળ્યો તે જોઈને આશ્ચર્યમાં પડ્યો.

# ૨૮

સાંજનો સમય હતો ગજુ ઢાળની પોળને નાકે આવ્યો ત્યારે મયુર પોતાની ફીયાટમાં ઢાળની પોળના દરવાજામાંથી બહાર નીકળતો હતો ત્યાં જ બન્નેનું ક્રોસ થયું. મયુરે ગજુને જોઈને ગાડી ઊભી રાખી. તેણે બારીમાંથી ગજુને આવતો જોઈને કહ્યું'' ત્યાંજ ઉભો રહે. જો... હું આજે મોડો આવીશ.... માને સાચવજે.... જયેન્દ્રભાઈને વાત કરી છે..... કદાચ તેઓ ત્યાં જ હશે.... મારૂં નક્કી નથી પંડિત કાકા સમજે છે. તે મારી જિંદગી જાણે છે તેમણે તો મને રવાડે ચડાવ્યો હતો ને ?.... કોણ જાણે માને તેમણે શું સુંઘાડ્યું હતું.... વિનોદ કિનારીવાળાની સમાધીએ ફૂલો ચઢાવતાં કંઈક માને કહ્યું ને.... એમ જ બનાવીશ.... હું જાઉં છું......

ગજુ વેધક નજરે દૂરથી મયુરને જોઈ રહ્યો હતો. તેની આંખોમાં એક આશ્ચર્ય, એક પ્રશ્નાર્થ, એક આજ્ઞાર્થ એક સાથે સળવળી ઊઠ્યાં હતાં છતાં ગજુની મૌનની ભાષાને મયુર સમજી ગયો ને એટલું જ કહી રહ્યો.... ''જો માધવીને વી.એસ.માંથી તું ઘેર લઈ આવજે !''

સાંજ ઢળી રહી હતી. સાંજનો આછો પીળો કોમળ તડકો તેની





રતાશથી ઉપરના ખુલ્લા આકાશને રંગી રહ્યો હતો. રસ્તાઓ દોડી રહ્યા હતા. મયુર દરિયાપુર ગેસ્ટ હાઉસમાં ગાડી પાર્ક કરી રહ્યો હતો ત્યારે લીમડાની આડસમાં કેટલીક ગાડીઓ પાર્ક થયેલી જોઈ. તેણે ગાડીમાં રહીને ટાઈમ વોચમાંની સ્વીચને ઓન કરી વાયરલેસ સેટ પર બોલી રહ્યો.... હેલો.... આઈ.... A-1 સ્પીકીંગ .... પ્લીઝ આઈ વોન્ટ ટુ મીટ.... આર્મી..... એઝ પોસીબલ... અર્લી..

''ઓહ ! ... આઈ સો લકી... કમ ઓન... નો... બટ....

યસ.... મેં અભી હી સબકો બહાર નીકાલ દેતા હું. ને બીજી મિનિટોમાં મયુરે ગેસ્ટહાઉસમાંથી આઈ.જી.પી. અન્ય હોદ્દેદારો... કમાન્ડો.... બહાર નીકળતા જોયા તો જેવી તેઓ ગાડીઓ સ્ટાર્ટ કરીને ગેસ્ટ હાઉસ છોડી બહાર નીકળવા લાગ્યા તે જ સમયે મયુર ખૂબ ઝડપી ગાડી સ્ટાર્ટ કરીને પાછલા દરવાજા તરફ ગયો ને ત્વરીત ડોર ખોલીને ગેસ્ટ હાઉસના ઉત્તર તરફના દરવાજામાંથી પ્રવેશવા ગયો. તે જ સમયે પૂરું ગેસ્ટ હાઉસ સ્ટેનગન મશીનગનની ગોળીઓના અવાજથી ધણ ધણી ઊઠ્યું.

ગુપ્તચર વડા કે નારાયણ સફાળા બીજી ક્ષણે બારણાની આડસે આવી છુપાઈ ચુક્યા હતા.

મયુરે બીજી મિનિટે બુમ મારી ''સર ડોન્ટ વરી હું તમારી સાથે જ છું.''

''ઓહ... યુ. આર. એ-૧

''યસ સર'' મયુરે બારણાની આડ તરફ કાપ મારતાં પહેલાં સલામ ભરી....

''ઓહ ! માય બોય યુ આર લીટલ'' કે નારાયણ આશ્ચર્યમાં પડ્યા.

બીજી ક્ષણે મયુર દબાતા અવાજે કહી રહ્યો ''સર... ઈટસ આ સાર્પ ટાઈમ પ્લીઝ કમ ઓન વીથ મી. અ.ની ટાઈમ એન્ડ એની પ્લેસ ટાઈગર વીલ ટારગેટ અસ.

''વાય ?...'' કે નારાયણેહઆશ્ચર્યથી કહ્યું.

''સર ઈટસ અ સીકરેટ મેટર... ઓનલી આઈ એમ નો.... ઈટસ.... સો.....'' મયુરે ગોળીઓના વરસાદમાં બોસ અને પોતાને સાચવતાં કહ્યું..... અને

''ઓહ માય ગોડ ! વોટસ ? હુ વી હુ ! ગુપ્તચર વડા વિચારમાં ગરકાવ થઈ ગયા.

''સર મેં તેને પી.એમ. ફાઈલમાં મુકેલ છે. તે સાથે ગુપ્તચર મેટર્સ નંબર છે તે ફાઈલ નંબર ૦૭૦૮૦૬ છે. ખૂબ નાની પીળી ફાઈલ છે તેમાં કાગળો ઉપર નીચે બે આડી રંગીન લાઈન છે. પહેલી કેશરી પટ્ટીની લાઈન છે. તે પછી વચ્ચે કોરો ભાગ છે અને નીચે લીલા રંગની લાઈન છે. શક્ય છે કે કાગળ બદલાય તો પણ ઓરીજીનલ કાગળ આ જ છે. સર હું તમોને જેમ બને તેમ ઝડપી





સલામત સ્થળે પહોંચાડવા માંગું છું.

બીજી મિનિટે ધાણી ફૂટે તેમ મયુરે ફટાકડાની હાર ફોડીને ગુપ્તચર વડાને લઈને ગાડી મારી મૂકી. દોડતી ગાડીએ વાયરલેસથી કોન્ટેક કરીને મયુરે ખાસ વધારાની પોલીસ કુમક બોલાવી લીધી હતી તેથી થોડી જ મિનિટોમાંજ દરિયાપૂર ગેસ્ટ હાઉસ તરફના રસ્તાઓ સાયરનથી ગાજી ઊઠ્યા અને આંખના પલકારમાં પૂરા ગેસ્ટહાઉસને કોર્ડન કરી લેવામાં આવ્યું પરંતુ તે પહેલા એ-૧ મયુર ગુપ્તચર વડાને લઈને વરંડા પાસેની પાર્ક કરેલી ગાડીમાં બેસીને રવાના થઈ ગયો હતો. ટાઈગરનું ધ્યાન માત્ર ગેસ્ટહાઉસમાં ફુટતા ફટાકડાને ગોળીઓના અવાજ સમજવામાં ગયું હતું તેને કલ્પના પણ ન હતી કે આવી રીતે ચાલાકીથી એ-૧ તેને બનાવી જશે. મયુરની ગાડી ગાંધીનગરના રસ્તાઓ તરફ દોડી રહી હતી.

ચાલુ ગાડીએ તેણે ગુજરાતમાં ચાલતી આતંકવાદી પ્રવૃત્તિ અને સરકારી અધિકારીઓની લાંચ રુશ્વતની બદીને કારણે ઊભા થયેલા ભયાનક પરિણામોનો ચર્ચા કરી તેણે પોતાના અભિપ્રાયમાં સ્પષ્ટ કહ્યું કે સમગ્ર તંત્ર સડી ગયું છે. કયા સમયે કયાં શું બને, કેવો આતંક ફેલાઈ જાય તે નક્કી ના કહેવાય માટે જલ્દી ગુજરાત છોડવાની તેમને સલાહ આપી.

ગુપ્તચર વડા મયુરની વાણી સાંભળીને આશ્ચર્યમાં પડી ગયા. તેમને આ કડવી વાત સ્વીકારવી પડી કે રાજકીય નેતાઓ અને

આતંકવાદીઓની સાંઠ-ગાંઠને કારણે આ પરિસ્થિતિ ઉભી થઈ છે.

જ્યારે મયુરે કહ્યું કે સર મારી ફરજ છે તે હું જીવને જોખમે બજાવી ચૂક્યો છું આ શરીરમાં જીવ છે ત્યાં સુધી દેશ માટે આ માહિતી ક્યારેય નહી જાય પણ....

મયુરના ચહેરાનો ભાવ જોઈને કે નારાયણ વિચારમાં પડી ગયા તેઓ સમજી શક્યા કે મયુરને કાંઈક બીજું દુઃખ છે. તેઓ પોતાની મુંઝવણ વ્યક્ત કરતાં કહી રહ્યા "મી. એ-૧ યુ નો દેશ સેવામાં ક્યારેય કોઈ અવરોધ આવતો નથી...." બોસના શબ્દોની વેધક અસર મયુર પર પડી. તેણે તે જ સમયે કહ્યું, સર ઈટસ આ માય પર્સનલ લાઈફ....

"પર્સનલ લાઈફ" ઓહ.... "હજુ પણ દેશ માટે પર્સનલ લાઈફ જેવું છે."

મયુરના ચહેરા પર લાચારી છવાઈ ગઈ હતી. તો બીજી તરફ બોસના ચહેરા પર છવાતા કડપને મયુર ઓળખી ચૂક્યો હતો. ગાજતા વરસાદી વાદળો જેમ બોસનો અવાજ ગર્જી રહ્યો હતો. "મી. એ-૧ દેશ માટે કૂર્બાની આપવાની હોય. ગુપ્તચર તંત્ર એ દેશનું હાર્દ છે સમજ્યા.... આમ જવાબદારીમાંથી ના છટકી જવાય.

મયુરની હતાશા દુર થતી ન હતી. તે એટલું જ બોલી શક્યો.... સર હું રીઝાઈન થાઉં છું. પ્લીઝ ટેઈક માય કાર્ડ, કોડ નંબર, રીવોલ્વર એન્ડ વાયરલેશ વોચ.



મી. કે. નારાયણ મયુરને જોઈજ રહ્યા. તેમની વેધક નજરોમાંથી આગ વરસતી હતી. તે સમયે મયુર બુશર્ટનું બટન ખોલી ખભો ખુલ્લો કરી રહ્યો હતો ને મિ. કે. નારાયણનો બીજો હાથ કમર પર ગોઠવાયેલી રીવોલ્વર પર પહોંચી ગયો હતો. મયુરનો ખભો કાળા વાંકળિયા વાળમાં શોભી રહ્યો હતો. તો વળી તે ફરકતા વાળ વચ્ચે લાલ અક્ષરોમાં ચામડી ઉપર એ-૧ લાખાની જેમ લહેરાઈ રહ્યું હતું.

ગુપ્તર વડા કે. નારાયણ અને મયુરની આંખો મળી તે સમયે ગુપ્તચર વડાની આંખોમાં ઝળઝળિયાં હતાં. તેઓ કહી રહ્યા હતા. "કાયર નપુંશક બીજાને જવાબદારી સોંપીને યુદ્ધના મેદાનમાંથી ભાગી જનારા જ દેશને નુકશાન કરે છે તે જ મોટા ગદ્દાર છે." તેમણે રિવોલ્વર ખેંચી કાઢી. તેમની આંગળી ટ્રેગર પર પહોંચી ચૂકી હતી. તો બીજી ક્ષણે મયુરની ખુલ્લી છાતીના વાળ ફરકી રહ્યા હતા. તેણે બન્ને હાથે બુશર્ટના કોલર પકડ્યા હતા. તે કહી રહ્યો હતો.... "સર.... ગોળી મારી દો પણ મને ગદ્ધાર ના કહો... મને ગદ્ધાર ના કહો, મને ગદ્ધાર ના કહો ." મયુરની આંખોમાંથી અશ્રુની ધારા વરસી રહી હતી. તેનું અંગે અંગ ધ્રુજી રહ્યું હતું તો તેની બીજી તરફ મી. કે નારાયણ મયુરની આ હાલત જોઈને અફળાતા ખડકોની જેમ બરાડી રહ્યા હતા. જાણે કોઈ ઝાડીમાંથી સિંહ ગર્જન કરતો ના હોય તેમ જ તો !

"મી. એ-૧ તું લાખ ઉપાય કરે તો પણ તું એ-૧ છે તે એ-૧ રહેવાનો છે. દુનિયાની કોઈ તાકાત તને બદલી શકવાની નથી. પછી

ભલે તું નોકરી કરતો હોય કે નોકરી ના કરતો હોય. મયુર એ વાત યાદ રાખ કે જેમ પિતાનું નામ નથી બદલાતું, જેમ માતા બદલાતી નથી તેમ વ્યક્તિએ કરેલું કાર્ય ક્યારેય તેને છોડતું નથી. તારે એ કર્મ માટે આવવું જ પડશે.... તારે માટે નહિ દેશ માટે તારામાં રહેલો દેશ પ્રેમ તને સુખેથી ઊંઘવા પણ નહિ દે અંતે તને મરવા પણ નહિ દે.''

ગુપ્તચર વડાની તેજાબી વાણીની અસર મયુરના મન ઉપર થઈ તે સ્હજ સ્વસ્થ થયો. તે કંઈ વિચારતો કહી રહ્યો ''સર મારી મા છે. તેને મારી જરૂર છે. તે જે માગે તે હું આપી શકતો નથી.

''એટલે ?''

સર.... માએ જ મને મોકલ્યો છે. નોકરી માટે નહિ દેશ સેવા માટે. પણ.... તેને ખબર છે કે હું જેને.....''

મયુર સંકોચાઈ ગયો.... તે શરમાઈ ગયો. બોસે મયુરના ખભે હાથ પ્રસાર્યો. તેઓ કહી રહ્યા..... ''ઓહ ! માય ચાઈલ્ડ.... ઈટસ આ કોમન કવેશ્ચન.... એ માટે રાજીનામું....''

''ના..... સર..... હું તે સોલ કરી શકું તેમ નથી.''

''વાય !.... યુ કાન્ટ બીલીવ ઈન લવ....'' શું પ્રેમ આપણે કહીએ તેમ સામે પક્ષે થાય તે જ પ્રેમ કહેવાય ?... શું તે મુક્ત નથી ?.... વાય આર યુ થીંકીંગ રોંગ ? પ્રેમને મુક્ત વહેવા દો.... તેને બંદીશ ના બનાવો.'' જો તો ખરો તું જે નહિ લાવે તે મા લાવશે ! મને





વિશ્વાસ છે સાચો પ્રેમ ક્યારેય નબળો નથી હોતો.

''એમ કર ! તું દિલ્હી ચાલ... આપણે ત્યાં થોડી વાતો કરીશું...'' બોસે કહ્યું ''સર... યુ નો.... મારા કારણે કદાચ તમારે. પણ...

''ડોન્ટ વરી''

નો સર.... એકઝટ ટાઈમ આઈ વીલ સ્યોર કમ. ''મયુરે બોસને વચન આપ્યું...''

''એમ કર થોડા મહિના અહીં આરામ કર... બસ... દોડમ દોડ ના કરતો.''

સર.... શું કરું. ટાઈગર મને ઝંપવા નથી દેતો.

''પકડી પાડ.... છેવટે દેશદ્રોહીઓને દૂર કરવા જ રહ્યાને...''

સર.... આમાં કંઈ બીજું રહસ્ય લાગે છે....

''હેં...?'' બોસ આશ્ચર્યમાં પડ્યા. પ્રુફ ના મળે ત્યાં સુધી ના કહી શકાય પણ.... કંઈક મોટી વ્યક્તિનો હાથ હોઈ શકે.

''તું નક્કિ કરે તે ખરું....'' બોસ ચિંતામાં પડી ગયા. બીજી ક્ષણે મયુર રાતની ફલાઈટમાં બોસને રવાના કરવાની વ્યવસ્થા કરીને ત્વરીતે નીકળી ગયો. રાત્રિના દશ વાગી ચૂકયા હતા. શહેરની રોડ લાઈટમાં રસ્તાઓનો ઝગમગાટ દેખાઈ રહ્યો હતો. પ્રજાની અવર-જવર કંટ મુક્તિનો શ્વાસ લેવા માગતી હતી તેને મનમાં થતું કે ચાલ

આજે પણ માને લઈને ફરવા નીકળુ ગજુ પણ સાથે હશે ને ! મઝા આવશે ! માનું મન જરા હળવું થશે. કેટલાય મહિનાઓથી માએ શહેર નથી જોયું કેવું નવું નવું તેને લાગશે.... કેવી સંસ્કૃતિ પ્રગતિ કરી રહી છે. નવું શહેર નવી રોશની નવ જીવનના ધબકારને મા કેવા અનુભવશે.





## ૨૯

મયુરે ગાડી પાર્ક કરી...... તે સમયે દૂરથી જ ક્યારેય ખુલ્લુ ના રહેતું પોતાનું ઘર.... ઘરનું બારણું ખુલ્લુ જોયું. એક ક્ષણ માટે અમંગલ વિચાર આવી પહોંચ્યો અને તે વિચારની કલ્પના માત્રથી શરીરમાં કમકમુ પ્રસરી ગયું. તો બીજી ક્ષણે તેની આંખે અંધારા આવવા લાગ્યાં. ક્યારેય ન અનુભવેલી વિચારોની તનાવ તે અનુભવી રહ્યો હતો. રીવર્સ ગાડીનું હોર્ન બંધ થયું. પાર્ક થઈ ચૂકેલી ગાડીને ત્વરીત બંધ કરી તે ત્વરીત સ્વસ્થતા મેળવવા બન્ને હાથોએ શીરને દબાવી દઈને બે પોતાની આંખો બંધ કરી ચૂક્યો અને તેનાથી બોલી ઊઠાયુ હે ! ભગવાન..... તું શું કરે છે ?

તેણે ગાડીનું ડોર ખોલ્યું તે લાંબી ફલંગ ભરતો બારણા તરફ લગભગ દોડ્યો. ઘરમાં પ્રવેશતાં જ તે પૂરી અસ્વસ્થતાથી ચિત્કારી ઊઠ્યો.... “મા ! મા !....ઓ મા” અંદરના ઓરડામાં માત્ર તેનો અવાજ પ્રસરી રહ્યો હતો એ અવિરત મૌન શાંત સરોવરના જળ જેવું ગમગીન સમગ્ર ઘરમાં પ્રસરી રહ્યું હતું અને એ ભયાનક શાંતિ વચ્ચે અથડાઈ રહ્યો હતો મયુરનો વિહવળ..... લગભગ ફાટી ગયેલો અવાજ.... મા... મા...” મયુરમાં ભયની “મા... લકીરની માત્ર

ધ્રુજારી ફેલાઈ ચુકી હતી. તે કંપતો હતો શરીરમાં કંપતા પર્ણો જેમ... તેની આંખોમાં માના અવિરત વિરહનાં આંસુનાં ઘોડાપૂર ઉભરાઈ રહ્યાં હતાં. તે રસોડુ જોઈ વર્યા તેણે ઘરનો ખૂણે ખૂણો... ઘરની ક્યારેય ના ખૂલતી ઓરડી.... અરે જાજરૂ.... બાથરૂમ વગેરે.... વગેરે સ્થળોએ ફરી વળ્યો હતો. રાત્રિનો અંધકાર ઘરને ઘેરી વળ્યો હતો તો એ અંધકારમાં રોશની ભર્યા શહેરની કહેવાતી સુસંસ્કૃત પ્રજા જી.ટી.વી; સ્ટાર ટી.વી; કાર્યક્રમોમાં મશગુલ બની હતી. એ બહેરા કાન ઉપર મયુરનો ઘરનો ગજવતો અવાજ અથડાવો અસંભવ હતો. કોને ખબર માનવ સંવેદનાને શું થયું છે ? પડોશમાં ક્યારેય ન ખૂલતી એક બારી ખૂલી એ ૪૦-૪૫ વર્ષની પ્રૌઢા બહાર આવી તેને કંઈ નવીન લાગ્યું..... તે બીજે માળથી નીચે ઊતરી મયુરના ઘર પાસે આવી. એ પ્રૌઢાએ મયુરને લાગણીના ભાવ જગતમાં પૂછ્યું..... મયુર શું થયું ?

મયુરની લાગણીને કોઈ સહારો મળ્યો હોય તેમ મયુર વરસતી આંખોને લુછતો નાકના સીફોટા લેતો કહી રહ્યો..... સુહાગીની ભાભી....... "બા ! બા...નથી."

હેં.... શું કહે છે ?....

"હા ભાભી !" મા નથી....." ખરું કહું છું તમને કંઈ શંકા....

"મને અમંગળ વર્તાય છે. મને મારા કર્મોને અટકાવવા મારી દેશ સેવાને નાથવાનું દુશ્મનો એ એક જ શસ્ત્ર હતું અને તે મા."





"ના... મયુર... મને લાગે છે કે કદાચ માધવીને... મળવા...." તમે એક કરો પહેલાં તપાસ તો કરો... . સાંજે પેલો પોલીસવાળો બારણા આગળ ઊભો ઊભો માને કંઈ કહેતો હતો.... લાગે છે કે કદાચ બા અને તે સાથે ગયાં હોય.....

મયુરને એક આશ્વાસન આપતાં એક વિકલ્પ આપતાં સુહાગીની બોલી રહી હતી.....

"મયુર.... પાણી લાવું?"

ના ભાભી.... એક તમે જ માની થોડી ઘણી સંભાળ રાખો છો.... બીજા કોઈને કયાં પડી છે કે પડોશમાં માણસ રહે છે કે પશુ ?

હાં મયુર દુનિયા ખુબ બદલાયેલી છે દરેક સ્વમાં રાચે છે.... કોણ જાણે કેમ મને તો પહેલેથી જ મા પ્રત્યે....

"હા ભાભી તમે કેવાં ભલાં મીઠાં છો ! બધી વાત પછી.... પહેલાં તપાસ તો કરો. શું થયું તે ?" સુહાગીનીએ મયુરને પુનઃ સુચન કર્યું મયુર સ્વસ્થતા મેળવતો બહાર નીકળ્યો. મયુરે પાર્ક કરેલી ગાડી પુનઃ સ્ટાર્ટ કરીને ખુબ ઝડપ ઢાળની પોળ દોડી ગયો.

મધ્યરાત્રિ પસાર થઈ રહી હતી. ઢાળની પોળના નાકે દેકારો મચી ગયો હતો. થોડી મિનિટો પહેલાં માત્ર ૧૦ મિનિટના ચાલેલા ધાણી ફૂટે તેમ અવિરત ગોળી યુદ્ધમાં ચારણી જેમ ગાડી વિંધાયેલી પડેલી હતી. મોતની મહેફિલ માણી ગયા હોય તેમ દુશ્મનો ગીધની

જેમ તૂટી પડ્યા હતા. હજારો માણસોનું ટોળું એકઠું થઈ ગયું હતું. જેમ જેમ સમય જતો હતો તેમ તેમ શહેરમાં વાત ફેલાઈ રહી હતી....'' આતંકવાદીઓ અને સી.આઈ.ડી. ઓફિસર વચ્ચે ભયાનક યુદ્ધ થયું.... ટાયગરે.... મયુરને વિંધી નાખ્યો. ગાડી લગભગ ગોળીઓથી વિંધાઈ ગઈ હતી. લોકોના ટોળામાંથી રસ્તો કરીને પોલીસવાન આવી પહોંચી હતી. આઈ.જી.પી. વધારાના ત્રણ ઈન્સપેકટરો ડોગ સ્કોડ સાથે આવી પહોંચ્યા હતા. તેમની સાથે ખૂબ ત્વરિત ગતિએ મારતી ગાડીએ ગુજરાતના મુખ્યમંત્રી અને બીજા મિનીસ્ટરો આવી પહોંચ્યા હતા. એક વૃદ્ધની લાકડીને ટેકે એ જાજવલ્યમાન સ્ત્રીનો સહારો લઈને ડુસ્કાં લેતા મયુરની ગાડીમાંથી બહાર ખેંચી કાઢેલી લાશ પાસે આવી પહોંચ્યા હતા.

તો વળી બ્હાવરી, બે બાકળી છૂટા વાળવાળી અર્ધપાગલ જેવી આંસુ લૂછતી એક સ્ત્રીને એક પુરુષ પૂરી શક્તિથી પકડી રહ્યો હતો. તેણે મયુરની લોહીતરબોળ વિંધાયેલી લાશને જોઈને ચીસ પાડી.... મયુર ! ઓ મયુર.... ! એ સ્ત્રી તેને પકડી રાખેલા પુરુષ દુશ્યંત પાસેથી છૂટીને મયુરની લાશને વળગી પડી. ભયાનક કલ્પાંત કરવા લાગી. તેનો ચહેરો તેના હાથ મયુરના લોહીથી રંગાઈ ગયા હતા. તેણે તેજ લોહીવાળા હાથથી પોતાના છૂટા વાળને સરખા કર્યા. બીજી ક્ષણોએ આઈ.જી.પી. એ પોલીસ વાળાઓને હુકમ કર્યો ''આ બહેનને બાજુ પર લઈ જાઓ !....'' બધાની આંખોમાં આંસુ વહી રહ્યાં હતાં.





બીજા ઘાયલો, ગજુને સીવીલમાં ત્વરીત ખસેડવામાં આવ્યા હતા. મયુરની સાથે પડેલી તેની માની લાશને સુહાગીની કફન ઓઢાડી રહી હતી તો બીજી તરફ મયુરની લાશને કફન ઓઢાડી રહેલા દુશ્યંત હાથમાંથી કફનને એક અંતિમ પ્રેમભીનું ચુંબન મયુરના ગાલ પર અર્પી દીધું અને તેના ચહેરાને કફનમાં ઢાંકી દીધો. તે જ સાથે એક નારે તેનાથી બોલાઈ ગયો. રડતા અવાજે ''ભારત માતાકી જય...

એ-૧ મયુર..... જીંદાબાદ

એ-૧ મયુર..... અમર રહો.....

એ નારો સમગ્ર માનવ સમુદાય પોકારી રહ્યો હતો.....

''ભારત માતા કી જય.....

એ-૧ મયુર..... જીંદાબાદ

એ-૧ મયુર..... અમર રહો.....

વહેલી સવારના ૫ વાગ્યાના સમયે મયુરની અને તેની માતાની સ્મશાનયાત્રા પૂરા માન-મરતબા સાથે મયુરના એ જર્જરીત નિવાસસ્થાનેથી નીકળી. હજારો લોકો આ સ્મશાન યાત્રામાં જોડાયા હતા. હજારો લોકોની આંખો માતા-પુત્રની વિદાયથી રડી રહી હતી. મયુરની સબવાહીની આગળ ગુજરાતના મુખ્યમંત્રી હતા તો તેમની પાસે માધવી અને પંડીત કાકા હતા. સવારના ૧૦ના સમયે સાબરમતીને કિનારે એ ચિતા સળગે તે પહેલાં પોલીસ બેન્ડની

સલામતી હવામાં ગાજી રહી હતી. અગ્નિદાહ દેતી માધવીનો ચહેરો કોઈ અગમ્ય ભાવથી ધગધગી રહ્યો હતો. તેની બંધ આંખોમાંથી સરકી ગયેલાં બે મોતી જેવાં આંસુ કહી રહ્યાં હતાં..... મયુર..... અલવિદા..... આવતે જન્મ પણ સાથે મળીશું..... પ્રેમભીનાં આપણે.....'' માધવી બેહોશ બની ગઈ. તેની બાજુમાં ઊભેલાં દુશ્યંતે અને સુહાગીની ભાભીએ સંભાળી લીધી.... એ બેહોશી..... સતત ચાલી નીકળી હોય અનંત યાત્રાએ આ શરીરમાં માત્ર ધબકતી રહીને.

**⊗ સમાપ્ત ⊗**